80માં
સ્વાતંત્ર્ય દિવસની
હાર્દિક શુભેચ્છા

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 33.00 | 27.00 |
| વડોદરા | 32.00 | 27.00 |
| સુરત | 30.00 | 27.00 |



પેજ 5
1 લાખ કરોડના ખર્ચે ભારતીય વાયુસેનામાં 60 નવા ટ્રાન્સપોર્ટ વિમાન સામેલ...


15 AUGUST-2026 SATURDAY


અમેરિકાના ડ્રોન ટેરિફથી ચીનને મોટો આઘાત



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 78009.25 | ▼ | 70.71 |
| નિફ્ટી | 24366.00 | ▼ | 29.85 |
| સોનું | 154586.00 | ▲ | 1120.00 |
| ચાંદી | 237071.00 | ▲ | 1624.0 |


વર્ષ-15 । અંક-272 । વિક્રમ સંવત-2082 । શ્રાવણ સુદ - 03 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક



GOVT. OF PUNJAB

80માં
# સ્વતંત્રતા દિવસ
## ના અવસર પર તમામ દેશવાસીઓને હાર્દિક શુભકામનાઓ

"અમે પંજાબીઓ દેશની રક્ષા માટે પોતાની જાનો કુરબાન કરવા માટે હંમેશાં અગ્રીમ હરોળમાં ઊભા રહ્યા છીએ.

અમે પંજાબીઓ આપણી મહેનતથી દેશનું પેટ ભરતા આવ્યા છીએ અને અન્ન ભંડારમાં લગભગ 35 ટકા યોગદાન આપતા રહ્યા છીએ.

1947થી જ પંજાબે ગર્વ સાથે દેશની સીમાઓની રક્ષા કરવાની સાથે-સાથે દેશનું પેટ ભરવાની જવાબદારી નિભાવી છે.

પંજાબની સેવા કરવાનો અવસર મળવો એ મારા માટે વાસ્તવમાં ગર્વ અને સૌભાગ્યની વાત છે."



**ભગવંત સિંહ માન**
મુખ્યમંત્રી, પંજાબ

સૂચના અને લોક સંપર્ક વિભાગ, પંજાબ

# 'ઓપરેશન સેવા': આરપીએફ અમદાવાદે બે સગીર છોકરીઓને સુરક્ષિત બચાવી, બે આરોપીની ધરપકડ કરવામાં આવી

'ઓપરેશન સેવા' અંતર્ગત ઝડપી અને સંકલિત કાર્યવાહી હાથ ધરીને, રેલવે સુરક્ષા દળ(આરપીએફ) અમદાવાદ મંડળે જોધપુરથી કથિત રીતે અપહરણ કરાયેલી બે સગીર છોકરીઓને અમદાવાદ રેલવે સ્ટેશન પરથી સફળતાપૂર્વક સુરક્ષિત બચાવી લીધી હતી. આ કેસમાં સંડોવાયેલા બે આરોપીઓની પણ ધરપકડ કરવામાં આવી છે. 13 ઓગસ્ટ 2026ના રોજ, આરપીએફ અમદાવાદને પોલીસ સ્ટેશન કુડી ભગતાસની (જોધપુર શહેર) તરફથી બે ગુમ થયેલી સગીર છોકરીઓ અંગે માહિતી મળી હતી, જેમણે ટ્રેન મારફતે મુસાફરી કરી હોવાની આશંકા હતી. માહિતી મળતાં જ આરપીએફ નિરીક્ષક (IPF/ADI) દ્વારા તાત્કાલિક એક વિશેષ ટીમની રચના કરવામાં આવી હતી. ટીમમાં સબ-ઈન્સ્પેક્ટર (SI) સોનુ કુમાર, આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર (ASI) રિતેશ યાદવ તેમજ અન્ય આરપીએફ કર્મચારીઓ સામેલ હતા. આરપીએફ ટીમે અમદાવાદ રેલવે સ્ટેશન પર ટ્રેન સંખ્યા 20693 જોધપુર-કેએસઆર બેંગલુરુ એક્સપ્રેસની ચેકિંગ દરમિયાન એક સગીર છોકરીને ઓળખી કાઢી હતી. છોકરી સાથે રહેલા એક વ્યક્તિએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આરપીએફ ટીમે તેનો પીછો કરીને તેને ઝડપી લીધો હતો.આરોપીએ પકડાય તે પહેલાં પોતાનો મોબાઈલ ફોન (જેમાં મેસેજ અને કોલ રેકોર્ડ ડિલીટ કરવામાં આવ્યા હતા) ટ્રેન માંથી બહાર ફેંકી દીધો હતો.. બાદમાં આ મોબાઈલ ફોન



નડિયાદ રેલવે સ્ટેશન પરથી સફળતાપૂર્વક મળી આવ્યો હતો.



આર પી એફ કર્મચારીઓએ જપ્ત કરાયેલા મોબાઈલ ફોનમાંથી જરૂરી ડેટા

રિસ્ટોર કરીને બીજા આરોપીના મોબાઈલ નંબરની માહિતી મેળવી હતી. જોધપુર પોલીસના સહયોગથી તેની લાઈવ લોકેશન ટ્રેસ કરવામાં આવી હતી. આ આધારે બીજા આરોપીને બીજી સગીર છોકરી સાથે અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 1 પરથી ઝડપી લેવામાં આવ્યો હતો.પ્રાથમિક પૂછપરછ દરમિયાન આરોપીઓએ કબૂલ્યું હતું કે તેમણે સોશિયલ મીડિયા અને ગેમિંગ પ્લેટફોર્મ મારફતે સગીર છોકરીઓ સાથે મિત્રતા કરી હતી અને તેમને તેમના ઘરેથી લઈ આવીને જોધપુર રેલવે સ્ટેશનથી બેંગલુરુ લઈ જવાની યોજના બનાવી હતી. આરોપીઓના મોબાઈલ ફોનમાંથી "આર્યન" નામનું બનાવટી ઈ-આધાર કાર્ડ તેમજ સગીર છોકરીઓના આધાર કાર્ડની તસવીરો પણ મળી આવી છે.આરોપીઓની ઓળખ બેંગલુરુના રહેવાસી આકિબ અન્સારી (ઉંમર 24 વર્ષ) અને સૈયદ ઈબ્રાહિમ તરીકે થઈ છે. DRM અમદાવાદ શ્રી વેદ પ્રકાશે જણાવ્યું: "રેલવેમાં મુસાફરો, ખાસ કરીને બાળકો અને મહિલાઓની સુરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. RPF ટીમે માહિતી મળતાની સાથે જ જે તત્પરતા, સતર્કતા અને સંકલન સાથે કાર્યવાહી કરી તે પ્રશંસનીય છે. ડિજિટલ ટેક્નોલોજી અને સુરક્ષા એજન્સીઓના અસરકારક સંકલનથી બંને સગીર બાળાઓને સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરવામાં આવી. રેલવે પરિસરમાં કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ સામે અમારી સુરક્ષા વ્યવસ્થા સંપૂર્ણપણે સતર્ક છે."

# કલોલના દંતાલીમાં ગેરકાયદે ગેસ રિફિલિંગ કૌભાંડનો પર્દાફાશ થયો

ગાંધીનગર | કલોલ તાલુકાના દંતાલી ગામની સીમમાં કોઈપણ સુરક્ષા સાધનો કે પરવાનગી વગર ચાલતા ગેરકાયદે ગેસ રિફિલિંગના રેકેટનો સાંતેજ પોલીસે પર્દાફાશ કર્યો છે. રહેણાંક અને ખેતી વિસ્તાર નજીક આવેલા શેડમાં જ્વલનશીલ રાંધણ ગેસના બોટલોમાંથી જોખમી રીતે નાની બોટલોમાં ગેસ ભરવામાં આવતો હતો. પોલીસે દરોડો પાડીને સ્થાનિક અને રાજસ્થાનના છ આરોપીને ઝડપી પાડી રૂ.12.83 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે.

સાંતેજ પોલીસ મથકના પીઆઈ એસ.આર. ચૌધરીની ટીમ પેટ્રોલીંગમાં હતી, તે દરમિયાન દંતાલી ગામની સીમમાં આવેલા ચેતન શર્માના પાકા શેડમાં ગેસનું ગેરકાયદે રિફિલિંગ થતું હોવાની ચોક્કસ બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને સંજયકુમાર નાનુભાઈ ડાભી, કિશોર બાબુભાઈ ઠાકોર, મહેન્દ્ર નારાયણરામ બિશ્નોઈ, કૈલાશ બિશ્નોઈ, સુનીલ સબુરામ બિશ્નોઈ અને દિનેશ માલારામ બિશ્નોઈને રંગેહાથ ઝડપી લીધા હતા.

આરોપીઓ ઈન્ડિયન ઓઈલ, ભારત ગેસ અને એચપી ગેસ કંપનીના 19 કિલો તથા 14.2 કિલોના મોટા કોમર્શિયલ અને ઘરગથ્થુ સિલિન્ડરોમાંથી ઈલેક્ટ્રિક મોટર પંપ, હીટિંગ ગન અને પાઈપો વડે 5 કિલોના નાના બોટલોમાં ગેસ રિફિલ કરતા હતા. ત્યારબાદ તેના પર બોગસ સીલ અને કેપ લગાવી બજારમાં ઊંચા ભાવે વેચતા હતા. કોઈ પણ ફાયર સેફ્ટી વગર આ કામગીરી કરાતી હોવાથી મોટી હોનારત સર્જાવાની ભીતિ હતી.

## સરકાર જનરક્ષક પાયલોટો સાથે સંવાદ કરે, યોગ્ય પગાર આપે: ડો. કરન બારોટ AAP

# નોકરી મળવા અને ઓર્ડર મળવા વચ્ચેના 6-8 મહિના સુધી જનરક્ષક પાયલોટો બેરોજગાર રહે છે: ડો. કરન બારોટ

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી અને પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડો કરન બારોટે પત્રકાર પરિષદને સંબોધિત કરતા જણાવ્યું હતું કે જ્યારે કોઈપણ પરિવારના સભ્યને પોલીસ વિભાગમાં નોકરી મળે છે, ત્યારે એ ખૂબ જ ગૌરવ અને જવાબદારીપૂર્વકનું પદ ગણાય છે. એવી નોકરીથી પરિવારમાં સ્થિરતા આવે છે, નિયમિત પગાર અને ભથ્થાં મળે છે, મેડિકલ સુવિધાઓ અને સરકારી લાભો પ્રાપ્ત થાય છે. પોલીસ વિભાગમાં કામ કરતી વ્યક્તિ ગુજરાત અને દેશની જનતાની સુરક્ષા તથા રક્ષણ કરે છે. પરંતુ આ જ પોલીસ વિભાગમાં એક એવો પણ હિસ્સો છે, જેમના વિશે આજે મારે વાત કરવી છે અને તે છે '૧૧૨ જનરક્ષક પાઈલટ'. ગુજરાતની જનતાને પ્રેસવાર્તાના માધ્યમથી ડૉ. કરણ બારોટે જણાવ્યું કે, આ એ જ પાઈલટો છે જે સમગ્ર ગુજરાતમાં પોલીસની ગાડીઓ ચલાવે છે, જનતાની રક્ષા કરે છે અને વિષમ પરિસ્થિતિમાં સમયસર પહોંચીને લોકોની મદદ કરે છે. આ ૧૧૨ જનરક્ષક પાઈલટો દિવસ-રાત ૨૪ કલાક ગુજરાતની જનતાની સેવામાં કાર્યરત રહે છે. પરંતુ અફસોસની વાત એ છે કે આ પાઈલટોને સરકારી નોકરીના તમામ લાભો નથી મળતા. એમની માંગણી બસ એટલી જ છે કે તેઓ યોગ્ય રીતે પોતાનું જીવનનિર્વાહ કરી શકે તેટલો પગાર મળે અને ટ્રાન્સફર વખતે સમયસર ગાડી મળે. સૌથી મોટી સમસ્યા એ છે કે જ્યારે તેમની ભરતી કરવામાં આવે છે, ત્યારે નોકરીની પસંદગી અને મંજૂરીનો ઓર્ડર મળવા વચ્ચે છ થી આઠ મહિનાનો વિલંબ થાય છે. આ સમયગાળા દરમિયાન તેમને બેરોજગાર રહેવું પડે છે અને ઉછીના પૈસા લઈને જીવન જીવવું પડે છે. એક વર્ષ પહેલાં પણ ૧૨૦૦થી વધુ પાઈલટો એવા હતા જેમને પસંદગી પામ્યા પછી પણ આઠ-આઠ મહિના સુધી ઓર્ડર મળ્યો નહોતો. આ મુદ્દો મેં વારંવાર સરકાર સમક્ષ રજૂ કર્યો હતો. આજે ફરીથી




૧૧૨ જનરક્ષક પાઈલટોના આ પ્રશ્નને મીડિયાના માધ્યમથી ગુજરાતની જનતા સામે મુકવા આવ્યો છું. ડૉ.કરન બારોટે વધુમાં જણાવ્યુ હતુ કે આજે હું મીડિયા મિત્રો અને ગુજરાતની જનતાને પૂછવા માંગુ છું કે ૨૦,૦૦૦ જેટલા મર્યાદિત પગારમાં આજના જમાનામાં મહિનાનો ખર્ચ કેવી રીતે કાઢવો અને પરિવારનું ભરણપોષણ કેવી રીતે કરવું? અગાઉ આ ૧૧૨ જનરક્ષક પાઈલટો 12 કલાક સુધી સતત ગુજરાતની જનતા માટે ડ્યૂટી કરતા હતા. ત્યારબાદ નોકરીના કલાકો ૧૨માંથી ઘટાડીને 8 કલાક કરવામાં આવ્યા, એ નિર્ણાયક પગલાનો વાંધો નથી, પરંતુ કલાકો ઘટાડવાની સાથે તેમનો પગાર ૨૦,૦૦૦થી ઘટાડીને ૧૪,૦૦૦ની આસપાસ કરી દેવામાં આવ્યો! જે લોકો ૨૦,૦૦૦માં માંડ જીવન નિર્વાહ કરી શકતા હતા, તેઓ ૧૪,૦૦૦માં પરિવાર કેવી રીતે ચલાવશે? એ એક મોટો પ્રશ્ન છે. પોલીસ વિભાગનું નામ પડે એટલે લોકોમાં એક માન-સન્માનની લાગણી હોય છે, પરંતુ આ જ વિભાગમાં રહીને જે પાઈલટો 'જનરક્ષક' બનીને દિવસ-રાત જનતાની સેવા માટે દોડે છે, તેમની રક્ષા માટે આજે કોણ ઊભું છે? પૂર્વ જાણ કર્યા વગર જૂન મહિનાનો પગાર વધારા સાથે પાઈલટોના ખાતામાં જમા થયો, અને જુલાઈના પગારમાં પણ જૂન મહિનાની રકમ સરભર કરવાના નામે કપાત કરવામાં આવી. આ અચાનક થયેલી કાપાકાપીને કારણે આજે આ પાઈલટો ભારે આર્થિક સંકટમાં મુકાઈ ગયા છે.

જે પાઈલટો આખા ગુજરાતની રક્ષા કરે છે, તેમના આર્થિક સંકટ સમયે તેમની રક્ષા કોણ કરશે? મારે સરકારને કહેવું છે કે, તમે સરકારી મહોત્સવો કરો છો, મોટા-મોટા બેનર-પોસ્ટર પાછળ કરોડો રૂપિયા વાપરો છો અને સરકારી કાર્યક્રમોમાં મોંઘી વાનગીઓ તથા કાજુ કતરીના નામે હજારો-કરોડોનો ખર્ચ થાય છે. પરંતુ જે Gen-Z અને યુવાનો દેશ સેવા માટે ડાયલ ૧૧૨ સેવાઓમાં રાત-દિવસ કામ કરી રહ્યા છે, તેમની સાથે સંવાદ કરવા માટે સરકાર પાસે સમય કેમ નથી? આ યુવાનોને આર્થિક તકલીફમાંથી બહાર કોણ લાવશે? આ ડાયલ ૧૧૨ જનરક્ષક પાઈલટોની જ્યારે એક જગ્યાએથી બીજી જગ્યાએ ટ્રાન્સફર થાય છે, ત્યારે લાંબા સમય સુધી ગાડી ન મળવાને કારણે તેઓ બેરોજગાર બેસી રહેવા મજબૂર બને છે. તે સિવાય ૧૨,૦૦૦ ભરાવીને ટ્રેનિંગ પૂરી કરાવ્યા બાદ પણ તેમને નોકરી પર રાખવામાં વિલંબ કરવામાં આવે છે. આ પાઈલટો પોલીસ વિભાગમાં પાયાના પથ્થર બનીને કામ કરે છે અને ઓવરવોચ (નજર) રાખીને ગુજરાતની સુરક્ષા સુનિશ્ચિત કરે છે. તેઓ સરકાર પાસે કોઈ દયા કે ઉપકાર નથી માગતા, પણ પોતાનો હક્ક અને ન્યાય માગે છે. આમ આદમી પાર્ટી વતી હું સરકારને વિનંતી કરું છું કે, જે રીતે સરકાર યુવા સંવાદ અને Gen-Z સંવાદના કાર્યક્રમો કરે છે.

# ગુજરાતમાં જંગલ રાજ છે એ હું નહીં પરંતુ કેન્દ્ર સરકારના આંકડા કહે છે: મનોજ સોરઠીયા




અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ એક ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે ગુજરાતમાં જંગલરાજ ચાલે છે અને આ હું નથી કહેતો કારણ કે આ વાત કેન્દ્ર સરકારના આંકડાઓએ જાહેર કરી છે. ગુજરાતમાં દર વર્ષે 30 હજાર જેટલા કેસો વધી રહ્યા છે. 2022 માં 1 લાખ 30 હજાર કેસો નોંધાયા હતા, 2023 માં 1 લાખ 75 હજાર કેસો નોંધાયા, 2024 માં 1,62,000 કેસો નોંધાયા. મતલબ કે ગુજરાતમાં લોકો કાયદો અને વ્યવસ્થાને લઈને ત્રાહિમામ પોકારી ચુક્યા છે. ધોળા દિવસે લૂંટ, ખૂન, બળાત્કાર, ચીટીંગ, સાઈબર ક્રાઈમની ઘટનાઓ ઘટી રહી છે અને ગુનેગારોને સરકારનો કે પોલીસનો ડર નથી. એક સમયે કહેવાતું હતું કે બહેન દીકરીઓ રાત્રે પણ આરામથી ફરવા જઈ શકે છે એટલું સુરક્ષિત ગુજરાત હતું અને આજે ધોળા દિવસે પણ દીકરીઓ બહાર નીકળે તો માં - બાપને ડર લાગે છે. કેટલીય ફરિયાદો તો પોલીસ સ્ટેશનમાં નોંધાતી જ નથી. ભાજપના ગુનેગારોની સામે ફરિયાદ નોંધાતી નથી. ચેન સ્નેચિંગ, નાની મોટી ચોરીની ઘટના તો ચોપડે નોંધાતી જ નથી. હાલ જે આંકડા જણાવ્યા એ ગંભીર ગુનાઓના આંકડા છે અને કેન્દ્ર સરકારે જાહેર કર્યું છે કે આ ડબલ એન્જિનની સરકાર ફેલ છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, એક સમયના સુખી, સમૃદ્ધ અને સુરક્ષિત ગુજરાતને આ સ્થિતિમાં પહોંચાડવાનું કામ ભાજપ સરકારે કર્યું છે કારણ કે ભાજપે પોતાની સત્તા ટકાવી રાખવા પોલીસનો ઉપયોગ કર્યો છે. લોકો પર લાઠીચાર્જ કરવો, વિરોધીઓનો અવાજ દબાવવો, સોશિયલ મીડિયા પર કોઈ સરકાર વિરુદ્ધ કંઈ લખે તો તેના પર કાર્યવાહી કરવી, દારૂના અડ્ડાઓ ચલાવવા, ડ્રગ્સની ડિલિવરી કરવી, આવા તમામ કામ ભાજપ પોલીસ પાસે કરાવે છે. પોલીસ પાસે લોકોની સુરક્ષાનું નહિ પરંતુ લોકોને ડરાવવાનું કામ છે એ ભાજપ પોલીસ પાસે કરાવી રહી છે. એટલા માટે ગુજરાતની આ પરિસ્થિતિ થઈ છે. ગૃહમંત્રી હર્ષ સંઘવી ફાંકા ફોજદારી કરીને આખા દેશમાં રીલ બનાવતા ફરે છે પણ ગુજરાતની જવાબદારી જે લોકો પર છે એમાં તેઓ ફેલ ગયા છે. આ લોકોના મગજમાં સત્તાનો નશો ચડેલો છે માટે એ લોકોને કહેવાનો કોઈ મતલબ નથી તો ગુજરાતી જનતાને અમે વિનંતી કરીએ છીએ કે હવે જાગવાની જરૂર છે અને લોકતંત્રની રક્ષા કરીએ અને આ તાનાશાહોને ઘર ભેગા કરવાનું કામ કરીએ.

## News Brief

# નારોલ ગુજરાતી શાળા નંબર 1/2 ફરી વિવાદમાં આવી...

અમદાવાદ | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્કૂલ બોર્ડ સંચાલિત નારોલ ગુજરાતી શાળા નંબર 1/2 ફરી એકવાર વિવાદમાં આવી છે. શાળાના બાળકો પાસે કામ કરાવવામાં આવતું હોય તેવો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં શિક્ષણ તંત્ર સામે ગંભીર સવાલો ઊભા થયા છે. આ મામલે કોંગ્રેસ દ્વારા નારોલ પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપીને જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી અને સસ્પેન્શનની માંગ કરવામાં આવી છે.

નારોલ શાળા નંબર 1/2 ના ગેટ પાસે 5થી 6 જેટલા વિદ્યાર્થીઓ શાળાના ડ્રેસમાં જ પક્કડ અને ડિસમિસ જેવા સાધનો વડે જાળી ફિટ કરવાની મજૂરી કરતા વીડિયોમાં કેદ થયા છે. સ્થાનિકો અને નેતાઓ દ્વારા પૂછપરછ કરવામાં આવતાં બાળકોએ જણાવ્યું હતું કે 'સરે કામ કરવાનું કહ્યું હતું'. ઉલ્લેખનીય છે કે, આ ઘટનાના એક દિવસ પહેલા જ શાળાના બાળકો લીલ જામેલી ટાંકીમાંથી ગંદુ પીવાનું પાણી પીતા હોય અને હલકી ગુણવત્તાનું ભોજન આપવામાં આવતું હોય તેવો વીડિયો પણ વાયરલ થયો હતો. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી રાજેશ સોનીએ આ મામલે તીખી પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, સરકાર એક તરફ બાળમજૂરી નાબૂદીની વાતો કરે છે અને બીજી તરફ મનપાની પોતાની જ શાળાઓમાં 8 થી 10 વર્ષના નિર્દોષ બાળકો પાસે મજૂરી કરાવવામાં આવી રહી છે. 'શાળાનો ગણવેશ પહેરીને કયા મજૂરો કામ કરવા આવે?' તેવો સવાલ ઉઠાવી તેમણે AMC ની સ્માર્ટ સ્કૂલોના દાવાઓ સામે વરવી વાસ્તવિકતા ઉજાગર કરી છે. બાળમજૂરી કરાવવા બદલ નારોલ પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપવામાં આવી છે તેમજ મ્યુનિસિપલ કમિશનર પાસે તમામ બેજવાબદાર અધિકારીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાની માંગ કરાઈ છે.

# બે ઠગબાજોએ 11 રાજ્યના 21 હજારથી વધુ લોકોને ખંખેર્યા

અમદાવાદ | ગુજરાતના 41 સહિત દેશના 11 રાજ્યના તિરુપતિથી લઈ સોમનાથ સહિતના ધાર્મિક સ્થળોની હોટલ, ધર્મશાળા, આશ્રમની 126 બોગસ વેબસાઈટ બનાવી લોકોને ખંખેરતા બે શખસો ઝડપાયા છે.

ગુજરાત સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની તપાસમાં આરોપીઓએ અત્યાર સુધીમાં દેશભરના 21,985 લોકો સાથે છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું. આરોપીઓ AIની મદદથી વિવિધ પ્રવાસન સ્થળના ફોટોનો ઉપયોગ કરીને બોગસ વેબસાઈટ બનાવતા અને પ્રવાસીઓ પાસેથી એડવાન્સ બુકિંગના નામે ડીપોઝીટ મેળવી છેતરપિંડી કરતા.

આ સ્કેમનો માસ્ટરમાઈન્ડ બીટેક થયેલો વિકી ગુપ્તા છે. તેણે ટેક્નિકલ નોલેજનો ઉપયોગ કરી બોગસ વેબસાઈટો તૈયાર કરી હતી. આરોપીઓ દેશના વિવિધ ધાર્મિક સ્થળો પર આવેલી હોટલ, ધર્મશાળા, આશ્રમની વેબસાઈટ જેવી જ AI ફોટોની મદદથી વેબસાઈટ તૈયાર કરતા. પ્રવાસી જ્યારે રૂમ બુકીંગ માટે સંપર્ક કરે ત્યારે એડવાન્સ બુકીંગ માટે પૈસા મેળવી લેતા. પ્રવાસી જ્યારે હોટલ કે ધર્મશાળા પર પહોંચે ત્યારે તેઓને છેતરાયાનું માલૂમ પડતું. આરોપીઓની પૂછપરછમાં અને તપાસમાં દેશભરના 21,985 લોકો છેતરાયા હોવાનું સામે આવ્યું છે. બોગસ વેબસાઈટથી છેતરપિંડીની કૂલ 70 ફરિયાદો નોંધાઈ છે.

# DCP નકુમની તાત્કાલિક બદલી થવી જોઈએ : આરોપીઓને માર મારવા મુદ્દે સુનાવણી...

અમદાવાદ | સુરતમાં 13 જુલાઈએ DCP રાજદીપસિંહ નકુમે આરોપીઓને જાહેરમાં માર મારવા તથા તેમનું સરઘસ કાઢવા મામલે ગુજરાત હાઈકોર્ટમાં સુઓમોટો પર આજે(14 ઓગસ્ટ) સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં કડક વલણ અપનાવતાં હાઈકોર્ટે કહ્યું કે, ઘટનામાં સામેલ ડીસીપી એક ઉચ્ચ અધિકારી હોવાથી તેમને તે જ હોદ્દા પર રાખીને નિષ્પક્ષ તપાસ થઈ શકે નહીં, જેથી તાત્કાલિક તેમની બદલી કરવી જોઈએ. સરકારી વકીલે હાઈકોર્ટને વિનંતી કરી હતી કે, કોર્ટ આ અંગે હુકમમાં કોઈ નોંધ ન લે, સરકાર સ્વયં ગંભીરતા સમજીને યોગ્ય કાનૂની અને વહીવટી પગલાં લેશે. આગામી શુક્રવારે સરકાર દ્વારા લેવાયેલાં પગલાં અંગે રિપોર્ટ રજૂ કરવામાં આવશે. હાઈકોર્ટે સરકારી વકીલની આ રજૂઆત ગ્રાહ્ય રાખીને વધુ સુનાવણી આગામી શુક્રવાર પર મુલતવી રાખી છે. સરકારી વકીલે રજૂઆત કરી કે ડીજીપીના આદેશથી સુરત પોલીસ કમિશરે એડિશનલ સીપી (ક્રાઈમ)ને આ ઘટનાની તપાસ સોંપી છે અને વીડિયોમાં દેખાતા લોકોના નિવેદનો લેવાઈ રહ્યા છે. તેના પર હાઈકોર્ટે ટકોર કરી કે, આ માત્ર પ્રાથમિક તપાસ છે. ડીસીપી ઘટનાસ્થળે હાજર હતા અને વીડિયો વાઈરલ થયા હોવાથી ઘટનાનો ઈનકાર થઈ શકે નહીં. જો અધિકારી તે જ જગ્યા પર રહેશે તો નીચેના કર્મચારીઓ તેમની વિરુદ્ધ બોલી શકશે નહીં. કોર્ટ મિત્રએ જણાવ્યું કે, આ સબંધે અગાઉ બે સર્ક્યુલર નીકળ્યા છે. એક 2019નો છે, જેમાં આરોપીઓને દોરડાથી બાંધવા, સરઘસ કાઢવું, હાથકડી પહેરાવવી, જનતા સામે દેખાડો કરવો વગેરે ઉપર પ્રતિબંધ છે.

# લીમખેડા ખાતે ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ



દિપક રાવલ દાહોદ લીમખેડા

દેશભક્તિ અને રાષ્ટ્રપ્રેમની ભાવનાને વધુ પ્રબળ બનાવવા માટે લીમખેડા ખાતે સાંસદસભ્ય અને પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી જસવંતસિંહ ભાભોર સાહેબ ની આગેવાની માં તિરંગા યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. યાત્રામાં ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ ભાભોર , મહામંત્રી શ્રી અનિલભાઈ શાહ, ભરતભાઈ ભરવાડ , સહિત સરપંચો ,તાલુકા પંચાયત સભ્યશ્રીઓ , અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, યુવાનો તથા નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.હાથમાં તિરંગો લઈને ભારત માતાના જયઘોષ સાથે યાત્રા શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ હતી. સમગ્ર વાતાવરણ દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું.યાત્રા દરમિયાન "ભારત માતા કી જય", "વંદે માતરમ્" જેવા દેશભક્તિના નારાઓથી સમગ્ર વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો. ઉપસ્થિત સૌએ રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને ગૌરવ જાળવવાનો સંકલ્પ કર્યો હતો.

# ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું અમરેલીમાં આગમન

અમરેલી | દેશના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ભવ્ય ઉજવણી આ વર્ષે અમરેલી ખાતે યોજાઈ રહી છે. આ ગૌરવવંતા રાષ્ટ્રીય ઉત્સવના પૂર્વ દિને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સવારે અમરેલી પધારી, નગરદેવ સમાન પૌરાણિક શ્રદ્ધાધામ શ્રી નાગનાથ મહાદેવ મંદિરે શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ શ્રી નાગનાથ મહાદેવના દર્શન કરી મંત્રોચ્ચાર અને શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે પૂજા-અર્ચના તથા જળાભિષેક કર્યો હતો. તેમણે સમગ્ર ગુજરાતના નાગરિકોની સુખ, શાંતિ અને સમૃદ્ધિ તેમજ રાજ્યની ઉત્તરોત્તર પ્રગતિ માટે શ્રદ્ધાપૂર્વક પ્રાર્થના કરી હતી.આ પ્રસંગે શ્રી નાગનાથ મહાદેવ દેવસ્થાન સંસ્થાનના ટ્રસ્ટીશ્રીઓ દ્વારા મુખ્યમંત્રીશ્રીનું મોમેન્ટો અર્પણ કરીને સન્માનપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું. દર્શન દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ મંદિર પરિસરમાં ઉપસ્થિત શ્રદ્ધાળુઓ અને દર્શનાર્થીઓ પ્રત્યે આત્મીયતા દર્શાવી અત્યંત સાદગી અને સ્નેહસભર ભાવે ભાવિકો સમક્ષ શ્રદ્ધાભેર 'મહાદેવ... મહાદેવ' નો નાદ કરી અભિવાદન કર્યું




હતું. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીની સાથે કેબિનેટ કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, ઊર્જા રાજ્ય મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા સહિત પદાધિકારીશ્રીઓ, સ્થાનિક જનપ્રતિનિધિઓ તેમજ કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજ, પોલીસ વડા શ્રી સંજય ખરાત સહિત જિલ્લા વહીવટી તંત્રના વરિષ્ઠ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કલ્યાણપુરના રાણ ગામે મહાકાય મગર દેખાતા લોકોમાં ફફડાટ

કલ્યાણપુર | કલ્યાણપુર તાલુકાના રાણ (લીંબડી) ગામના વાડી વિસ્તારમાં એક મહાકાય મગર આવી ચડતા સ્થાનિકોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. આ ઘટના ડેરાજભાઈ ગઢવીની વાડીમાં બની હતી.મગર દેખાયાની જાણ થતા વાઈલ્ડ લાઈફ વોર્ડન અને રેન્જ ફોરેસ્ટ ઓફિસર જી.એન. ભાટિયા મેડમને કરવામાં આવી હતી. તેમણે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી.માહિતી મળતા જ રેન્જ સ્ટાફના પી.જી. નાંદાણીયા, બી.એમ. ચૌહાણ અને પ્રેરણા ફાઉન્ડેશન સંચાલિત ગણેશગઢની જીવદયા હોસ્પિટલની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી.આ ટીમે સંયુક્ત રીતે મગરનું સફળતાપૂર્વક રેસ્ક્યુ ઓપરેશન પાર પાડ્યું હતું.

**નામ બદલેલ છે**

મારુ જૂનું નામ :- **હાર્દિક અશોક પટેલ** હતું જે બદલીને નવું નામ:- **હાર્દિકકુમાર અશોકભાઇ પટેલ** રાખેલ છે.જેની નોંધ લેવી.

**લી. હાર્દિકકુમાર અશોકભાઇ પટેલ**

**સરનામું :-** ૪૨૮૧/૧, મોહનદયાલ હોસ્પિટલ પાસે , દમણી ઝાંપા, પારડી, તા: પારડી, ડી: વલસાડ, ગુજરાત-૩૯૬૧૨૫

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી બોટાદ જિલ્લાની બે દિવસીય મુલાકાતે : બોટાદના ટાટમ ગામે 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત રાજ્યપાલશ્રીએ વૃક્ષારોપણ કર્યું

અમદાવાદ | ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના ટાટમ ગામની મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો.વરસાદી અમીછાંટણાં વચ્ચે રાજ્યપાલશ્રીનું ટાટમ ગામે ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જિલ્લા પંચાયત પ્રમુખશ્રી, ધારાસભ્યશ્રીઓ મહંતશ્રી શંભુનાથ ટુંડિયા અને શ્રી ઉમેશ મકવાણા, જિલ્લા કલેક્ટરશ્રી હર્ષદ વોરા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તેમજ ટાટમ ગામના સરપંચશ્રીએ રાજ્યપાલશ્રીનું આત્મીય સ્વાગત કર્યું હતું.



રાજ્યપાલશ્રીએ પીપળાના છોડનું વાવેતર કર્યું હતું. આ પ્રસંગે ગ્રામજનો દ્વારા મોટી સંખ્યામાં સામુહિક વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સમગ્ર ગામના લોકોએ ઉત્સાહપૂર્વક અભિયાનમાં સહભાગી બની પર્યાવરણ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ ભાવુક અનુરોધ કરતાં જણાવ્યું હતું કે, માતાના નામે રોપાયેલું એક પણ વૃક્ષ મરવું ન જોઈએ. વૃક્ષો માત્ર મનુષ્યને જ નહીં, પરંતુ અસંખ્ય જીવોને જીવન આપે છે. વૃક્ષોથી ઓક્સિજન, ફળ-ફૂલ, ઔષધિઓ અને પંખીઓ માટે આશ્રય સહિત અનેક અમૂલ્ય ભેટો મળે છે. માનવજીવન પૂર્ણ થયા બાદ પણ વૃક્ષો સમાજ માટે ઉપયોગી બની રહે છે. તેથી વૃક્ષ વાવવું અને તેનું જતન કરવું એ પુણ્યનું કાર્ય છે. રાજ્યપાલશ્રીએ ગ્રામજનોને પરિવારના કોઈસભ્યના જન્મદિવસ કે અન્ય આનંદના પ્રસંગે વૃક્ષારોપણ કરવાનો સંકલ્પ કરવા અપીલ કરી હતી. સાથે જ માત્ર વૃક્ષ વાવી દેવાને બદલે તેની નિયમિત સારસંભાળ અને જતન કરવાનું પણ આહ્વાન કર્યું હતું. તેમણે પ્રેરણાદાયી સંદેશ આપતાં જણાવ્યું હતું કે, વૃક્ષને માત્ર ત્રણ વર્ષ સાચવો, એ આપણી પેઢીઓને સાચવશે. ભોજન અને પાણી વિના થોડો સમય રહી શકાય છે, પરંતુ ઓક્સિજન વિના ક્ષણભર પણ જીવન શક્ય નથી. તેથી સૌએ પ્રકૃતિના રક્ષક બની વૃક્ષોનું જતન કરવા અને વૃક્ષ જેવા પરોપકારી ગુણો કેળવવા તેમણે અનુરોધ કર્યો હતો.આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પાયલબેન માથોળીયા, ધારાસભ્યશ્રીઓ મહંતશ્રી શંભુનાથજી ટુંડિયા અને શ્રી ઉમેશ મકવાણા, જિલ્લા કલેક્ટરશ્રી હર્ષદ વોરા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ભરત પરમાર, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ધર્મેન્દ્ર શર્મા, પ્રાંત અધિકારીશ્રી આરતીબેન ગોસ્વામી, શ્રી સંજય ચૌધરી,જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ભરત વાઢેર, નાયબ વન સંરક્ષકશ્રી ગોવિંદસિંહ સરવૈયા, અગ્રણીશ્રી મયુરભાઈ પટેલ, સહિત અધિકારીગણ, પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## જાહેરમાં માર મારવાનો કેસ ગંભીર બન્યો, ગુજરાત હાઈકોર્ટ આકરી ટકોર બાદ આદેશ

# સુરત ડીસીપી નકુમ બદલી આદેશથી પોલીસમાં ધડાકો

(એજન્સી) સુરત । તા. 14

સુરતમાં આરોપીઓને જાહેર રસ્તાઓ પર માર મારવા તેમજ તેમનું સરઘસ કાઢવાના અતિ ચર્ચાસ્પદ બનાવમાં રાજ્યની સર્વોચ્ચ અદાલતે અત્યંત ચિંતાજનક અને કડક વલણ અપનાવ્યું છે. સમગ્ર ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને પોતાની મેળે હાથ ધરાયેલી સુઓમોટો અરજીની સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને સ્પષ્ટ આદેશ આપ્યો છે કે સુરતના ડીસીપી રાજદીપસિંહ નકુમની તાત્કાલિક અસરથી તે જગ્યા પરથી બદલી કરી દેવામાં આવે. અદાલતના આ નિર્ણય બાદ સમગ્ર રાજ્યના પોલીસ બેડામાં ભારે ખળભળાટ અને ચર્ચા વ્યાપી ગઈ છે.

હાઈકોર્ટના ચીફ જસ્ટિસે સુનાવણી દરમિયાન રાજ્ય સરકાર અને ગૃહ વિભાગની કાર્યપ્રણાલી સામે અત્યંત આકરા પ્રહારો કર્યા હતા. કોર્ટે અવલોકન કર્યું હતું કે જ્યાં સુધી કોઈ ઉચ્ચ કક્ષાના પોલીસ અધિકારી પોતાની મૂળ જગ્યા પર કાબજ રહેશે, ત્યાં સુધી તેમના તાબા હેઠળ કામ કરતા નાના કર્મચારીઓ કે નિચલા સ્તરના સાક્ષીઓ નિષ્પક્ષ રીતે કશું પણ બોલવાની હિંમત દાખવી શકશે નહીં. કોઈ સામાન્ય કર્મચારી પોતાના સિનિયર અધિકારીની વિરુદ્ધમાં નિવેદન આપવાની હિંમત કરી શકે નહીં.



ન્યાયાલયે ભારપૂર્વક જણાવ્યું કે તપાસમાં નિષ્પક્ષતા અને સચોટતા જાળવી રાખવા માટે પ્રાથમિક તબક્કે જ જવાબદાર અધિકારીને તે સ્થાન પરથી હટાવવા અનિવાર્ય છે. યોગ્ય પગલાં ભરાયા બાદ જ તપાસ અહેવાલને ગ્રાહ્ય રાખવામાં આવશે.

અદાલતે ઘટનાના વિડીયો અંગે ઊંડી સંવેદના અને નારાજગી વ્યક્ત કરી હતી. જાહેર રસ્તાઓ પર નાગરિકો કે આરોપીઓ સાથે આ પ્રકારનું અમાનવીય વર્તન સોશિયલ મીડિયાના માધ્યમથી લાખો લોકો સુધી પહોંચ્યું છે, જેનાથી સામાન્ય જનમાનસમાં ભારે આઘાત અને આક્રોશની લાગણી જન્મ લીધી છે. કોઈપણ લોકશાહી દેશમાં આ પ્રકારની ગેરકાયદેસર અને મનસ્વી કામગીરીને ક્યારેય ચલાવી શકાય નહીં.

આ ઘટના પાછળ કયા કારણો જવાબદાર હતા અને કોણે આ પ્રકારની કૃત્ય કરવાની મંજૂરી આપી, તે તમામ બાબતોની ઊંડાણપૂર્વક અને સ્વતંત્ર તપાસ થવી અત્યંત જરૂરી હોવાનું કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું હતું.

ન્યાયાલય સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી કે ગૃહ વિભાગ દ્વારા ૨૧મી મે ૨૦૧૯ના રોજ એક સ્પષ્ટ પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો, જેમાં કોઈ પણ આરોપીને જાહેરમાં ફેરવવા, તેનું સરઘસ કાઢવું કે તેને હાથકડી પહેરાવીને માર મારવા પર સખત પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આ પ્રકારનું વર્તન વ્યક્તિગત પ્રતિષ્ઠા અને મૂળભૂત માનવ અસહ્યતાનું ઉલ્લંઘન ગણાય છે.

પરિપત્ર મુજબ આવા બનાવો માટે સંબંધિત વિસ્તારના ડીસીપી કે જેસીપી કક્ષાના અધિકારીઓની સીધી જવાબદારી નક્કી કરવામાં આવી છે. અગાઉ વર્ષ ૨૦૨૨માં ખેડા જિલ્લામાં પણ આવી જ દુર્ભાગ્યપૂર્ણ ઘટના ઘટી હતી, જેમાં પણ અદાલતે કડક કાર્યવાહીના નિર્દેશો આપ્યા હતા. આમ છતાં વારંવાર આવી ઘટનાઓનું પુનરાવર્તન થવું એ ચિંતાનો વિષય છે.

સરકાર તરફથી કોર્ટ સમક્ષ એવી વિનંતી કરવામાં આવી હતી કે આજના દિવસે કોઈ આખરી નિર્દેશો જારી ન કરવામાં આવે અને સરકાર આગામી સપ્તાહ સુધીમાં આ બાબતે જરૂરી અમલવારી કરીને વિગતો રજૂ કરશે. જોકે, અદાલતે કેસની ગંભીરતા જાળવી રાખીને વધુ સુનાવણી આવતા અઠવાડિયા પર મુલતવી રાખી છે. આગામી સુનાવણી દરમિયાન સરકાર તરફથી બદલી અને તપાસ અંગે શું પગલાં લેવાય છે તે જોવું મહત્વપૂર્ણ બની રહેશે.

## વડોદરા કેનેડા વિઝા છેતરપિંડી ના નામે લાખો રૂપિયા પડાવી જનાર ઠગ ઝડપાયા

વડોદરા । સંસ્કારી નગરી વડોદરાના સોમા તળાવ વિસ્તારમાંથી વિદેશ મોકલવાના નામે મોટી નાણાકીય છેતરપિંડી આચરવામાં આવી હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. કેનેડા મોકલીને રેસ્ટોરન્ટમાં આકર્ષક નોકરી અપાવવાની લાલચ આપીને એક ૩૯ વર્ષીય યુવક પાસેથી લાખો રૂપિયા પડાવી લેવામાં આવ્યા છે. રૂપિયા અને અસલી દસ્તાવેજો પરત માગતા યુવકને ધમકાવવામાં આવતા આખરે પીડિતે કાયદાનો આશરો લીધો છે. ફરિયાદી જીગ્નેશ ભાટીયાને કેનેડા જવાની ઈચ્છા હોવાથી તેમણે આકાશ દિનેશચંદ્ર જાની અને પાર્થ કિશોર મુલાણી નામના બે શખ્સોનો સંપર્ક કર્યો હતો. બંને જણાએ માત્ર પાંચ દિવસમાં વિઝા મંજૂર કરાવી આપવાની ખાતરી આપી હતી. વિઝા ફીના રૂ. ૩૬ હજાર અને મેડિકલ ચેકઅપના રૂ. ૧૫ હજાર મળી કુલ રૂ. ૧.૧૦ લાખ અલગ-અલગ સમયે વસૂલ કરી લીધા હતા. દસ્તાવેજો બેંગ્લોર મોકલી દીધાનું કહીને ખોટી આશ્વાસન આપવામાં આવી રહી હતી.

## રાજકોટ શ્રાવણ માસ કોમી એકતા પગમાં 45 ટાંકા છતાં મુસ્લિમ ભક્ત શિવ શરણે

રાજકોટ | રંગિલા રાજકોટ શહેરમાંથી પવિત્ર શ્રાવણ મહિનાના પ્રારંભે સાંપ્રદાયિક સૌહાર્દ, શ્રદ્ધા અને નિઃસ્વાર્થ માનવસેવાનું એક અત્યંત પ્રેરણાદાયી ઉદાહરણ સામે આવ્યું છે. શહેરના જગન્નાથ વિસ્તારમાં વસવાટ કરતા અહેસાન ચૌહાણ નામના મુસ્લિમ નાગરિક છેલ્લા સાડા ત્રણ દાયકાથી સતત ચાલીને શિવધામ પહોંચી રહ્યા છે. ધર્મ અને સપ્રદાયના ભેદભાવથી પર થઈને તેઓ શ્રદ્ધા અને સમર્પણની અનોખી જ્યોત પ્રજ્વલિત કરી રહ્યા છે, જે સમગ્ર સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં ભારે પ્રશંસા પામી રહી છે. તાજેતરમાં જ એક અકસ્માતનો ભોગ બનવાના કારણે અહેસાનભાઈના પગમાં ૪૫ ટાંકા આવ્યા છે. તબીબી સારવાર અને ચાલવામાં પડતી ભારે તકલીફ હોવા છતાં, તેમની શ્રદ્ધા સહેજ પણ ડગી નથી. તેઓ આજે પણ ધીમા પગલે ઈશ્વરિયા મહાદેવ મંદિર પદયાત્રા પૂર્ણ કરીને શંભુના ચરણે શીશ નમાવી રહ્યા છે. તેમનું દ્રઢપણે માનવું છે કે કોઈ પણ ધર્મ કે સમાજ સારા કાર્યો કરવાથી રોકતો નથી અને તેઓ આજીવન આ પવિત્ર સેવા યથાવત રાખવા માંગે છે.

## સુરત પાલિકા પે એન્ડ પાર્ક દિલ્હીગેટમાં ગેરકાયદે ધંધા બાદ ઈજારો રદ્દ કરાયો

સુરત | હીરાનગરી સુરતના દિલ્હીગેટ ફ્લાયઓવર બ્રિજ નીચે આવેલા વાહન પાર્કિંગ સ્થળ પર ગંભીર ગેરરીતિઓ સામે આવતા સ્થાનિક તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે. પાર્કિંગ માટે ફાળવવામાં આવેલી જગ્યામાં નિયમોને નેવે મૂકીને ફૂડ સ્ટોલ, બજાર અને દારૂનું વેચાણ થતું હોવાની ચોંકાવનારી ફરિયાદો સામે આવી હતી. આ સમગ્ર મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી આયોજક એજન્સી સામે અત્યંત કડક પગલાં ભરવામાં આવ્યા છે. સ્થાયી સમિતિના અધ્યક્ષને દિલ્હીગેટ બ્રિજ ગેરકાયદે પ્રવૃત્તિ અને દારૂના વેચાણ અંગેના ફોટા સાથે સચોટ માહિતી મળી હતી. મીડિયા અહેવાલ મુજબ, આ ફરિયાદ મળતા જ તંત્ર દ્વારા સ્થળ પર દરોડો પાડવામાં આવ્યો હતો.

## નર્મદા રાષ્ટ્રીય લોક અદાલતનું ભવ્ય આયોજન કરાયું, કેસોના ઝડપી સમાધાન માટે સોનેરી તક

(એજન્સી) રાજપીપળા । તા. 14

ન્યાયિક પ્રક્રિયાને વધુ ઝડપી, બિનખર્ચાળ અને પારદર્શી બનાવવાના ઉમદા હેતુથી નર્મદા જિલ્લાની ન્યાયપ્રણાલી દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ તેમજ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ અમદાવાદના સીધા માર્ગદર્શન હેઠળ આગામી તા. ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના શનિવારના રોજ સમગ્ર નર્મદા જિલ્લાની તમામ અદાલતોમાં વિશાળ સ્તરે રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવી રહ્યું છે. રાજપીપળા સ્થિત જિલ્લા ન્યાયાલયથી લઈને તાલુકા કક્ષાની અદાલતોમાં પ્રલંબિત કેસોના નિકાલ માટે વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. આ યોજાનારી રાષ્ટ્રીય લોક અદાલતમાં વિવિધ પ્રકારના જટિલ અને લાંબા સમયથી ચાલી રહેલા કેસોને સમાધાન અર્થે મૂકવામાં આવશે. જેમાં મુખ્યત્વે મોટર અકસ્માત વળતર સંબંધિત દાવાઓ, નાણાકીય લેવડદેવડ અને ચેક બાઉન્સના કેસો, જમીન સંપાદનને લગતા વિવાદો, માલિક અને શ્રમિક વચ્ચેના ઔદ્યોગિક ઝઘડાઓ, કૌટુંબિક અને દીવાની દાવાઓ તેમજ માત્ર દંડથી શિક્ષાપાત્ર હોય તેવા ટ્રાફિક ચલાણ સહિતના તમામ સમાધાન યોગ્ય કેસોનો સમાવેશ થાય છે. કોર્ટની લાંબી અને ખર્ચાળ પ્રક્રિયાથી બચવા માટે આ અદાલત એક આદર્શ મંચ પૂરો પાડે છે. અરજદારો અને સામાપક્ષ વચ્ચે પરસ્પર સંમતિ અને સમજૂતી દ્વારા કાયમી ધોરણે કેસોનો આખરી ઉકેલ લાવવાનો આ એક નમ્ર અને સરાહનીય પ્રયાસ છે. ન્યાયતંત્ર દ્વારા વ્યક્ત કરવામાં આવેલા અભિપ્રાય મુજબ, લોક અદાલતનો મુખ્ય આશય માત્ર કેસોની સંખ્યા ઘટાડવાનો નથી, પરંતુ પક્ષકારો વચ્ચેના મનદુઃખ દૂર કરીને સામાજિક સૌહાર્દ જાળવી રાખવાનો છે. અદાલતી કાર્યવાહીમાં સામાન્ય રીતે વર્ષો સુધી સમય અને આર્થિક સંસાધનોનો વ્યય થતો હોય છે, જેની સામે લોક અદાલતમાં મેળવેલું સમાધાન બંને પક્ષો માટે વિજયી સ્થિતિ નિર્માણ કરે છે.

## રાજપીપળા એઆરટીઓ ચેકિંગ ડ્રાઇવથી ફાટ્યો દંડનો કોપ, લાખો રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો

(એજન્સી) રાજપીપળા । તા. 14

માર્ગ સલામતી અને વાહન વ્યવહારના કાયદાઓનું ચુસ્ત પાલન સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્ય સાથે સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા હાથ ધરવામાં આવેલા એક વિશાળ અને સઘન ઝુંબેશમાં નિયમભંગ કરતા વાહનચાલકો સામે અભૂતપૂર્વ કાર્યવાહી કરવામાં આવી છે. જુલાઈ મહિના દરમિયાન હાથ ધરવામાં આવેલા આ વ્યાપક તપાસ અભિયાનથી ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારા ચાલકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. વિવિધ ગંભીર પ્રકારના નિયમભંગ બદલ શેરીઓ અને મુખ્ય ધોરીમાર્ગો પર તૈનાત તપાસ ટુકડીઓ દ્વારા સેંકડો કેસો નોંધવામાં આવ્યા છે.સમગ્ર જુલાઈ માસ દરમિયાન ચાલેલી આ વિશેષ ઝુંબેશમાં કુલ ૬૫૦ ગંભીર ટ્રાફિક કેસો દાખલ કરવામાં આવ્યા હતા. આ તમામ કેસોના આધારે વાહન વ્યવહાર વિભાગે રૂ. ૧૧,૪૯,૫૦૦ જેટલી મસમોટી દંડની રકમ વસૂલ કરીને નિયમોની અવગણના કરનારાઓને કડક પાઠ ભણાવ્યો છે. અધિકારીઓએ દિવસ-રાત જોયા વગર મુખ્ય ચાર રસ્તાઓ અને હાઈવે પર સ્પેશિયલ પોઈન્ટ ઊભા કરીને દરેક શંકાસ્પદ અને વ્યાપારી વાહનોની ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. આ કાર્યવાહીનો મુખ્ય આશય રસ્તાઓ પર થતા અકસ્માતો અટકાવવાનો અને સામાન્ય નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. સરકારી આંકડાઓ અનુસાર, માલવાહક વાહનોમાં ક્ષમતા કરતાં વધુ સામાન ભરવાના એટલે કે ઓવરલોડિંગના ૫૪ કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા હતા, જેમાં રૂ. ૫,૫૦,૦૦૦ જેટલો મોટો દંડ ફટકારવામાં આવ્યો છે. આ ઉપરાંત નિયત માપદંડો કરતાં મોટા કદનો સામાન લઈ જતા ઓવર ડાયમેન્શન વાહનોના ૪૮ કેસોમાં રૂ. ૧,૬૦,૦૦૦નો દંડ વસૂલાયો હતો. પોતાના જીવના જોખમે ટુ-વ્હીલર ચલાવતા અને હેલ્મેટ ન પહેરનારા ૨૬ વાહનચાલકો પાસેથી રૂ. ૧૩,૦૦૦ તેમજ ફોર-વ્હીલરમાં સીટબેલ્ટ ન બાંધવાના ૨૦ કેસોમાં રૂ. ૧૦,૦૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો. આ ઉપરાંત રસ્તાઓ પર આડેધડ વાહનો ઊભા રાખી વાહનવ્યવહારમાં અડચણરૂપ બનતા ૧૮૪ પાર્કિંગ ભંગના કેસોમાં રૂ. ૯૮,૫૦૦ અને માર્ગ સલામતી સંબંધિત અન્ય નિયમોના ભંગ બદલ ૩૧૮ કેસોમાં રૂ. ૩,૧૮,૦૦૦નો દંડ કરાયો હતો.

## નર્મદા જિલ્લો શિક્ષણ સિદ્ધિ ક્ષેત્રે રાજ્યમાં મોખરે

(એજન્સી) રાજપીપળા । તા. 14

શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિકારી બદલાવ લાવવાના ભગીરથ પ્રયાસોના ભાગરૂપે નર્મદા જિલ્લાએ સમગ્ર રાજ્યમાં એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. રાજ્યના જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના માનનીય રાજ્યમંત્રી અને જિલ્લાના પ્રભારી મંત્રીની અધ્યક્ષતામાં રાજપીપળા સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે 'સમરસ વિદ્યા સેતુ' અભિયાન અંતર્ગત એક ખાસ સન્માન સમારોહનું ગરિમાપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન જિલ્લાના શૈક્ષણિક પરિણામોની જાહેરાત કરવામાં આવી હતી, જેમાં નર્મદા જિલ્લાએ શાળા છોડી ગયેલા બાળકોને પુનઃ શિક્ષણના ધામમાં લાવીને ભારે નોંધપાત્ર અને ઐતિહાસિક સફળતા હાંસલ કરી છે.રાજ્યમંત્રીએ પોતાના સંબોધનમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે, શિક્ષણ એ કોઈપણ સભ્ય સમાજ અને વ્યક્તિના સર્વાંગી વિકાસ માટેની પાયાની ઈંટ છે.



AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
SATURDAY • 15-08-2026

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

ઘરની બહારની પ્રવૃત્તિઓ આજે થકવનારી તથા તાણયુક્ત હશે. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. તમારા પ્રિયપાત્ર સાથેના તમારા સંબંધોને બગાડી શકે તેવા મુદ્દાને ઉખેડવાથી દૂર રહેવું જ તમારી માટે શ્રેષ્ઠ છે.

**વૃષભ : બ. વ. ઉ.**

તમારી નફરતને મારવા માટે સૌહાર્દપૂર્ણ સ્વભાવ કેળવો કેમ કે તે પ્રેમ કરતાં વધુ બળવાન છે અને તેની તમારા શરીર પર વ્યાપક અસર થાય છે. યાદ રાખો બૂરાઈનો વહેલો મોડો અંત થાય જ છે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે.

**મિથુન : ક. છ. ઘ.**

તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. મિત્રો તમને એક યાદગાર સાંજ માટે તેમના ઘરે બોલાવશે. તમારો રૉમેન્ટિક સંબંધ આજે મુશ્કેલીમાં આવશે. આજે તમે આખો દિવસ ખાલી રહી શકો છો.

**કર્ક : ડ. હ.**

હવાઈ કિલ્લા રચવામાં તમારો સમય વેડફશો નહીં. એના કરતાં કશું અર્થપૂર્ણ કરવા માટે તમારી શક્તિ બચાવો. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈઓ પારિવારિક મોરચે સ્વસ્થતા જણાય છે.

**સિંહ : મ. ટ.**

દરેકેદરેક જણને મદદ કરવાની તમારી તૈયારી તમને થકવી નાખશે. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. પરિવારના સભ્યોની માગ ખૂબ વધારે હશે.

**કન્યા : પ. ઠ. ણ.**

આજે તમારા સ્વાસ્થ્ય વિશે ચિંતા કરવાની જરૂર નથી. તમારી આસપાસના લોકો તમારું મનોબળ તથા જુસ્સો વધારશે. કેટલાક બાકી રહેલા મુદ્દા વધુ ઘેરા બનશે તથા ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે. તમારા સામાજિક જીવનની ઉપેક્ષા કરતા નહીં.

**તુલા : ર. ત.**

તમારી જાતને એક હદ કરતાં વધુ થકવશો નહીં અને યોગ્ય આરામ લેવાનું યાદ રાખજો. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે.

**વૃશ્ચિક : ન. ય.**

નફરતની લાગણી મોંઘી પુરવાર થઈ શકે છે.તે ન માત્ર તમારી સહનશક્તિનો ગુપ્ત રીતે નાશ કરે છે બલ્કે તમારી વિવેકબુદ્ધિને પણ મંદ કરે છે તથા સંબંધમાં કાયમી તિરાડ ઊભી કરે છે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

બાળકોની સંગતમાં આશ્વાસન પ્રાપ્ત થશે. માત્ર તમારા પરિવારના જ નહીં પણ અન્યોના સંતાનોમાંની રોગનિવારક શક્તિ તમને આશ્વાસન આપી શકે છે તથા તમારી બેચેનીને શાંત કરી શકે છે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે.

**મકર : ખ. જ.**

લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. પોતાના ગુસ્સા પર નિયંત્રણ રાખો અને ઓફિસ માં બધા જોડે સારી રીતે વાત કરો નહીંતર તમારી નોકરી જ્યી શકે છે અને તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારામાંના કેટલાકને આજે મહત્વના નિર્ણયો લેવાની ફરજ પડશે જે તમને તાણગ્રસ્ત અને ઉદ્દીગ્ન કરી મુકશે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. મિત્રોનો સાથ રાહત આપશે. તમે વાસ્તવિક્તા સાથે મુકાબલો કરશો તેથી તમારે તમારા પ્રિયપાત્રને ભૂલી જવું પડશે. સમય ની નાજુક્તા ને સમજી ને.

## જ્યોતિર્લિંગ

# સોમનાથ મહાદેવને પીળા પુષ્પોથી અલંકૃત કરાયા..



નરેન્દ્ર દવે | જૂનાગઢ

શ્રાવણના પ્રથમ દિવસે આદિ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવને પીળા પુષ્પોથી અલંકૃત કરાવામા આવ્યા હતા. જાણે મહાદેવ પોતે જ કુદરતના ઉજાસના મધુર રંગોથી ભક્તોને આનંદ સ્વરૂપ દર્શન આપી રહ્યા છે. પણ વિશેષ શૃંગારમાં પીળા પુષ્પો જ કેમ? કારણ કે પીળો રંગ પ્રકાશનું પ્રતિક છે. પીળો રંગ એ સૂર્યનો, જ્ઞાનનો, વિવેકનો અને આધ્યાત્મિક ઉન્નતિનો પ્રતિક છે. શિવ ભક્તિ અંધકારનો અંત લાવે છે અને પીળો રંગ એ દિવ્ય પ્રકાશનું સંકેત છે જે આપણને અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ લઈ જાય છે. કહેવાય છે કે જે ભક્ત શ્રદ્ધાપૂર્વક મહાદેવને પુષ્પ અર્પિત કરે છે, તે મહાદેવ માટે કિંમતી રત્નોથી પણ ઊંચો ગણાય છે અને તેને અનેક રત્નોના દાન જેટલું પુણ્યફળ પ્રાપ્ત થાય છે. પીળા પુષ્પોથી શિવની પૂજા કરવાથી બુદ્ધિની શુદ્ધિ થાય છે અને દરેક પ્રકારના સંકટોનો નાશ થાય છે. આ અદ્ભુત શૃંગારથી સોમનાથજીનું ગર્ભગૃહ જાણે સૂર્યપ્રભા સમાન પ્રકાશમય બની ઊઠ્યું હતું. શ્રી સોમનાથ મહાદેવના આ અનન્ય શૃંગારથી આપણને એ સંદેશ મળે છે કે શિવ માત્ર સંહારના પ્રતિક નથી, પરંતુ તેઓ સૃષ્ટિ, જીવન અને ચેતનાના આધાર છે. મહાદેવ અર્પણમાં ભાવનાને મહત્વ આપે છે અને જ્યારે ભાવના શુદ્ધ હોય, ત્યારે એક પીળું પુષ્પ પણ સમગ્ર બ્રહ્માંડ જેટલું મૂલ્યવાન બની મહાદેવને પ્રસન્ન કરી શકે છે.અંદાજિત 200 કિલોથી વધુ પીળા પુષ્પોથી ભગવાન સોમનાથ મહાદેવને આ સુંદર શૃંગાર પુજારીશ્રીઓ દ્વારા કરવામાં આવેલો.

## સરકારી યોજનાઓ પહોંચાડવા પંચાયતના સદસ્યોની ભૂમિકા મહત્વપૂર્ણ બની રહેશે

# થરાદ ખાતે જિલ્લા અને તાલુકા પંચાયતના નવનિયુક્ત પદાધિકારીઓ માટે ક્ષમતા નિર્માણ તાલીમ કાર્યક્રમ યોજાયો

(એજન્સી) થરાદ | તા.14

થરાદ ખાતે વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી, વાવ-થરાદ જિલ્લા પ્રભારી મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ તથા રાજ્ય મંત્રીશ્રી સ્વરૂપજી ઠાકોરની વિશેષ ઉપસ્થિતિમાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના નવનિયુક્ત પદાધિકારીશ્રીઓ અને સદસ્યશ્રીઓ માટે ક્ષમતા નિર્માણ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગ્રામ પંચાયત, તાલુકા અને જિલ્લા પંચાયતના કાર્યો, ચૂંટાયેલા પ્રતિનિધિઓની ભૂમિકા તેમજ સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના નાગરિક સુધી પારદર્શક રીતે પહોંચાડવા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ નવનિયુક્ત પદાધિકારીઓને પ્રેરણાત્મક માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, પંચાયતી રાજ સંસ્થાઓ લોકશાહીનો પાયો છે અને ચૂંટાયેલા પ્રતિનિધિઓએ જનતાના વિશ્વાસને સાર્થક કરવા માટે નિષ્ઠાપૂર્વક કામ કરવું જોઈએ. તેમણે ગામડાના સર્વાંગી વિકાસ માટે સ્થાનિક સ્તરે સંકલન સાધીને પારદર્શક વહીવટ પૂરો પાડવા પર વિશેષ ભાર મૂક્યો હતો.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે, લોકપ્રતિનિધિઓએ માત્ર વિકાસના કામો પૂરતું મર્યાદિત ન રહેતા ગ્રામીણ સ્તરે પડતી મુશ્કેલીઓનો સત્વરે નિકાલ લાવવા માટે સક્રિય ભૂમિકા ભજવવી અનિવાર્ય છે. વહીવટી તંત્ર સાથે યોગ્ય તાલમેલ અને સંવાદ રાખીને પ્રજાના પ્રશ્નોનો ઝડપી ઉકેલ લાવવાથી જ સાચી લોકસેવા સિદ્ધ થાય છે.અધ્યક્ષશ્રીએ ઉપસ્થિત તમામ સદસ્યોને જનકલ્યાણની વિવિધ યોજનાઓની માહિતી મેળવીને તેનો વ્યાપ વધારવા અને ગામડાના પ્રત્યેક નાગરિકને યોજનાકીય લાભો અપાવવા માટે કટિબદ્ધ બનવા આહ્વાન કર્યું હતું. લોકસેવાના આ યજ્ઞમાં સહભાગી થઈને વાવ - થરાદ જિલ્લાના વિકાસને વધુ નવી ઊંચાઈઓ પર લઈ જવાનો સંકલ્પ કરવા તેમણે અનુરોધ કર્યો હતો.આ પ્રસંગે પ્રભારી મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, પદ કોઈ પ્રતિષ્ઠાનું નહીં પરંતુ લોકસેવાનું માધ્યમ છે. તેમણે પોતાના રાજકીય જીવનના પ્રારંભિક અનુભવો શેર કરતા જણાવ્યું હતું કે પ્રથમ વખત ચૂંટાયેલા પ્રતિનિધિઓ પાસે વહીવટી પ્રક્રિયા શીખીને પ્રજાની અપેક્ષાઓ પૂર્ણ કરવાની જવાબદારી હોય છે, જેમાં કોઠાસૂઝ અને વ્યવહારિક અભિગમ ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થાય છે.મંત્રીશ્રીએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલી જનધન યોજના અને વિવિધ વ્યક્તિલક્ષી યોજનાઓનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે, ટેકનોલોજીના માધ્યમથી સીધા લાભાર્થીના ખાતામાં નાણાં જમા થવાથી મધ્યસ્થીઓની જરૂરિયાત રહી નથી. પંચાયતના સદસ્યોએ ગ્રામીણ નાગરિકો સાથે વ્યક્તિગત અને પારિવારિક સંબંધો વિકસાવીને તેમના નાના-મોટા પ્રશ્નોનું નિવારણ લાવવું જોઈએ જેથી શાસન અને જનતા વચ્ચેનો સેતુ વધુ મજબૂત બને.

## ૯૮૭ લીટર શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કરાયો

# ડીસામાં ખોરાક અને ઔષધ નિયમન તંત્રની મોટી કાર્યવાહી

(એજન્સી) પાલનપુર | તા.14

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, પાલનપુર વર્તુળ કચેરી દ્વારા ડીસા ખાતે ઘીનું ઉત્પાદન અને વેચાણ કરતી વિવિધ પેઢીઓમાં શંકાસ્પદ ઘીની તપાસ હાથ ધરવામાં આવી હતી. ડેઝિગ્નેટેડ ઓફિસરશ્રી ટી.એચ.પટેલ તથા ફૂડ સેફ્ટી ઓફિસરશ્રી કે.કે. ચૌધરી અને શ્રી એમ.એલ.ગુર્જર દ્વારા કરવામાં આવેલી આ તપાસ દરમિયાન, શંકાસ્પદ જણાતા ઘીના કુલ બે નમૂના 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ-૨૦૦૬' હેઠળ લેવામાં આવ્યા હતા.તપાસ અંતર્ગત શ્રી વિપુલકુમાર જયંતીલાલ પંચીવાલા (મે. શ્રી સવાઈ મિલ્ક પ્રોડક્ટ્સ, જી.આઈ.ડી.સી., ડીસા) પાસેથી 'હેલ્થ પ્રિમિયમ પ્યોર ઘી'નો ૬૦૦ લીટર જથ્થો (જેની કિંમત રૂ. ૩,૮૦,૦૦૦ છે) તેમજ શ્રી રવીકુમાર અર્જુનભાઈ મહેસુરીયા (જયવીર માર્કેટિંગ એન્ડ ડેરી પ્રોડક્ટ, બનાસ ઈન્ડસ્ટ્રીયલ એરિયા, ડીસા) પાસેથી 'શ્રેષ્ઠ પ્યોર કાઉ ઘી'નો ૩૮૭ લીટર જથ્થો (જેની કિંમત રૂ. ૨,૩૨,૨૦૦ છે), એમ કુલ ૯૮૭ લીટર ઘીનો રૂ. ૬,૧૨,૨૦૦ નો શંકાસ્પદ જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.તપાસ દરમિયાન લેવામાં આવેલા બંને નમૂનાઓને પૃથ્થકરણ (લેબોરેટરી ટેસ્ટ) માટે મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. લેબોરેટરીના પરિણામોના આધારે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ સમગ્ર મામલે જવાબદાર પેઢીઓ સામે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ-૨૦૦૬ તથા સંબંધિત નિયમો અનુસાર કડક કાર્યવાહી કરવાની પ્રક્રિયા ચાલુ છે.

# 15મી ઓગસ્ટ ભારતીયોના દરેક નાગરિકોના દિલમાં ઝળહળતી

નંદની વાસાણી | દેશલપર (ભુજ)

15મી ઓગસ્ટ 1947 ના દિવસે ભારતીયોના દરેક નાગરિકોના દિલમાં ઝળહળતી આઝાદીની જ્વાળાનો અંત આવ્યો અને દેશ બ્રિટિશરોના શાસન માંથી આઝાદ થયો. અને આ દિવસ ભારતીય ઈતિહાસમાં સ્વર્ણ અક્ષરે લખાયો. બ્રિટિશરોના જુલમથી દેશના નાગરિકોને ઘણું સહન કરવુ પડ્યું. દેશના ધંધા રોજગાર ભાંગી પડ્યા અને દેશ પાયમાલ બની ગયો. અંગ્રેજોના જુલમ સામે લડત આપવા ક્રાંતિકારીઓએ આઝાદીની જ્યોત જગાવી અને આ લડતમાં જોડાવા પ્રેરણા આપી. દેશને આઝાદી અપાવવા અનેક લોકો અહિંસાની લડતમાં જોડાયા. ભારતના ઈતિહાસમાં કેટલાય સ્વાતંત્ર્ય સેનાનીઓના નામ સ્વર્ણ અક્ષરે લખાયા છે. 15મી ઓગસ્ટ એ તમામ ક્રાંતિકારીઓને યાદ કરવાનો દિવસ છે. જેમણે ભારત માતાને બ્રિટિશરોની ગુલામીમાંથી મુક્ત કરવા માટે પોતાના જીવનનું બલિદાન આપી દીધું. ભારતમાં પ્રથમ સ્વતંત્રતા સંગ્રામ ઈ.સ.1857 માં લડવામાં આવ્યો હતો. જેમાં અસંખ્ય ક્રાંતિકારીઓએ પોતાના જીવનું બલિદાન આપ્યુ હતું.



આ પછી સમગ્ર દેશના ખૂણે ખૂણે બ્રિટિશ વિરુધ સંગ્રામો થયા. અનેક ક્રાંતિકારીઓએ બ્રિટિશરો સામે ખુલ્લેઆમ પડકાર ફેક્યો. તો અનેક લોકો મહાત્મા ગાંધીજીના નેતૃત્વ હેઠળ અહિંસાની લડતમાં જોડાયા. 200 વર્ષના સંઘર્ષ પછી ભારતે આખરે સ્વતંત્રતા પ્રાપ્ત કરી. સ્વતંત્ર ભારતના શિલ્પી એવા સરદાર વલ્લભભાઈ પટેલે અનેક દેશી રજવાડાઓને વાટાઘાટ કરી એકઠા કર્યા અને અખંડ ભારતનું નવનિર્માણ થયું. 15 મી ઓગસ્ટ 1947 ના આપણો દેશ અંગ્રેજોની ગુલામી માંથી આઝાદ થયા પછી, સૌથી મોટો પડકાર દેશને ચલાવવાનો હતો. દેશની પ્રજાની સુખાકારી, સલામતી અને સૌને એકતાના તાંતણે બાંધવા તેમજ દેશના ઉજ્વળ ભવિષ્ય માટે બંધારણની રચના કરવામાં આવી.

## ભક્તોની ભવ્ય ઉપસ્થિતિ

# જલારામ મંદિરે 'જય જલારામ'ના નાદથી ગુંજ્યું નખત્રાણા

જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)



શ્રી નખત્રાણા લોહાણા મહાજન સંચાલિત શ્રી દરિયા સ્થાન શ્રી જલારામ મંદિર ખાતે ગુરુવારની આરતીનો ભક્તિમય કાર્યક્રમ યોજાયો હતો. પૂજ્ય જલારામ બાપાના દર્શન અને આરતીનો લાભ લેવા મોટી સંખ્યામાં ભક્તજનો ઉમટી પડ્યા હતા.ગુરુવારની આરતીના દાતા તરીકે શ્રીમતી મીતાબેન ગોવિંદભાઈ પલણ પરિવાર, હોટલ ફન એન્ડ ફૂડ, નખત્રાણા દ્વારા ભક્તિભાવપૂર્વક આરતી ઉતારવામાં આવી હતી. આરતી પૂર્વે ભજન-સત્સંગનું આયોજન થતાં સમગ્ર મંદિર પરિસર 'જય જલારામ'ના નાદ અને ભક્તિના માહોલથી ગુંજી ઉઠ્યું હતું.પૂજારી રમેશભાઈ જોશી દ્વારા શાસ્ત્રોક્ત વિધિપૂર્વક પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ભક્તિભાવ સાથે ગુરુવારની આરતી ઉતારવામાં આવી હતી. આરતી પૂર્ણ થયા બાદ દાતા પરિવાર દ્વારા પધારેલા તમામ ભક્તજનોને પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તોમાં ભારે શ્રદ્ધા અને ઉત્સાહ જોવા મળ્યો હતો. જલારામ બાપાની ભક્તિ અને સત્સંગના આ પાવન પ્રસંગે ધાર્મિક એકતા તથા સેવાભાવનો સુંદર સંદેશ પ્રસરી રહ્યો હતો.

## ધારાસભ્ય અને જી . પં . પ્રમુખે પ્રશ્નો ની રજુઆત કરી

# નર્મદા જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ





રાજપીપલા : નર્મદા જિલ્લાના સર્વાંગી વિકાસ કાર્યોને વધુ ગતિશીલ બનાવવા તેમજ નાગરિકોના પ્રશ્નોનું સમયસર અને અસરકારક નિરાકરણ લાવવા જિલ્લા કલેક્ટર ગંગા સિંઘના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી.પ્રાપ્ત માહિતી મુજબ સંકલન સમિતિ ની આ બેઠકમાં જિલ્લા પંચાયતપ્રમુખ અંજનાબેન વસાવાએ મનરેગા યોજના હેઠળ વર્ષ:૨૦૨૩-૨૪ દરમિયાન પાકા કામો, બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી ખાતે કમિટીની રચના બાબત, પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વર્ષ:૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ દરમિયાન સાગબારા, ચિકદા, દેડીયાપાડા, નાંદોદ, ગરૂડેશ્વર, તિલકવાડા તાલુકાના કેટલા લાભાર્થીઓની સ્થિતિ, નર્મદા જિલ્લામાં ૧ થી ૧૨ વર્ષના બાળકોમાં કુપોષણની સ્થિતિ, એકતાનગર (SOU સત્તા મંડળ) ખાતે વિવિધ બાબતોની અમલીકરણની સ્થિતિ, જમીન ગુમાવનાર માટે ૧૯૯૫ના પરિપત્રમાં સુધારા બાબતો, વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૫ સુધી SSNNL કે SOU સત્તામંડળ પ્રોજેક્ટમાં સુપરવાઈઝર સહિતના મહેકમની બાબતો સંદર્ભે ચર્ચા કરી હતી. જ્યારે રાજપીપલા ના ધારાસભ્ય ડૉ. દર્શના દેશમુખે પણ આદર્શ નિવાસી શાળાઓમાં CCTV ની સ્થિતિ, પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજનાની અમલવારી, ગ્રાન્ટેડ છાત્રાલયોની નવી અરજી અને જૂના છાત્રાલયોની સ્થિતિ, તિલકવાડા ખાતે નર્મદા અને મેણ નદીના સંગમ સ્થાને પ્રોટેક્શન વોલ બાબત, તિલકવાડાના સુરજીપુરા ગામે સસ્તા અજની દુકાન સંદર્ભે નાગરિકો દ્વારા મળેલી ફિયાદો, વૃદ્ધ પેન્શન યોજનામાં ચૂકવણા બાબત તથા જિલ્લામાં વ્યક્તિગત આવાસ યોજનામાં ચૂકવણાની સ્થિતિ અંગે વિગતવાર ચર્ચા કરી હતી. બેઠક દરમિયાન વિવિધ વિભાગોના અધિકારીઓએ લોકપ્રતિનિધિઓ દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નો અંગે માહિતી આપી અને જરૂરી કાર્યવાહી અંગે વિગતો રજૂ કરી હતી.જિલ્લા કલેક્ટર ગંગા સિંઘે જનપ્રતિનિધિશ્રીઓના ઉપરોક્ત પ્રશ્નોને કેન્દ્રમાં રાખીને લોક કલ્યાણની કોઈપણ યોજના માટે પાત્રતા ધરાવતા તમામ લાભાર્થીઓને લાભો મળી રહે તે જોવા જિલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીશ્રીઓને આગ્રહપૂર્વક જણાવ્યું હતું. જિલ્લાના નાગરિક લક્ષી પ્રશ્નોનો સંબંધિત વિભાગોને ઝડપભેર નિકાલ કરવા અને સરકારની વન-ડે સર્વિસિસમાં અરજીનો ત્વરિત નિકાલ થાય તેવી રીતે કાર્યકરવા પર ભાર મૂક્યો હતો.

# જિલ્લા કલેકટરશ્રી મયુર મહેતાના અધ્યક્ષસ્થાને વાવ-થરાદ જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ



થરાદ : વાવ-થરાદ જિલ્લા કલેકટરશ્રી મયુર મહેતાની અધ્યક્ષતામાં આજરોજ કલેક્ટર કચેરી, થરાદ ખાતે જિલ્લાની સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં સાંસદશ્રી અને ધારાસભ્યશ્રીઓએ વિવિધ વિભાગોને પૂછેલા પ્રશ્નો સંદર્ભે અધિકારીઓ દ્વારા આપેલ જવાબો પરત્વે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ પદાધિકારીઓ અને અધિકારીઓને આવકારીને બેઠકની કામગીરી શરૂ કરી હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ વાવ થરાદ જિલ્લા માટે નવીન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત વિકાસના કાર્યોને વેગવંતા બનાવવા માટે ઝડપથી કામગીરી કરવા જરૂરી સૂચના અને માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં યુ.જી.વી.સી.એલ, શિક્ષણ, નવીન મહેકમ, વોટર ડ્રેનેજ લાઈન, ટુરિઝમ, પાણી પુરવઠા, એસ.ટી.બસ વગેરે બાબતોના પ્રશ્નોની અને તેના નિરાકરણની ચર્ચા કરાઈ હતી. બેઠકમાં સાંસદ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી રત્નીબેન પરમાર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી કલ્પેશકુમાર શર્મા, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ચિંતન તેરૈયા, નિવાસી અધિક કલેકટર શ્રી ટી.કે.જાની સહિત જિલ્લાના અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મથલ પ્રાથમિક કન્યાશાળા નજીક તંત્ર દ્વારા બનાવાયું ઝેબ્રા ક્રોસિંગ



| મહેશ એલ.સોની નખત્રાણા

મથલ પ્રાથમિક કન્યાશાળા નજીક વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા મહત્વપૂર્ણ સુરક્ષાત્મક કામગીરી હાથ ધરવામાં આવી છે. શાળાએ આવતી-જતી દીકરીઓને રસ્તો ઓળંગવામાં સરળતા રહે તેમજ વાહનચાલકોમાં સાવચેતી વધે તે હેતુથી શાળા નજીક ઝેબ્રા ક્રોસિંગ બનાવવામાં આવ્યું છે.શાળા શરૂ થવાના અને છૂટવાના સમયે વિદ્યાર્થીઓની અવરજવર વધુ રહેતી હોવાથી આ વ્યવસ્થા અકસ્માતનું જોખમ ઘટાડવામાં મદદરૂપ બનશે. ઝેબ્રા ક્રોસિંગના કારણે વિદ્યાર્થીઓને રસ્તો ઓળંગવા માટે નિર્ધારિત જગ્યા મળશે અને વાહનચાલકો પણ શાળા નજીક વાહનની ગતિ નિયંત્રિત રાખે તેવો સંદેશ મળશે.તંત્રની આ કામગીરીને વાલીઓ તથા સ્થાનિક નાગરિકોએ આવકારી છે. વિદ્યાર્થીઓની સુરક્ષા માટે આવા વધુ જરૂરી પગલાં લેવામાં આવે તેવી પણ સ્થાનિકો દ્વારા આશા વ્યક્ત કરવામાં આવી છે.

# ચાણસ્મા નાગરિક બેંકની ૬૨ મી સામાન્ય સભા યોજાઈ



નિતીન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા નગરનો આર્થિક આધારસ્થંભ સમાન ધી નાગરિક સહકારી કો.ઓ.બેંકની ૬૨મી વાર્ષિક સામાન્ય સભા મળી હતી જેમાં વાર્ષિક અહેવાલનું ઓડિટ થયેલ સરવૈયું નફા નુકસાનની જાણકારી. સને.૨૦૨૬-૨૭ ના વર્ષ માટે બેંક દ્વારા કરવામાં આવનાર કરજ વધારા ની હદ સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરાઇ હતી તે પહેલા બેંકની આર્થિક પ્રગતિ અંગેની જનરલ મેનેજર નિતીનભાઈ પટેલે તેમના સ્વાગત પ્રવચનમાં વિસ્તૃત જાણકારી આપી હતી બેંકના ચેરમેન રાજેન્દ્રકુમાર પટેલ એમડી શ્રીમતી લતાબેન યોગેન કુમાર પટેલ વા ચેરમેન સચ્ચિદાનંદભાઈ એન પટેલ . સહિત બેંકના સભાસદો. સમાન્ય સભામાં ઉપસ્થિત રહ્યા હતા

## સરહદી વિસ્તારના નાગરિકોમાં દેશભક્તિનો અદભુત જોશ

# થરાદમાં નીકળી ૭૫ મીટર લાંબા રાષ્ટ્રધ્વજ સાથે વિશાળ તિરંગા યાત્રા

(એજન્સી) થરાદ | તા.14

આઝાદીના અમૃતકાળ દરમિયાન દેશભરમાં ઉજવાઈ રહેલા ૮૦મા સ્વાતંત્ર્ય પર્વ તથા ઐતિહાસિક 'વંદે માતરમ્' ગીતના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના ગૌરવવંતા અવસરે સમગ્ર વાવ-થરાદ જિલ્લામાં રાષ્ટ્રભક્તિનો અદ્ભુત માહોલ જોવા મળી રહ્યો છે. આ રાષ્ટ્રવ્યાપી ઉજવણીના ભાગરૂપે 'હર ઘર તિરંગા' મહાઅભિયાન અંતર્ગત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને થરાદ ખાતે વિશાળ તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રભારી મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ અને રાજ્ય મંત્રીશ્રી સ્વરૂપજી ઠાકોરની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલી આ તિરંગા યાત્રામાં બહોળી સંખ્યામાં નાગરિકો ઉત્સાહભેર જોડાયા હતા. આ મહાઅભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોના હૃદયમાં રાષ્ટ્રભાવના, અખંડિતતા અને દેશપ્રેમની અલખ જગાવવાનો છે, જેને થરાદના નાગરિકોએ અપાર ઉત્સાહ સાથે વધાવી લીધો હતો.થરાદ ખાતે ગાયત્રી વિદ્યાલયથી પ્રસ્થાન પામેલી આ ભવ્ય તિરંગા યાત્રા રાજેશ્વર સ્કૂલ રોડ, રોકડિયા હનુમાન બજાર, હનુમાન ગોળાઈ અને વિવેકાનંદ સ્ટેચ્યુ થઈને ડૉ. બાબાસાહેબ આંબેડકર પ્રતિમા ખાતે સંપન્ન થઈ હતી. આ યાત્રાનું મુખ્ય આકર્ષણ ૭૫ મીટર લાંબો રાષ્ટ્રધ્વજ હતો, જેને નાગરિકોએ ભારે ઉત્સાહથી સાથે રાખ્યો હતો. આ યાત્રામાં પોલીસ અને એન.સી.સી. પ્લાટૂન, ઘોડેસવાર જવાનો, બાઈક રેલી તેમજ બેનરો સાથે વિદ્યાર્થીઓ અને નાગરિકો વિશાળ સંખ્યામાં જોડાયા હતા. આ સાથે વાવ-થરાદ જિલ્લાનું પ્રખ્યાત મેરાયો નૃત્ય સમગ્ર યાત્રાનું વિશેષ આકર્ષણ બન્યું હતું, જ્યારે "ભારત માતા કી જય", "વંદે માતરમ્" અને "જય હિન્દ"ના ગગનભેદી નારાઓથી સમગ્ર થરાદ નગર દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું. યાત્રાના સમાપન પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ ઉપસ્થિત ખેડૂતો, પ્રજાજનો, વેપારીઓ, કારીગરો, વિદ્યાર્થીઓ અને પોલીસ જવાનોને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, સરહદી વિસ્તારના પ્રજાજનોના લોહીમાં દેશભક્તિ વણાયેલી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના 'હર ઘર તિરંગા'ના આહ્વાનને સરહદી વિસ્તારના નાગરિકોએ ઝીલી લઈને માત્ર ઘરો પર જ નહીં, પરંતુ હાથમાં તિરંગો લઈને કિલોમીટરો સુધી ભવ્ય રેલી યોજીને સાચો દેશપ્રેમ પ્રદર્શિત કર્યો છે. તેમણે યુવા પેઢીના ઉજ્જવળ ભવિષ્ય માટે સૌને સાથે મળીને વૃક્ષારોપણ કરવા, ગુણવત્તાસભર શિક્ષણ આપવા અને ભારતને વિશ્વની મહાસત્તા બનાવવા માટે યોગદાન આપવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે રાજ્ય મંત્રીશ્રી સ્વરૂપજી ઠાકોરે જણાવ્યું હતું કે, થરાદ અને સમગ્ર જિલ્લાની જનતાએ હાથમાં અને દિલમાં તિરંગો રાખીને વડાપ્રધાનશ્રીના આહ્વાનને સાર્થક કર્યું છે અને નાગરિકોનો દેશપ્રેમ જગજાહેર કર્યો છે. તિરંગો એ આપણા દેશની એકતા, અખંડિતતા, શૌર્ય અને બલિદાનનું સર્વોચ્ચ પ્રતીક છે.

# શ્રાવણના પ્રથમ દિવસથી જ મંદિરમાં ભક્તોનો ભારે ધસારો



કમલેશ પટેલ | સંખેડા

સંખેડા-હાંડોદ વચ્ચે આવેલા પાંડવકાલીન પંચેશ્વર મહાદેવ મંદિરે પવિત્ર શ્રાવણ માસનો ભક્તિમય પ્રારંભ થયો છે. શ્રાવણના પ્રથમ દિવસથી જ મંદિરમાં ભક્તોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે.મંદિરમાં 24 કલાક અખંડ ધૂન અને મહાદેવનું પૂજન સતત ચાલી રહ્યું છે. આ ઉપરાંત, સમગ્ર શ્રાવણ માસ દરમિયાન અખંડ યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં આસપાસના હરિભક્તો ઉત્સાહભેર જોડાઈ રહ્યા છે.આ વર્ષે પવિત્ર શ્રાવણ મહિનામાં બે ભોગ પ્રદોષ યોગ બનતા તેનું વિશેષ પૂજન કરવામાં આવશે. પ્રથમ ભોગ પ્રદોષ 25 ઓગસ્ટ, 2026ના રોજ છે, જ્યારે બીજો ભોગ પ્રદોષ 8 સપ્ટેમ્બર, 2026ના રોજ મંત્રોચ્ચાર સાથે ઉજવાશે. શ્રાવણ પૂર્ણિમા, 11 સપ્ટેમ્બર, 2026ના રોજ લઘુરુદ્રનું આયોજન કરવામાં આવ્યું છે. મંદિરના સ્વામી નૌતમપ્રકાશ દાસજી અને સ્વામી ધર્મપ્રકાશ દાસજીએ તમામ હરિભક્તોને શ્રાવણ માસ દરમિયાન દર્શન કરી ધર્મલાભ લેવા આહવાન કર્યું છે. સ્વામીજીએ સૌની મનોકામના પૂર્ણ થવાના આશીર્વાદ પણ આપ્યા હતા.

### ભારતીય કંપનીઓની મુખ્ય ભૂમિકા અને વિદેશી ભાગીદારી

# 1 લાખ કરોડના ખર્ચે ભારતીય વાયુસેનામાં 60 નવા ટ્રાન્સપોર્ટ વિમાન સામેલ કરાશે, સરકારે ટેન્ડર બહાર પાડ્યું

(એજન્સી) નવી દિલ્હી | તા.14

ભારતીય વાયુસેનાએ 1 લાખ કરોડના ખર્ચે 60 મલ્ટીરોલ ટ્રાન્સપોર્ટ પ્લેનની ખરીદી માટે ટેન્ડર બહાર પાડ્યું છે. જૂના વિમાનો બદલી, સૈનિકો અને સામગ્રીને પહાડી સરહદો, દ્વીપ વિસ્તારોમાં ઝડપથી પહોંચાડવાનો હેતુ છે. HAL, ટાટા, મહિન્દ્રા જેવી ભારતીય કંપનીઓ વિદેશી ભાગીદારો સાથે 'મેક ઈન ઈન્ડિયા' હેઠળ 80% વિમાનો ભારતમાં બનાવશે, જે ટેકનોલોજી ટ્રાન્સફર અને આત્મનિર્ભરતાને વેગ આપશે.ભારતીય વાયુસેના (IAF) પોતાની ટેક્ટિકલ એર ટ્રાન્સપોર્ટ ક્ષમતાને વધુ મજબૂત કરવા માટે એક મોટું પગલું ભરી રહી છે. સંરક્ષણ મંત્રાલયે આશરે 60 મલ્ટીરોલ ટ્રાન્સપોર્ટ પ્લેનની ખરીદી



માટે 1 લાખ કરોડના અંદાજિત ખર્ચ સાથે ટેન્ડર બહાર પાડ્યું છે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય જૂના થઈ ગયેલા ટ્રાન્સપોર્ટ પ્લેનોને બદલીને સૈનિકો, શસ્ત્રો અને જરૂરી સામગ્રીને પહાડી સરહદો, દ્વીપ વિસ્તારો તેમજ કટોકટીના સમયે ઝડપથી એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડવાનો છે.આ સમગ્ર કાર્યક્રમમાં ભારતીય કંપનીઓને કેન્દ્ર સ્થાને રાખવામાં આવી છે. ટેન્ડર મેળવનારી ભારતીય કંપનીઓમાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL), ટાટા અને મહિન્દ્રાનો સમાવેશ થાય છે. મહિન્દ્રા ડિફેન્સે બ્રાઝિલની એમ્બ્રેયર કંપની સાથે ભાગીદારી કરીને C-390 મિલેનિયમ વિમાનનો પ્રસ્તાવ મૂક્યો છે. બીજી તરફ, ટાટા અમેરિકન કંપની લોકહીડ માર્ટિન સાથે મળીને C-130J સુપર હરક્યુલસ પ્લેન પેશ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે ભારતીય વાયુસેના પહેલાથી જ 12 C-130J વિમાન ઓપરેટ કરે છે.આ પ્રોજેક્ટ હેઠળ 'આત્મનિર્ભર ભારત' અભિયાન પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. યોજના મુજબ, આશરે 20% વિમાન જ વિદેશથી તૈયાર અવસ્થામાં લાવવામાં આવશે, જ્યારે બાકીના 80% વિમાનોનું નિર્માણ ભારતમાં સંયુક્ત સાહસો (Joint Ventures) દ્વારા કરવામાં આવશે. આ વિમાનોમાં 60%થી વધુ સ્વદેશી સામગ્રીનો ઉપયોગ થવાની શક્યતા છે. વિદેશી પાર્ટનર્સ સાથેની ભાગીદારીથી ભારતમાં ટેકનોલોજી ટ્રાન્સફર, કૌશલ્ય વિકાસ અને સ્થાનિક સપ્લાય ચેઈનને ઘણો મોટો વેગ મળશે.નવા મલ્ટીરોલ વિમાનો માત્ર માલસામાન કે સૈનિકોની હેરફેર જ નહીં, પરંતુ હવામાં જ ફાઈટર જેટ્સમાં ઈંધણ ભરવાની કામગીરી પણ કરી શકશે. આ સિવાય વાયુસેના એરબસ સાથે C-295 ટ્રાન્સપોર્ટ પ્લેનની ખરીદી પર પણ કામ કરી રહી છે, જેમાંથી મોટાભાગના વિમાનો ભારતમાં બનશે.

# ખાંડના વધતા ભાવોની અસર હવે ગોળ પર પણ જોવા મળી



અમદાવાદ : અમદાવાદમાં ખાંડના વધતા ભાવની અસર હવે ગોળ પર પણ જોવા મળી રહી છે. ગોળના ભાવ પ્રતિ કિલો 60 રૂપિયાને પાર કરી ગયા છે. તહેવારોની માંગ અને રિફાઈન્ડ ખાંડના ભાવ વધવાને કારણે ગણેશોત્સવ સુધીમાં ગોળના ભાવમાં પ્રતિ કિલો 5 થી 10 રૂપિયાનો વધારો થવાની શક્યતા છે. મહારાષ્ટ્ર સહિત દેશભરમાં છેલ્લા પાંચ વર્ષમાં ગોળના ભાવમાં સૌથી મોટો ઉછાળો આવ્યો છે.ખાંડના વધતા ભાવોની અસર હવે ગોળ પર પણ થવા લાગી છે. ગોળના ભાવ પ્રતિ કિલો ૬૦ને વટાવી ગયા છે. રિફાઈન્ડ ખાંડના ભાવમાં વધારો અને તહેવારોની માંગમાં વધારો થવાને કારણે ગોળના ભાવ વધુ મજબૂત થવાની ધારણા છે. આ વર્ષે, ગોળના ભાવમાં છેલ્લા પાંચ વર્ષમાં સૌથી મોટો વધારો જોવા મળ્યો છે. મહારાષ્ટ્રમાં છૂટક ગોળના ભાવ પ્રતિ કિલો ૬૦ને વટાવી ગયા છે. દેશભરના જથ્થાબંધ બજારોમાં સરેરાશ ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ. ૩,૫૦૦ થી ૫,૪૦૦ (બજારની ગુણવત્તા અને પ્રદેશના આધારે) સુધીનો રહ્યો છે.નવી મુંબઈ એપીએમસીમાં જથ્થાબંધ ગોળના ભાવ રૂ. ૬,૦૦૦ ને વટાવી ગયા છે. મંડી સમિતિના ડેટા અનુસાર, મહારાષ્ટ્રમાં ગોળનો સરેરાશ ભાવ રૂ. ૫,૩૧૨, રાજસ્થાનમાં રૂ. ૫,૪૦૦ અને ઉત્તર પ્રદેશમાં રૂ. ૪,૦૪૬ પ્રતિ ક્વિન્ટલ છે. છૂટક ભાવ પ્રતિ કિલોગ્રામ રૂ. ૪૦ થી ૧૨૦ સુધી છે.તહેવારોની માંગમાં વધારો થવાને કારણે ભાવમાં વધારો થઈ રહ્યો છે. ગણેશોત્સવ સુધીમાં ગોળના ભાવ પ્રતિ કિલોગ્રામ રૂ. ૫ થી ૧૦ સુધી વધી શકે છે. ગોળના વેપારીઓના જણાવ્યા મુજબ રંગ અને રસાયણોથી મુક્ત શુદ્ધ પીળો ગોળ અને ઓર્ગેનિક ગોળ હાલમાં બજારમાં સૌથી વધુ માંગમાં છે.

સ્થાનિક બજારમાં આવકના આધારે દર અઠવાડિયે ગોળના ભાવમાં ૫થી ૧૦ ટકાનો વધઘટ થાય છે. જોકે, છેલ્લા મહિનાથી ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. ખાસ કરીને રક્ષાબંધન અને ગણેશોત્સવ દરમિયાન ગોળનો વપરાશ વધે છે. આ વર્ષે, ગોળના પાવડરની માંગમાં પણ નોંધપાત્ર વધારો થયો છે.

## News Brief

### મુથૂટ ફિનકોર્પ લિમિટેડે આઈપીઓ માટે સેબી સમક્ષ DRHP ફાઈલ કર્યું

(એજન્સી) નવી દિલ્હી | તા.14

ફ્રેશ ઈશ્યૂમાંથી મળનારી રકમનો ઉપયોગ કંપનીના ટિયર-1 મૂડી આધારને મજબૂત કરવા માટે કરવામાં આવશે, જેથી બિઝનેસના વિકાસ અને વિસ્તરણને કારણે ઊભી થનારી ભવિષ્યની મૂડી જરૂરિયાતો પૂરી કરી શકાય. તેમાં આગળ ધિરાણ આપવા માટેની મૂડી જરૂરિયાતો તેમજ કંપનીના ડિજિટલ પ્લેટફોર્મ અને વૈવિધ્યસભર ધિરાણ પોર્ટફોલિયોના વિસ્તરણ માટે જરૂરી મૂડીનો પણ સમાવેશ થાય છે. મુથૂટ ફિનકોર્પ લિમિટેડ એક ડાયવર્સિફાઈડ એનબીએફસી છે, જે મુખ્યત્વે ગોલ્ડ લોન બિઝનેસ સાથે સંકળાયેલી છે. ગોલ્ડ લોન તેનો મુખ્ય અને નફાકારક આધારસ્તંભ છે. કંપની દ્વારા ગ્રાહકોની જીવનચક્ર દરમિયાન બદલાતી જરૂરિયાતોને પૂરી કરવા માટે ગ્રાહક કેન્દ્રિત વિવિધ પ્રોડક્ટ્સ ઓફર કરવામાં આવે છે. તેમાં ગોલ્ડ લોન, બિઝનેસ લોન, મિલકત સામે લોન, સપ્લાય ચેઈન ફાઈનાન્સિંગ, ડિજિટલ લોન, માઈક્રોફાઈનાન્સ, હાઉસિંગ લોન તેમજ વીમા, પેમેન્ટ્સ, બચત અને અન્ય નાણાંકીય સેવાઓ ક્ષેત્રે નોન-ફંડ આધારિત વિવિધ ડિસ્ટ્રીબ્યુશન સર્વિસીસનો સમાવેશ થાય છે. ક્રિસિલના અહેવાલ મુજબ, મુથૂટ ફિનકોર્પ લિમિટેડ મુથૂટ પપ્પાચન ગ્રૂપનો હિસ્સો છે અને 1939માં હેરિટેજ ટ્રેડિંગ બિઝનેસના ભાગરૂપે ગોલ્ડ લોન બિઝનેસની સહ-સ્થાપના થઈ ત્યારથી તેની કામગીરી 86 વર્ષના સમયગાળા દરમિયાન વિકસિત થઈ છે. આ હેરિટેજ બિઝનેસના મૂળિયા 1887 સુધી જાય છે.

### ઘરેલુ ગેસ સિલિન્ડર રાખવાના નિયમો

# ઘરમાં 2થી વધુ LPG સિલિન્ડર રાખશો તો મોટી મુશ્કેલીમાં ફસાશો!

(એજન્સી) નવી દિલ્હી | તા.14

LPG સિલિન્ડરની અછતને કારણે લોકો જરૂરિયાત કરતાં વધુ સિલિન્ડર ઘરમાં જમા કરી રહ્યા છે. પરંતુ, 14.2 કિલોગ્રામના 2થી વધુ સિલિન્ડર રાખવા કાયદેસર ગુનો છે. ઓડિશામાં વહીવટીતંત્રે કાર્યવાહી કરી હજારો સિલિન્ડર જપ્ત કર્યા હતા. 'એસેન્શિયલ કોમોડિટીઝ એક્ટ, 1955' હેઠળ, 2થી વધુ સિલિન્ડર જમાખોરી ગણાય છે. નિયમભંગ બદલ સિલિન્ડર જપ્ત થઈ શકે છે અને કાયદેસર કાર્યવાહી પણ થઈ શકે છે.હાલના સમયમાં ઘણા વિસ્તારોમાં LPG ગેસ સિલિન્ડરની અછત જોવા મળી રહી છે. સિલિન્ડર બુકિંગ અને ડિલિવરીમાં લાગતા સમયને કારણે લોકો ગેસ ખૂટી જવાની બીકે જરૂર કરતાં વધુ સિલિન્ડર ઘરમાં જમા કરવા લાગ્યા છે. પરંતુ, શું તમે જાણો છો કે ઘરમાં જરૂરિયાત કરતા વધુ સિલિન્ડર રાખવા કાયદાકીય રીતે ગુનો બની શકે છે? તાજેતરમાં જ ઓડિશામાં વહીવટીતંત્રે એક ખાસ અભિયાન ચલાવીને હજારો સિલિન્ડર જપ્ત




કર્યા હતા અને અનેક લોકો સામે કાયદેસરની કાર્યવાહી પણ કરી હતી.'એસેન્શિયલ કોમોડિટીઝ એક્ટ, 1955' હેઠળ, સામાન્ય ઘરેલુ ગ્રાહકને એક સમયે મહત્તમ 14.2 કિલોગ્રામના બે LPG સિલિન્ડર રાખવાની જ પરવાનગી આપવામાં આવી છે. આ નિયમ મુજબ, એક સિલિન્ડર ઉપયોગમાં હોય છે અને બીજું સિલિન્ડર બેકઅપ અથવા સ્પેર તરીકે રાખી શકાય છે. આ મર્યાદા કરતાં વધુ સિલિન્ડર ઘરમાં રાખવા એ કાયદાની દૃષ્ટિએ જમાખોરી ગણવામાં આવે છે.જો તમારા ઘરે 2થી વધુ ભરેલા ગેસ સિલિન્ડર મળી આવે, તો વહીવટીતંત્ર દ્વારા તેની તપાસ કરવામાં આવી શકે છે. આવી સ્થિતિમાં:તમારા વધારાના સિલિન્ડર જપ્ત કરવામાં આવી શકે છે.તમારી સામે કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે.

LPG અત્યંત આવશ્યક વસ્તુની શ્રેણીમાં આવે છે, તેથી કાળાબજાર કે ગેરકાયદે સંગ્રહખોરી બદલ 'એસેન્શિયલ કોમોડિટીઝ એક્ટ, 1955' હેઠળ કડક શિક્ષાત્મક પગલાં લેવામાં આવી શકે છે.ઘરમાં સુરક્ષાની દૃષ્ટિએ પણ સિલિન્ડરનો વધુ પડતો સંગ્રહ કરવો જોખમી બની શકે છે. ગેસ સિલિન્ડરની જમાખોરીથી બચવા અને કાયદાકીય મુશ્કેલીઓથી દૂર રહેવા માટે નિયત મર્યાદાનું પાલન કરવું જ હિતાવહ છે. જો તમને જરૂરિયાત વધુ હોય, તો અધિકૃત એજન્સીનો સંપર્ક કરો અને નિયમ મુજબ જ બુકિંગ કરાવો. નિયમોનું પાલન કરીને તમે માત્ર કાયદાકીય કાર્યવાહીથી જ નહીં, પરંતુ મોટી દુર્ઘટનાઓથી પણ બચી શકો છો.

## ભારતની રત્ન અને આભૂષણ નિકાસ એપ્રિલ-જૂલાઈ ૨૦૨૬માં ૨.૪૪% વધીને ૯.૧૭ અબજ ડોલર પર પહોંચી

મુંબઈ | એપ્રિલ-જુલાઈ 2026ના સમયગાળા દરમિયાન ભારતની રત્ન અને આભૂષણોની કુલ નિકાસ 9.17 અબજ યુએસ ડોલર (રૂ. 87,078.01 કરોડ) રહી હતી. ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીએ યુએસ ડોલરના સંદર્ભમાં નિકાસમાં 2.44 ટકાની અને રૂપિયાના સંદર્ભમાં 13.58 ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી. આ વૃદ્ધિમાં વેલ્યુ-એડેડ સેગમેન્ટ્સનું મુખ્ય યોગદાન રહ્યું હતું. ચાર મહિનાના સમયગાળા દરમિયાન સ્ટડેડ ગોલ્ડ જ્વેલરીની નિકાસ 21.09 ટકા વધીને 2.24 અબજ યુએસ ડોલર થઈ હતી. ચાંદીના આભૂષણોની નિકાસ 72.19 ટકા વધીને 508.18 મિલિયન યુએસ ડોલર, પ્લેટિનમના આભૂષણોની નિકાસ 17.20 ટકા વધીને 77.82 મિલિયન યુએસ ડોલર અને પોલિશ્ડ લેબ-ગ્રોન ડાયમંડની નિકાસ 7.47 ટકા વધીને 408.50 મિલિયન યુએસ ડોલર થઈ હતી. જુલાઈ 2026માં કુલ નિકાસ મોટાભાગે સ્થિર રહીને 2.35 અબજ યુએસ ડોલર (રૂ. 22,511.64 કરોડ) થઈ હતી, જે જુલાઈ 2025માં 2.34 અબજ યુએસ ડોલર (રૂ. 20,157.76 કરોડ) હતી. આમ, યુએસ ડોલરના સંદર્ભમાં નિકાસમાં નજીવો 0.38 ટકાનો અને રૂપિયાના સંદર્ભમાં 11.68 ટકાનો વધારો થયો હતો. જુલાઈ દરમિયાન કામગીરીને ગોલ્ડ જ્વેલરીની નિકાસથી ટેકો મળ્યો હતો, જેમાં 8.73 ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી. યુએઈ, હોંગકોંગ, સિંગાપોર અને યુકેમાંથી આવેલી માંગને પગલે સ્ટડેડ ગોલ્ડ જ્વેલરીની નિકાસ વાર્ષિક ધોરણે 21.36 ટકા વધી હતી.મહિના દરમિયાન સોનાના ભાવમાં ઘટાડો ચાલુ રહ્યો હતો અને જૂન 2026માં પ્રતિ ટ્રોય ઔંસ 4,238.32 યુએસ ડોલરથી ઘટીને જુલાઈ 2026માં 4,073.92 યુએસ ડોલર થયા હતા. આમ, ભાવમાં વધુ 3.88 ટકાનો ઘટાડો થયો હતો. જૂનમાં માસિક ધોરણે નોંધાયેલા 10.28 ટકાના ઘટાડા બાદ સતત બીજા મહિને સોનાના ભાવમાં નરમાઈ જોવા મળી હતી.

## હિમાલયા બેબીકેર રજૂ કરે છે, 'પ્યોર બીગીનિંગ ઘી ગિફ્ટ પેક', શુદ્ધ શરૂઆત સાથે બાળકની સર્વપ્રથમ ભેટની ઉજવણી કરતી એક ડીવીસી



અમદાવાદ: હિમાલયા બેબીકેર, ભારતની સૌથી વિશ્વાસનિય બેબીકેર બ્રાન્ડ્સમાંની એક, જેને બાળકો પણ પસંદ કરે છે, તે તેના નવા હિમાલયા બેબી પ્યોર બિગીનિંગ્સ ઘી ગિફ્ટ પેક માટે રજૂ કરે છે, એક નવી એઆઈ દ્વારા તૈયાર કરવામાં આવેલી ડીવીસી છે, ટેકનોલોજી આધારીત વાર્તાની રજૂઆત, સાંસ્કૃતિક સંબંધિત અને પ્રીમિયમ ઉત્પાદન સ્થાનનું સંયોજન દ્વારા વિકસતી નવજાતને આપવામાં આવતી ભેટની શ્રેણી તેની હાજરીને વધુ મજબૂત કરશે. ભારતીય ઘરોમાં નવજાત શિશુઓને ભેટ આપવી એ ગાઢ લાગણી અને પ્રતિકાત્મક હોય છે, આ જ બાબતને ધ્યાનમાં રાખીને આ અભિયાન એ પરંપરાગત બાળકની ભેટને આધુનિક દૃષ્ટિકોણથી પુનઃરૂપરેખાંકિત કરે છે. આ અભિયાન હિમાલયા બેબી પ્યોર બીગીનિંગ ઘી ગિફ્ટ પૅકને વિચારશીલ અને પ્રીમિયમ ભેટ ઉકેલ તરીકે રજૂ કરે છે, જે વિશ્વસનીય, નમ્ર અને અર્થપૂર્ણ બાળ સંભાળ માટે યોગ્ય પ્રોડક્ટ્સને શોધી રહેલા આધુનિક પરિવારો માટે ખાસ તૈયાર કરવામાં આવ્યું છે. નરમ, ભાવનાત્મક રીતે સાંકળી શકાય તેવા દૃશ્યો દ્વારા, ફિલ્મમાં દર્શાવે છે કે, આજકાલ નવજાત માટેની ભેટો ઉપયોગ-આધારિત ખરીદીઓથી આગળ વધીને કાળજી, ભાવના અને જાગૃત માતાપિતૃત્વનું વિસ્તરણ બની રહી છે. એઆઇ-સંચાલિત સર્જનાત્મક અમલ દ્વારા, ડીવીસી હિમાલયા બેબીકેરની આધુનિક સામગ્રી ફોર્મેટ્સ અને નવીન વાર્તાકથન પદ્ધતિઓ અપનાવવાની સતત પ્રતિબદ્ધતા દર્શાવે છે, જેથી ડિજિટલી વિકસતા માતાપિતાઓ સાથે વધુ મજબૂત જોડાણ સ્થાપિત થાય.ડીવીસી એક હૂંફાળા વાતાવરણથી શરૂ થાય છે, જેમાં હિમાલયા બેબીકેર પ્યોર બિગીનિંગ્સ ઘી ગિફ્ટ પૅક એ ધીમે-ધીમે પીડિયાટ્રિશિયન દ્વારા મૂલ્યાંકિત પાંચ બેબી કેર આવશ્યક વસ્તુઓની રેન્જ રજૂ કરે છે – હિમાલયા બેબી બાર વિથ પ્યોર કાઉ ઘી, હિમાલયા હેડ ટુ ટો બેબી વોશ વિથ પ્યોર કાઉ ઘી, હિમાલયા બેબી લોશન વિથ પ્યોર કાઉ ઘી, હિમાલયા બેબી ક્રીમ શુદ્ધ ગાયના ઘી સાથે, અને હિમાલયા બેબી રેશ રિલીફ ક્રીમ શુદ્ધ ગાયના ઘી સાથે. આ પ્રોડક્ટ્સ એ ડર્મેટોલોજિકલ પરીક્ષણ કરાયેલા છે અને પેરાબેન્સ તથા કૃત્રિમ રાસાયણોથી મુક્ત છે, જે બ્રાન્ડની સુરક્ષિત અને વિશ્વસનીય બેબી કેર પૂરા પાડવાની પ્રતિબદ્ધતાને યોગ્ય બનાવે છે. આ વાર્તા એ વિચાર પર આધારિત છે કે બાળકો માટે ભેટ આપવી એટલે ફક્ત ઉત્પાદન આપવા એટલું જ નહીં, પરંતુ પરંતુ બાળકના શરૂઆતના સમયમાં પ્રેમ, કાળજી અને આરામ પણ ભેટમાં આપવાનું છે.કેમ્પેઇન વિશે જણાવતા, શ્રી એન.વી. ચક્રવર્તી, ડિરેક્ટર- બેબીકેર, હિમાલયા વેલનેસ કંપની કહે છે, "હિમાલયા બેબીકેર ખાતે અમને માનીએ છીએ કે, બેબીની પ્રથમ ભેટ એ હંમેશા વિચારપૂર્ણ, શુદ્ધ અને ખરેખર ખાસ હોવી જોઈએ, જેથી તે નવા બાળકના આગમનની આસપાસના પ્રેમ અને કાળજીને બતાવે છે.

## મહિન્દ્રાનો બ્લેઝો i-TRK : ભારતમાં નફાકારક અને ઇન્ટેલિજન્ટ ટ્રકિંગ માટે નવો માપદંડ સ્થાપિત કરે છે

(એજન્સી) મુંબઈ | તા.14

મહિન્દ્રા ગ્રૂપની કંપની મહિન્દ્રા ટ્રક એન્ડ બસે આજે સંપૂર્ણપણે નવા અત્યાધુનિક હેવી કમર્શિયલ ટ્રક બ્લેઝો i-TRK લૉંચ કરવાની જાહેરાત કરી હતી, જે ટ્રાન્સપોર્ટર અને કાફલાના માલિકોને એકમાત્ર વચન - પ્રોફિટ કા રોકેટને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યો છે. આને ફક્ત ટ્રકને બદલે સંપૂર્ણ બિઝનેસ સોલ્યુશન તરીકે બનાવવામાં આવ્યો છે. બ્લેઝો i-TRKમાં શ્રેષ્ઠ ફ્યુઅલ અસરકારકતા, હાઈ-પર્ફોર્મન્સ પાવરટ્રેન, ઈન્ટેલિજન્ટ કનેક્ટેડ ટેકનોલોજી અને ઉદ્યોગમાં સૌથી સારી અપટાઈમ ગેરન્ટી જેવી ખાસિયતો છે. આ ગ્રાહકોને વધારે કમાણી કરવા, ઉત્પાદકતા વધારવા, કાર્યકારી ખર્ચ ઘટાડવા અને પોતાના કાફલા પર શ્રેષ્ઠ નિયંત્રણ રાખવામાં મદદ કરે છે. બ્લેઝો i-TRKને ગ્રાહકો માટે ત્રણ મજબૂત ખાતરી



સાથે બનાવવામાં આવ્યો છે :વધારે કમાણી : 10% શ્રેષ્ઠ ફ્યુઅલ અસરકારકતા સુધી આપતો બ્લેઝો i-TRK ઈંધણની દરેક બૂંદમાંથી મહત્તમ લાભ મેળવવા અનેક અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરે છે, જેમાં AI-પાવર્ડ ઇફ્યુઅલસ્માર્ટ ઓટો ડ્રાઈવ મોડ, ટર્બોMAXX ટર્બોચાર્જર, ઓપ્ટિફ્યુઅલ એર કમ્પ્રેશર અને અન્ય વિવિધ હાર્ડવેર સોલ્યુશન અને સોફ્ટવેર ઈનોવેશન શામેલ છે. આ કુલ બચત પાંચ વર્ષમાં દરેક ટ્રક પર 15 લાખ* સુધીનો વધારે નફો આપી શકે છે, જેથી ગ્રાહકોને પોતાનો વ્યવસાય ઝડપથી વધારવામાં મદદ મળે છે. વધારે કાર્યક્ષમતા : બ્લેઝો i-TRKની સંપૂર્ણ રેન્જમાં મહિન્દ્રાનું વિશ્વસનિય અને બેસ્ટ-ઈન-ક્લાસ 320 HP mપાવર એન્જિનનો ઉપયોગ તયો છે, જે મજબૂત કામગીરી, ઊંચી વિશ્વસનિયતા અને વધારે ઉત્પાદકતા આપે છે. ડ્રાઈવરના આરમ માટે તેમાં COMFiMAXX સસ્પેન્ડેડ સીટ, ઈઝીક્રૂઝ ક્રૂઝ કન્ટ્રોલ, હેન્ડ્સફ્રી અને સલામત રીતે વાત કરવા બ્લુટૂથ અનેબલ્ડ મ્યુઝિક સિસ્ટમ વિથ માઈક તથા મોટી, પ્રીમિયમ અને અર્ગોનોમિક AC કેબિન જેવી સુવિધાઓ છે, જે ડ્રાઈવરને લાંબી સફરમાં આરામદાયક રીતે કામ કરવાની મોકળાશ આપે છે, કાફલાને વધારે કાર્યદક્ષતા સાથે વધારે ટ્રિપ કરવા સક્ષમ બનાવે છે.દરેક BLAZO i-TRK ની સાથે મહિન્દ્રાની સંપૂર્ણ સેવાની ખાતરીનો પ્રોગ્રામ મળે છે, જે વાહનની ઉપલબ્ધતા વધારવા અને કાર્યકારી ખર્ચને ઘટાડવા માટે બનાવવામાં આવ્યો છે. એની મુખ્ય વિશેષતા ઉદ્યોગની સૌપ્રથમ 48 કલાકની અપટાઈમ ગેરન્ટી* છે, જે અંતર્ગત વાહન 48 કલાક*ની અંદર રોડ પર ફરી દોડે નહીં, તો ગ્રાહકોને દરરોજ 10,000* મળે છે.

# એમ્બેસી REIT નિફ્ટી 500માં શામેલ થશે અને નિફ્ટી મિડકેપ 150માં એકમાત્ર REIT બનશે

બેંગાલુરુ : ભારતની પ્રથમ લિસ્ટેડ REIT અને એરિયાના હિસાબે એશિયામાં સૌથી મોટી ઓફિસ REIT એમ્બેસી ઓફિસ પાર્ક્સ REIT (NSE: EMBASSY / BSE: 542602) ('Embassy REIT')એ આજે જાહેરાત કરી હતી કે, કંપની NSE ઈન્ડાઈસીસ લિમિટેડ દ્વારા લેટેસ્ટ પીરિયોડિક રિવ્યૂના ભાગરૂપે અન્ય વ્યાપક NSE સૂચકાંકોની સાથે નિફ્ટી 500 અને નિફ્ટી મિડકેપ 150માં શામેલ થશે. સંશોધિત ઈન્ડેક્સ માળખા અંતર્ગત એમ્બેસી REIT નિફ્ટી મિડકેપ 150માં એકમાત્ર REIT હશે. આ પરિવર્તન 30 સપ્ટેમ્બર, 2026થી લાગુ થશે. આ રીતે મુખ્ય બજાર બેન્ચમાર્કમાં એમ્બેસી REITની હાજરી મજબૂત થશે, રોકાણની દુનિયામાં એની ઓળખ વધસે તથા સંસ્થાગત અને પેસિવ રોકાણકારોની ભાગીદારી વધવાની સંભાવના છે. ભારતમાં વિવિધ ETFs અને ઈન્ડેક્સ ફંડ અગાઉથી જ નિફ્ટી મિડકેપ 150ને ટ્રેક કરે છે એટલે રોકાણકારોની પહોંચના દ્રષ્ટિકોણથી આ પગલું વિશેષ મહત્વપૂર્ણ છે.એમ્બેસી REITના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અમિત શેટ્ટીએ કહ્યું હતું, "અમને અન્ય મુખ્ય NSE ઈન્ડેક્સમાં પણ સ્થાન આપવાની સાથે નિફ્ટી 500 અને ખાસ કરીને નિફ્ટી મિડકેપ 150માં એકમાત્ર REIT તરીકે શામેલ કરવામાં આવી છે. આ એમ્બેસી REIT અને ભારતીય લિસ્ટેડ REIT બજારના સતત વિકાસ માટે મહત્વપૂર્ણ ક્ષણ છે. ઈન્ડેક્સમાં શામેલ થવાથી REITs ભારતના મૂડીબજારના મુખ્ય પ્રવાહમાં વધારે મજબૂતી સાથે જોડાઈ છે, જેથી રોકાણકારોના એક મોટા વર્ગ સુધી પહોંચ બને છે.

# મોન્ટ્રા ઈલેક્ટ્રિકે સુપર ઓટોની પહેલી વાર નિકાસ કરીને આંતરરાષ્ટ્રીય બજારોમાં પ્રવેશ કર્યો

મુંબઈ : ભારતની સંપૂર્ણ ઈલેક્ટ્રિક કમર્શિયલ વ્હિકલ બ્રાન્ડ મોન્ટ્રા ઈલેક્ટ્રિકે નેપાળ, તાન્ઝાનિયા અને પશ્ચિમ આફ્રિકામાં પોતાના સુપર ઓટો પ્લેટફોર્મને લોંચ કરીને આંતરરાષ્ટ્રીય સ્તરે વિસ્તરણ કામગીરી શરૂ કરી દીધી છે. કંપનીએ તાન્ઝાનિયાની સાથે નેપાળ માટે પોતાની પ્રથમ નિકાસ કન્સાઈન્મેન્ટ રવાના કરી દીધી છે. કંપનીને પશ્ચિમ આફ્રિકામાંથી ઓર્ડર મળ્યાં છે, જે વિકાસશીલ બજારોમાં પર્યાવરણને અનુકૂળ મોબિલિટી સમાધાનોની ઊંચી માગને સંકેત આપે છે. પોતાની આંતરરાષ્ટ્રીય યોજનાના ભાગરૂપે મોન્ટ્રા ઈલેક્ટ્રિક એશિયા, આફ્રિકા અને અન્ય વિકાસશીલ ક્ષેત્રોમાં અનેક બજારોનું મૂલ્યાંકન કરી રહી છે, જેમાં વિકાસની સારી સંભાવનાઓ છે. કંપની એ ક્ષેત્રોને પ્રાથમિકતા આપી રહી છે, જ્યાં EV માટે સાનુકૂળ નીતિઓ, કામ કરવા અનુકૂળ આર્થિક સ્થિતિસંજોગો છે અને લાસ્ટ-માઈલ મોબિલિટી સમાધાનો માટેની માગ વધી રહી છે.કંપનીની આંતરરાષ્ટ્રીય વિસ્તરણ કામગીરી પર મોન્ટ્રા ઈલેક્ટ્રિક (TI ક્લીન મોબિલિટી પ્રાઈવેટ લિમિટેડ)ના ચેરમેન શ્રી અરુણ મુરુગપ્પને કહ્યું હતું, 'મોન્ટ્રા ઈલેક્ટ્રિકનું સુપર ઓટો સાથે નેપાળમાં પ્રવેશ ગ્રૂપના લાંબા ગાળાના વિશ્વાસને દર્શાવે છે કે, એન્જિનીયરિંગની ઉત્કૃષ્ટતા વાસ્તવિક જરૂરિયાતો પૂર્ણ કરવી જોઈએ, પછી એ ખેડૂત હોય, કાફલાના ઓપરેટર હોય કે દેશની પોતાની ઊર્જા સાથે સંબંધિત મહત્વાકાંક્ષાઓ હોય. અમારી રેન્જ આ સફરના દરેક ભાગને પૂર્ણ કરવા બનાવવામાં આવી છે, ફર્સ્ટ માઈલથી લાસ્ટ માઈલની મોબિલિટી સુધી.

### મોટર ઈન્શ્યોરન્સ પોર્ટફોલિયોને વધુ મજબૂત બનાવ્યો

## બજાજ જનરલ ઈન્શ્યોરન્સે સંરક્ષણ કર્મચારીઓ માટે પ્રોશીલ્ડ અને વધુ સુવિધાઓ સાથેનું વીપે 2.0 લૉન્ચ

પુણે: ભારતની અગ્રણી પ્રાઈવેટ જનરલ ઈન્શ્યોરન્સ કંપનીમાંથી એક, બજાજ જનરલ ઈન્શ્યોરન્સ લિમિટેડે આજે સંરક્ષણ કર્મચારીઓ માટે ખાસ ડિઝાઈન કરેલ પૅકેજ્ડ મોટર ઈન્શ્યોરન્સ સોલ્યુશન પ્રોશીલ્ડ અને આજના જમાનાના કનેક્ટેડ વાહનો તથા બદલાતા મોબિલિટી જોખમોને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલ વીપે 2.0 લૉન્ચ કરવાની જાહેરાત કરી છે, જે દેશભરના વાહન માલિકો માટે વીમાના અનુભવને વધુ સરળ અને વ્યાપક બનાવશે.

આપણા સંરક્ષણ કર્મચારીઓ દેશની સરહદો અને સુરક્ષાની રક્ષા કરતા હોવાથી, તેમની ફરજનું જીવન વારંવારના સ્થળ પરિવર્તન, કામગીરીની પ્રતિબદ્ધતાઓ અને પરિવારથી લાંબા સમય સુધી દૂર રહેવા જેવી પરિસ્થિતિઓથી ઘડાયેલું હોય છે. તેમની દેશ સેવા પ્રત્યેના અપાર આદર સાથે તૈયાર કરવામાં આવેલું પ્રોશીલ્ડ સૈનિક જીવન સાથે સંકળાયેલા વિશિષ્ટ પડકારોને પહોંચી વળવા માટે તૈયાર કરાયેલું એક ખાસ સોલ્યુશન છે, જે સુરક્ષા, સુવિધા અને વિશ્વસનીય નાણાંકીય સહાય પૂરી પાડે છે પછી ભલે તેઓની ફરજ ગમે ત્યાં હોય.

પ્રોશીલ્ડની મુખ્ય વિશેષતાઓમાં વ્હીકલ રિલોકેશન પ્રોટેક્શન, ટ્રાવેલ ઈમરજન્સી પ્રોટેક્શન, ડોક્યુમેન્ટ લોસ પ્રોટેક્શન અને ડેડીકેટેડ પ્રાયોરિટી આસિસ્ટન્સનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, દેશભરમાં સાત હજાર કરતાં વધુ ગેરેજના વિશાળ નેટવર્કની ઍક્સેસ પણ ગ્રાહકોને મળે છે.

જેમ જેમ વાહનો વધુને વધુ કનેક્ટેડ, સૉફ્ટવેર આધારિત અને ટેક્નોલોજીની દૃષ્ટિએ અદ્યતન બની રહ્યા છે, તેમ ગ્રાહકો પણ અપેક્ષા રાખે છે કે મોટર ઈન્શ્યોરન્સ પરંપરાગત અકસ્માત સંબંધિત સુરક્ષાથી આગળ વધીને બદલાતી જરૂરિયાતો અનુસાર વિકસે. વીપેની સફળતાને આગળ વધારતા, વીપે 2.0 ને એક વન-સ્ટોપ મોટર ઈન્શ્યોરન્સ સોલ્યુશન તરીકે નવા સ્વરૂપમાં રજૂ કરવામાં આવ્યું છે. પ્રાઈમ, ક્લાસિક અને ઈલાઈટ વેરિઅન્ટમાં ઉપલબ્ધ આ પ્રૉડક્ટ ગ્રાહકોને તેમની જરૂરિયાતોને અનુરૂપ સુરક્ષાનું લેવલ પસંદ કરવાની સુવિધા આપે છે.

### IPO — ૫,૫૦૦ મિલિયન રૂપિયાના આઈપીઓની તારીખો અને પ્રાઈસ બેન્ડ જાહેર

# ગજા કેપિટલ ઈન્ડિયા ફંડ અને બ્રિજ લોનની ચુકવણી માટે ફ્રેશ ઈશ્યૂમાંથી નાણાં ફાળવાશે

(એજન્સી) અમદાવાદ | તા.14

ગજા અલ્ટરનેટિવ એસેટ મેનેજમેન્ટ લિમિટેડ (the "Company") તેના ઈક્વિટી શેરના આઈપીઓ સંબંધિત બિડ/ઓફર બુધવાર, 19 ઓગસ્ટ, 2026ના રોજ ખોલશે. ઓફરનો પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. 152થી રૂ. 160 નક્કી કરવામાં આવી છે ("Price Band"). બિડ રૂ. 5ની ફેસ વેલ્યૂ ધરાવતા ઓછામાં ઓછા 93 ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ રૂ. 5ની ફેસ વેલ્યૂ ધરાવતા 93 ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે ("Minimum Bid Lot").એન્કર ઈન્વેસ્ટર્સ માટે બિડીંગની તારીખ મંગળવાર, 18 ઓગસ્ટ, 2026 રહેશે. બિડ/ઓફર બુધવાર, 19 ઓગસ્ટ, 2026ના રોજ ખુલશે અને શુક્રવાર, 21 ઓગસ્ટ, 2026ના રોજ બંધ થશે.રૂ. 5ની ફેસ વેલ્યૂ ધરાવતા આવા ઈક્વિટી શેરની કુલ ઓફર સાઈઝનું મૂલ્ય રૂ. 5,500.00 મિલિયન સુધીનું છે. તેમાં રૂ. 4,500.00 મિલિયન સુધીના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ અને રૂ.




1,000.00 મિલિયન સુધીના ઈક્વિટી શેરની વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે.કંપની ફ્રેશ ઈશ્યૂમાંથી મળનારી ચોખ્ખી આવકનો ઉપયોગ (1.) ફંડ 4ના નીચેના ઘટક ફંડ્સમાં બાકી રહેલી સ્પોન્સર પ્રતિબદ્ધતા પૂરી કરવા અને બ્રિજ લોનની રકમની ચુકવણી માટે કરશે: (1) ગજા કેપિટલ ઈન્ડિયા ફંડ 2020 એલએલપી, (2) ગજા કેપિટલ ઈન્ડિયા ફંડ 2021 (અગાઉ ગજા કેપિટલ ઈન્ડિયા ફંડ 2020 તરીકે ઓળખાતું હતું) અને (3) બ્રિજ લોનની રકમ, (2.) પ્રસ્તાવિત ફંડ 5 માટેની તેની સ્પોન્સર પ્રતિબદ્ધતા પૂરી કરવા માટે રોકાણ કરશે અને (3.) સેકન્ડરીઝ ફંડ માટેની તેની સ્પોન્સર પ્રતિબદ્ધતા તથા સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે રોકાણ કરશે.12 ઓગસ્ટ, 2026ના રોજના રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ મારફતે ઓફર કરવામાં આવનારા ઈક્વિટી શેર બીએસઈ લિમિટેડ ("BSE") અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ("NSE" and together with BSE, the "Stock Exchanges") પર લિસ્ટ કરવાની દરખાસ્ત છે. ઓફરના હેતુ માટે એનએસઈ નિયુક્ત સ્ટોક એક્સચેન્જ છે.જેએમ ફાઈનાન્શિયલ લિમિટેડ અને આઈઆઈએફએલ કેપિટલ સર્વિસીસ લિમિટેડ (અગાઉ આઈઆઈએફએલ સિક્યોરિટીઝ લિમિટેડ તરીકે ઓળખાતી હતી) ઓફરના બુક રનિંગ લીડ મેનેજર છે.આ ઓફર સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) રૂલ્સ, 1957ના સુધારેલા નિયમ 19(2)(બી) (the "SCRR") અનુસાર અને સેબી આઈસીડીઆર નિયમોના નિયમન 31 સાથે વાંચવામાં આવતા તથા સેબી આઈસીડીઆર નિયમોના નિયમન 6(1)નું પાલન કરીને બુક બિલ્ડિંગ પ્રક્રિયા મારફતે કરવામાં આવી રહી છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, શ્રાવણ સુદ - 03

# સંસદમાં વડાપ્રધાન-ગૃહમંત્રી મહેમાનની ભૂમિકામાં

દિલ્હીમાં વિદ્યાર્થીઓ સામે પોલીસ કાર્યવાહીના નિવેદનને કારણે સંસદનું ચોમાસુ સત્ર ધોવાઈ ગયું. વડાપ્રધાન મોદી અને અમિત શાહ સત્રમાં ગેરહાજર રહ્યા. કોંગ્રેસે '56 ઈંચ કા છોટા બંદર, જલ્દી આવો સદન કે અંદર' ના નારા લગાવ્યા. માયાવતીએ વિરોધપક્ષોને FCRA સુધારા બિલ અટકાવવા બદલ જવાબદાર ઠેરવ્યા. રાહુલ ગાંધીએ આવક કરતા વધુ મિલકત કેસ સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો.દિલ્હીના જંતર મંતર ખાતે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે થયેલી પોલીસ કાર્યવાહી બાબતે નિવેદનના મામલે સંસદનું ચોમાસુ સત્ર સંપૂર્ણ રીતે ધોવાઈ ગયું. સત્રના છેલ્લા દિવસે અનિશ્ચિત સમય સુધી લોકસભાની કાર્યવાહી સ્થગીત કરવામાં આવી હતી. આ પહેલા વંદે માતરમ ગાઈને એવું પુરવાર કરવાની કોશિષ થઈ હતી કે, અમે જ ખરા દેશભક્ત છીએ. સત્રના એક પણ દિવસ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સંસદમાં ફરક્યા નહોતા. છેલ્લા દિવસે તેઓ એ રીતે આવ્યા હતા જે રીતે ફિલ્મમાં ગેસ્ટ અપીરીયન્સ દરમિયાન અદાકારો જોવા મળે છે. લોકો પૂછી રહ્યા છે કે અમિત શાહે જે દરખાસ્ત છેક બુધવારે આપી એ સત્રની શરૂઆતના દિવસોમાં કેમ આપી નહોતી? શું વડાપ્રધાન અને કેન્દ્રીય ગૃહમંત્રી કોઈક અકળ કારણોસર વિરોધપક્ષના સાંસદોનો સામનો કરવા માંગતા નહોતા?સંસદના ચોમાસુ સત્ર દરમિયાન સંસદ ભવનની અંદર કરતા બહાર વધુ નાટકીય દ્રશ્યો જોવા મળ્યા હતા. બિહારના સાંસદ પપ્પુ યાદવએ સાધુનો વેશ ધારણ કરી અયોધ્યા મંદીરમાં થયેલી દાનચોરી પર કટાક્ષ કર્યો હતો. રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીએ પણ વરસતા વરસાદમાં છત્રી વગર ઉભા રહીને લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. રાંચીમાં ચાલી રહેલા વિદ્યાર્થી આંદોલન માટે રાહુલ ગાંધીની ચૂપકીદીની ટીકાના સૂત્રોચ્ચાર ભાજપના સાંસદોએ કર્યા હતા. હવે સત્રના છેલ્લા દિવસે કોંગ્રેસે કરેલા સૂત્રોચ્ચાર તરફ બધાનું ધ્યાન ખેંચાયું છે. કોંગ્રેસના સાંસદ પવન ખેડા રમકડાનો વાંદરો લઈને આવ્યા હતા. આ વાંદરો દર્શાવતા એમણે સૂત્રો પોકાર્યા હતા કે, '૫૬ ઈંચ કા છોટા બંદર, જલ્દી આવો સદન કે અંદર' એમનો આ ટોણો સ્વાભાવીક છે કે ભાજપના એક સિનિયર નેતા માટે હતો.બીએસપીના સુપ્રિમો માયાવતીએ એફસીઆરએ સુધારા બીલ બાબતે વિરોધપક્ષોને ધોયા છે. સંસદ ચાલવા નહીં દેવા માટે એમણે વિરોધપક્ષોને જવાબદાર ગણ્યા છે. માયાવતીએ સોશ્યલ મીડિયા એક્સ પર લખ્યું છે કે, 'બધા જાણે છે કે, એફસીઆરએ સુધારા બીલ સરકાર માટે અતી મહત્વપૂર્ણ હતું. સરકાર આ બીલ તરત પાસ કરાવવા માંગતી હતી, પરંતુ વિરોધપક્ષોના ભારે વિરોધને કારણે આ બીલ બાબતે ચર્ચા થઈ શકી નહીં અને ઉતાવળમાં હવે આ બીલ જોઈન્ટ પાર્લામેન્ટરી કમીટી (જેપીસી)ને મોકલી આપવામાં આવ્યું છે. એફસીઆરએ સુધારા બીલને કોંગ્રેસ સહિતના બીજા વિરોધપક્ષોએ લઘુમતી વિરોધી બતાવીને બીલ પરત લેવાની માંગણી કરી છે. બીજી તરફ સરકાર એને વિદેશી ફંડીગમાં થતા ભ્રષ્ટાચાર સાથે જોડીને ફેરફાર કરવા માંગે છે. વિરોધપક્ષોએ આ બીલ સંસદમાં મૂકવા દેવું જોઈતું હતું અને ત્યાર પછી એની નબળાઈ પુરા દેશને બતાવવી જોઈતી હતી. જોકે સાંસદોએ પોતાની જીદ પકડી રાખીને એમ થવા દીધું નહીં.'રાહુલ ગાંધીએ સુપ્રિમ કોર્ટ પાસે દાદ માગી છે. એમણે અલ્હાબાદ હાઈકોર્ટના હુકમને પડકાર્યો છે. અલ્હાબાદ હાઈકોર્ટે સીબીઆઈ અને ઈડીને રાહુલ ગાંધી સામે કરવામાં આવેલા આક્ષેપોની તપાસ કરવા કહ્યું હતું. આરોપ ભાજપના એક કાર્યકર્તાએ મૂક્યો હતો. આરોપ છે કે રાહુલ ગાંધી પાસે એમની આવકના પ્રમાણમાં વધુ સંપત્તી છે. કર્ણાટકના રહેવાસી અને ભાજપના કાર્યકર્તા વિગ્નેશ શીશીરની ફરિયાદ પછી કોર્ટે સીબીઆઈ અને ઈડીને તપાસ કરવા કહ્યું હતું. કોર્ટે કહ્યું હતું કે ફરિયાદ મળી છે તો આરોપોની તપાસ પણ થવી જોઈએ. હાઈકોર્ટે બંને એજન્સીઓને એમણે કરેલી તપાસની જાણકારી કોર્ટને આપવા કહ્યું હતું. રાહુલ ગાંધીએ સુપ્રિમ કોર્ટમાં અરજી દાખલ કરીને આ કેસ અલ્હાબાદ હાઈકોર્ટમાંથી દિલ્હી હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવાની માંગણી કરી છે.તામીલનાડુના મુખ્યમંત્રી જોસેફ વિજય અને વિરોધ પક્ષના નેતા ઉદયનીધી સ્ટાલીન વચ્ચે ઉંમરમાં ફક્ત ૩ વર્ષ અને ૫ મહિનાનો તફાવત છે. વિજય ડીએમકેના નેતા ઉદયનીધી કરતા મોટા છે. મુખ્યમંત્રી બન્યા પછી વિજયએ સ્ટાલીન અને ઉદયનીધીના ઘરે જઈને બધાને ચોંકાવી દીધા હતા. જોકે રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી કાવેરી મુદ્દે એક જમાનાના મિત્ર રાજકારણીઓ વચ્ચે તણાવ વધી ગયો છે. ઉદયનીધીએ જ્યારથી તૃષા કૃષ્ણન માટે ડબલ મીનીગ કોમેન્ટ કરી હતી ત્યારથી બંને નેતાઓ વચ્ચે કડવાશ વધી ગઈ છે. આ કડવાશ વિધાનસભામાં પણ જોવા મળી હતી.

## જામનગર એલસીબીના એએસઆઈ નાનજીભાઈ પટેલની રાષ્ટ્રપતિ પોલીસ ચંદ્રક માટે પસંદગી

વિશાલ જે હરવરા જામનગર

સ્વતંત્રતા દિવસ-૨૦૨૬ નિમિત્તે પોલીસ સેવામાં વિશિષ્ટ અને પ્રશંસનીય કામગીરી બદલ આપવામાં આવતા રાષ્ટ્રપતિ પોલીસ ચંદ્રક માટે ગુજરાતના



પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની પસંદગી કરવામાં આવી છે. જેમાં જામનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા સહાયક પોલીસ સબ ઈન્સ્પેક્ટર (એએસઆઈ) નાનજીભાઈ પટેલની પસંદગી કરવામાં આવી છે.પોલીસ સેવામાં ફરજ દરમિયાન નિષ્ઠા, કાર્યદક્ષતા અને વિશિષ્ટ કામગીરી બદલ એએસઆઈ નાનજીભાઈ પટેલને મળેલું આ સન્માન જામનગર પોલીસ પરિવાર માટે ગૌરવની વાત છે.સ્વતંત્રતા દિવસના રાષ્ટ્રીય પર્વ નિમિત્તે જાહેર થયેલી આ પસંદગીથી જામનગર પોલીસ બેડામાં આનંદની લાગણી પ્રસરી છે. પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ સહિત તેમના સાથીદારો દ્વારા નાનજીભાઈ પટેલને અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

## નખત્રાણા તાલુકાના ઉગેડી ગામે 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત નખત્રાણા તાલુકાના ઉગેડી ગામે દેશભક્તિના રંગે રંગાયેલી ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી. 'ઊંચા રહે તિરંગા હમારા...', 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ્'ના જયઘોષથી સમગ્ર ગામ દેશભક્તિના માહોલમાં ગુંજી ઉઠ્યું હતું.તિરંગા યાત્રામાં ગ્રામજનો, વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા યુવાનો ઉત્સાહભેર જોડાયા



હતા. હાથમાં રાષ્ટ્રધ્વજ સાથે નીકળેલી યાત્રાએ ગામના માર્ગો પર દેશપ્રેમની અનોખી છટા પાથરી હતી. યાત્રા દરમિયાન રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માન અને રાષ્ટ્રભાવનાનો સંદેશ આપવામાં આવ્યો હતો. ગામના સરપંચ કરણભાઈ રબારીએ જણાવ્યું હતું કે, "તિરંગો માત્ર રાષ્ટ્રધ્વજ નથી, પરંતુ દેશની એકતા, અખંડિતતા, શૌર્ય અને ગૌરવનું પ્રતિક છે. દરેક ઘરમાં તિરંગો લહેરાય અને દરેક હૃદયમાં રાષ્ટ્રપ્રેમની ભાવના વધુ પ્રબળ બને તે જ આ અભિયાનનો મુખ્ય હેતુ છે."ઉગેડી ગામની આ તિરંગા યાત્રાએ ગ્રામજનોમાં રાષ્ટ્રપ્રેમ અને એકતાની ભાવનાને વધુ મજબૂત બનાવી હતી. સમગ્ર કાર્યક્રમ દેશભક્તિના ઉમંગ અને ઉત્સાહ સાથે સંપન્ન થયો હતો.

## હિન્દુ-મુસ્લિમ શ્રદ્ધાનું પવિત્ર સંગમ, ભાઈચારા અને રાષ્ટ્રીય એકતાનો અનોખો સંદેશ આપતું હાજીપીર ધામ

જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)

સરહદી કચ્છના રણપ્રદેશમાં આવેલું હાજીપીર ધામ માત્ર ધાર્મિક આસ્થાનું કેન્દ્ર નથી, પરંતુ હિન્દુ-મુસ્લિમ એકતા, ભાઈચારો અને સર્વધર્મ સમભાવનું જીવંત પ્રતીક પણ છે. વર્ષોથી વિવિધ સમાજના શ્રદ્ધાળુઓ અહીં આસ્થા સાથે આવી હાજીપીર દાદાના દર્શન કરી શ્રદ્ધા વ્યક્ત કરે છે. હાજીપીર પોલીસ સ્ટેશન દ્વારા દેશભક્તિની ભાવના ઉજાગર કરવા તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં પોલીસ સ્ટાફ સાથે હાજીપીર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષક સ્ટાફ, આચાર્ય ચિરાગ પરમાર, તેમજ હાજીપીર દરગાહના મુજાવર પરિવાર પણ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.પી.એસ.આઈ. શ્રી ગોહિલ સાહેબ, કોન્સ્ટેબલ નરેન્દ્રસિંહ પરમાર સહિત પોલીસ સ્ટાફે તિરંગા યાત્રામાં ભાગ લીધો હતો. શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ હાથમાં તિરંગો ધારણ કરી દેશભક્તિના નારા લગાવ્યા હતા. મુજાવર પરિવારની ઉપસ્થિતિએ કાર્યક્રમમાં કોમી એકતા અને



ભાઈચારાનો સુંદર સંદેશ આપ્યો હતો.તિરંગા યાત્રા દરમિયાન શાળાના બાળકો, શિક્ષકો, પોલીસ કર્મચારીઓ, ગામના આગેવાનો, મુજાવર પરિવાર તથા ગ્રામજનોની એકસાથે ઉપસ્થિતિથી હાજીપીરનું સમગ્ર વાતાવરણ રાષ્ટ્રપ્રેમ અને એકતાના રંગે રંગાઈ ગયું હતું. સ્થાનિક સામાજિક કાર્યકર ડો. ઉમેશભાઈ આચાર્યએ જણાવ્યું હતું કે, "હાજીપીર માત્ર ધાર્મિક સ્થળ નથી, પરંતુ સરહદી વિસ્તારમાં કોમી એકતા અને ભાઈચારાનું ઉત્તમ ઉદાહરણ છે. અહીં વિવિધ ધર્મના લોકો શ્રદ્ધા સાથે આવે છે. આવી એકતા અને સૌહાર્દની પરંપરા સમાજને જોડવાનું કામ કરે છે."હાજીપીર ધામની વિશેષતા એ છે કે અહીં ધર્મ કરતાં માનવતા, ભાઈચારો અને પરસ્પર સન્માનની ભાવનાને વિશેષ સ્થાન મળતું જોવા મળે છે. તિરંગા યાત્રામાં વિવિધ વર્ગના લોકોની સહભાગિતાએ આ સંદેશને વધુ મજબૂત બનાવ્યો હતો.પવિત્ર હાજીપીર ધામની આસ્થા, હાથમાં લહેરાતો તિરંગો અને સાથે ચાલતા વિવિધ સમાજના લોકો–સરહદી કચ્છમાં કોમી એકતા, ભાઈચારા અને રાષ્ટ્રપ્રેમનું આ દૃશ્ય સૌ માટે પ્રેરણારૂપ બન્યું.

## હરિયાળા ગુજરાતના નિર્માણ માટે 'ગ્રીન અરાવલી' અભિયાન: વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી અને મંત્રી પ્રવિણભાઈ માળીની ઉપસ્થિતિમાં 'મેગા પ્લાન્ટેશન-૨૦૨૬' યોજાયો

પાલનપુર | ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને તેમજ વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ તથા વાહનવ્યવહાર વિભાગના રાજ્યમંત્રીશ્રી પ્રવિણભાઈ માળીની પ્રેરક ઉપસ્થિતિમાં "એક પેડ માઁ કે નામ-3.0" (એક વૃક્ષ, એક સંકલ્પ, હરિયાળું ગુજરાત આપણું લક્ષ્ય) તથા "ગ્રીન અરાવલી" અભિયાન અંતર્ગત અંબાજીમાં અરાવલી પર્વત, ગબ્બર રોડ ખાતે "મેગા પ્લાન્ટેશન-૨૦૨૬" કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણ અને અરાવલી પર્વતમાળાની હરિયાળી જાળવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, પર્યાવરણ પ્રત્યે લોકોમાં જાગૃતિ આવે અને નવી પેઢી પણ વૃક્ષારોપણના આ અભિયાન સાથે જોડાય તે માટે જંગલ વિસ્તાર સુધી પહોંચી કાર્ય કરી રહેલા મીડિયાના મિત્રો, માતાઓ-બહેનો, યુવાનો, વિદ્યાર્થીઓ તેમજ મોટી સંખ્યામાં જોડાયેલા સૌ નાગરિકોને અભિનંદન પાઠવું છું. આજે સૌને એવું લાગવું જોઈએ કે આ કામ માત્ર સરકાર કે વન વિભાગનું નહીં, પરંતુ આપણું પોતાનું કામ છે. માં અંબાના ખોળામાં, ગબ્બરના ગોપમાં બિરાજમાન માતાજીની નજર આપણા સૌ ઉપર છે ત્યારે વૃક્ષો વાવીને પ્રકૃતિની સેવા કરવી એ પણ માતાજીની સાચી સેવા અને પૂજા સમાન છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પ, રાજ્ય સરકાર અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ મંત્રીશ્રી અર્જુનભાઈ અને પ્રવીણભાઈ સહિતની ટીમ દ્વારા કરવામાં આવી રહેલા આ અભિયાનમાં પ્રજાને જોડવાનું કાર્ય ખૂબ જ સરાહનીય છે.

## મહીસાગરમાં GBS ના શંકાસ્પદ કેસોને પગલે કલેક્ટરશ્રી સુશ્રી અર્પિત સાગરે શાળાઓમાં ઓચિંતી મુલાકાત લીધી

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લામાં GBS (Guillain-Barr Syndrome) ના શંકાસ્પદ કેસો સામે આવતા જિલ્લા વહીવટી તંત્ર સફાળું જાગ્યું છે. બાળકોના સ્વાસ્થ્ય અને સુરક્ષાને સર્વોચ્ચ પ્રાધાન્ય આપતા જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરે આજરોજ લુણાવાડાની વિવિધ શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓની રૂબરૂ મુલાકાત લઈને સઘન તપાસ હાથ ધરી હતી.

જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા લુણાવાડા સ્થિત આદર્શ વિદ્યાલય, વાઈબ્રન્ટ વેવ્સ ઈન્ટરનેશનલ એકેડમી, ક્રિસ્ટલ ઈન્ટરનેશનલ સ્કૂલ, ક્રિસ્ટલ સાયન્સ સ્કૂલ, કન્યા પ્રાથમિક શાળા, નંદ ઘર (આંગણવાડી), વેદાંત કોલેજ, ઈન્ફિનિટી સ્કૂલ અને બ્રાઈટ વિદ્યાસંકુલની મુલાકાત લેવામાં આવી હતી.

આ મુલાકાત દરમિયાન મહેસૂલ, પંચાયત, ફૂડ સેફ્ટી, આરોગ્ય, શિક્ષણ અને DSO ની સંયુક્ત ટીમ દ્વારા વિશેષ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ખાનગી અને સરકારી શાળાઓ તેમજ આંગણવાડીઓમાં બાળકોને અપાતા ભોજન, પીવાનું પાણી અને સ્વચ્છતા (હાઈજીન) અંગે ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. ફૂડ સેફ્ટી વિભાગની ટીમ દ્વારા શાળાઓને સ્વચ્છતા જાળવવા અને જરૂરી નિયમોના કડક પાલન કરવા ગાઈડલાઈન પણ આપવામાં આવી છે, જેથી બાળકોને સંપૂર્ણ સુરક્ષિત વાતાવરણ મળી રહે.

## સ્વાતંત્ર્ય પર્વની પૂર્વસંધ્યાએ ન્યુ એરા પ્રોફેસર એકેડેમીમાં રક્તદાન કેમ્પ અને સંસ્કૃતિ કાર્યક્રમ

નરેન્દ્ર દવે જૂનાગઢ

કેશોદ તા.૧૪: સ્વાતંત્ર્ય પર્વની પૂર્વસંધ્યા એ કેશોદની ન્યુ એરા પ્રોફેસર એકેડેમી ખાતે રક્તદાન કેમ્પ તથા ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન જુનાગઢ સિવિલ હોસ્પિટલની ટીમ દ્વારા રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું, જેમાં રક્તદાતાઓ દ્વારા કુલ 54 યુનિટ રક્તનું દાન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે શાળાના વિવિધ ધોરણના અંગ્રેજી માધ્યમ તથા ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ અને ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.

## લીમખેડા ખાતે ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ

દિપક રાવલ દાહોદ લીમખેડા

દેશભક્તિ અને રાષ્ટ્રપ્રેમની ભાવનાને વધુ પ્રબળ બનાવવા માટે લીમખેડા ખાતે સાંસદસભ્ય અને પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી જસવંતસિંહ ભાભોર સાહેબ ની આગેવાની માં તિરંગા યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. યાત્રામાં ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ ભાભોર , મહામંત્રી શ્રી અનિલભાઈ શાહ, ભરતભાઈ ભરવાડ , સહિત સરપંચો ,તાલુકા પંચાયત સભ્યશ્રીઓ , અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, યુવાનો તથા નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

હાથમાં તિરંગો લઈને ભારત માતાના જયઘોષ સાથે યાત્રા શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ હતી. સમગ્ર વાતાવરણ દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું.

યાત્રા દરમિયાન "ભારત માતા કી જય", "વંદે માતરમ્" જેવા દેશભક્તિના નારાઓથી સમગ્ર વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો. ઉપસ્થિત સૌએ રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને ગૌરવ જાળવવાનો સંકલ્પ કર્યો હતો.

આ તિરંગા યાત્રા દ્વારા યુવાનો અને વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમ, એકતા અને દેશ પ્રત્યેની જવાબદારીની ભાવના કેળવવાનો સુંદર સંદેશ આપવામાં આવ્યો હતો.

## કેશોદમાં ભવ્ય તિરંગા યાત્રા, દેશભક્તિના રંગે રંગાયું શહેર

નરેન્દ્ર દવે જૂનાગઢ

કેશોદ તા.૧૪: સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યા એ કેશોદ નગરપાલિકા દ્વારા ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. કેશોદ બસ સ્ટેન્ડ ખાતેથી પ્રસ્થાન કરાયેલી આ યાત્રામાં 50 ફૂટ લાંબો વિશાળ તિરંગો મુખ્ય આકર્ષણ બન્યો હતો, જેનું નિર્માણ લાયન નેચર ક્લબ, કેશોદ દ્વારા કરવામાં આવ્યું હતું. યાત્રામાં નગરપાલિકા પ્રમુખ પ્રતીક્ષાબેન દેવળીયા, જુનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખ ચંદુભાઈ મકવાણા, પૂર્વ નગરપાલિકા પ્રમુખ મેહુલ ગોંડલીયા સહિત આગેવાનો, કાર્યકરો તથા મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા.

## જૂનાગઢમાં નરસિંહ મહેતા સરોવરથી જીમખાના સરદાર ચોક સુધી હર ઘર તિરંગા યાત્રાનું ભવ્ય આયોજન કરાયું

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૧૪ જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત રાષ્ટ્રીય સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે 'હર ઘર તિરંગા' અભિયાન અન્વયે હર ઘર તિરંગા યાત્રા ૨૦૨૬નું ભવ્યાતિભવ્ય આયોજન જૂનાગઢ શહેરના હાર્દ સમાન નરસિંહ મહેતા સરોવર ખાતેથી કરવામાં આવ્યું હતું. વંદે માતરમની ભાવનાને સમર્પિત અને ભારતના મહાન આઝાદી ચળવળના સેનાનીઓના શૌર્ય અને બલિદાનને બિરદાવવાના આ રાષ્ટ્રીય અભિયાન અન્વયે હર ઘર તિરંગા યાત્રા નરસિંહ મહેતા સરોવર ખાતેથી શરૂ કરીને આઝાદ ચોક, રાણાવાવ ચોક, ડો. આંબેડકર ચોક, કાળવા ચોક, જીમખાના સરદાર ચોક સુધી આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં જૂનાગઢના અબાલવૃદ્ધ નાગરિકો ઉત્સાહભેર જોડાયા હતા. આ સમગ્ર કાર્યક્રમની શરૂઆત દેશભક્તિ ગીતોથી કરવામાં આવી હતી. ત્યારબાદ બાળાઓએ દેશ રંગીલા ગીત ઉપર સુંદર નૃત્ય રજૂ કર્યું હતું.

## લુણાવાડા-સંતરામપુર હાઈવે પર કાર અને ટેન્કર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો.

જગદીશ ત્રિવેદી | મહીસાગર

પ્રાપ્ત થતી માહિતી અનુસાર મહીસાગર જિલ્લાના લુણાવાડા સંતરામપુર હાઈવે પર આવેલ હરીગરના મુવાડા ગામ પાસે કાર અને દૂધના ટેન્કર વચ્ચે ગોજારો અકસ્માત સર્જાવવા પામ્યો હતો આ અકસ્માતની કરુણ ઘટનામાં કારની અંદર સવાર એક જ પરિવારના ત્રણ સભ્યોના ઘટના સ્થળે જ કરુણ મોત નીપજવા પામતા ભારે ગમગીની છવાઈ જવા પામી હતી આ અકસ્માતમાં મૃત્યુ પામેલા ત્રણેય વ્યક્તિઓ દાહોદ જિલ્લાના ફતેપુરા ગામના રહેવાસી હોવાનું જણાઈ આવ્યું છે આ ગમખ્વાર અકસ્માતમાં મૃતક જનારમાં કારચાલક પુત્ર, તેની માતા અને દાદીનો સમાવેશ થાય છે. લુણાવાડા તરફથી દૂધથી ભરેલું ટેન્કર સરસણ તરફ જઈ રહ્યું હતું તે અરસામાં સંતરામપુર તરફથી લુણાવાડા તરફ આવી રહેલી એક કારને હરિગરના મુવાડા ગામ પાસે સામસામે ટેન્કર સાથે ધડાકાભર અથડાવા પામી હતી.

## હડાદના દલપુરા પ્રાથમિક શાળામાં ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી પૂર્વે ભવ્ય રિહર્સલ યોજાયું

માહિતી બ્યુરો, પાલનપુર | બનાસકાંઠા જિલ્લાના નવ નિર્મિત હડાદ તાલુકાના દલપુરા ગામ ખાતે આવેલી પ્રાથમિક શાળામાં તા. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ યોજાનાર ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી પૂર્વે આજે ભવ્ય રિહર્સલ યોજાયું હતું. નિવાસી અધિક કલેક્ટરશ્રી સી.પી. પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા આ રિહર્સલ દરમિયાન સ્વાતંત્ર્ય પર્વના મુખ્ય કાર્યક્રમની વિવિધ પ્રવૃત્તિઓની પ્રેક્ટિસ કરાવી કાર્યક્રમની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો હતો.રિહર્સલ દરમિયાન નિવાસી અધિક કલેક્ટરશ્રી સી.પી. પટેલ દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવી તિરંગાને સલામી આપવામાં આવી હતી. ત્યારબાદ તેમણે પરેડનું નિરીક્ષણ કરી ઉપસ્થિત સૌનું અભિવાદન ઝીલ્યું હતું. આ પ્રસંગે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અંતર્ગત યોજાનાર ધ્વજવંદન, પરેડ, માર્ચ પાસ્ટ, હર્ષધ્વનિ સહિતના વિવિધ કાર્યક્રમોની શિસ્તબદ્ધ રીતે રિહર્સલ કરવામાં આવ્યું હતું.

## રોડ સેફ્ટી અવેરનેસ: સુરક્ષિત રસ્તો, સુરક્ષિત જીવન



લેખક : જય ગિરી

રસ્તા પર આપણે રોજ મુસાફરી કરીએ છીએ. કોઈ કામ પર જાય છે, કોઈ શાળાએ-કોલેજે જાય છે, તો કોઈ પોતાના પરિવારને મળવા માટે નીકળે છે. દરેક વ્યક્તિ પોતાના ગંતવ્ય સુધી સલામત અને હસતાં-હસતાં પહોંચે, એ જ સાચી રોડ સેફ્ટી છે. પરંતુ એક ક્ષણની બેદરકારી, થોડી ઉતાવળ અથવા મસ્તી ક્યારેક આખી જિંદગીનો અફસોસ બની શકે છે.

ભારત સરકારના માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના 2023ના અહેવાલ મુજબ દેશમાં 1,72,890 લોકોનાં માર્ગ અકસ્માતોમાં મૃત્યુ થયા હતા. આ આંકડો માત્ર આંકડો નથી; તેની પાછળ હજારો પરિવારોની અધૂરી રહી ગયેલી કહાનીઓ છે.

### હેલ્મેટ — માથા પર ભાર નહીં, જીવનની સુરક્ષા

બાઈક કે સ્કૂટર ચલાવતી વખતે હેલ્મેટ પહેરવું ફરજિયાત નિયમ છે, પરંતુ તેનાથી પણ વધારે તે આપણી પોતાની જવાબદારી છે. હેલ્મેટ માત્ર પોલીસના દંડથી બચવા માટે નહીં, પરંતુ અકસ્માતની સ્થિતિમાં માથાને ગંભીર ઈજાથી બચાવવા માટે પહેરવું જોઈએ. ઘણી વખત લોકો નજીક જવાનું હોય ત્યારે હેલ્મેટ પહેરતા નથી. પરંતુ અકસ્માત ક્યારેય કહીને આવતો નથી. ઘરથી પાંચ મિનિટ દૂર હોવ કે પચાસ કિલોમીટર દૂર–હેલ્મેટ હંમેશા પહેરો.

સીટબેલ્ટ – કારમાં બેસો ત્યારે સૌપ્રથમ સુરક્ષા

કારમાં બેસ્યા પછી સીટબેલ્ટ બાંધવાની ટેવ જીવન બચાવી શકે છે. માત્ર ડ્રાઈવર જ નહીં, અન્ય મુસાફરોએ પણ ઉપલબ્ધ સીટબેલ્ટનો ઉપયોગ કરવો જોઈએ. કાર કેટલીય સુરક્ષિત હોય, પરંતુ જો મુસાફર પોતે સુરક્ષાના મૂળભૂત નિયમોનું પાલન ન કરે તો જોખમ ઓછું થતું નથી. સીટબેલ્ટ બાંધવામાં થોડી સેકન્ડ લાગે છે, પરંતુ તે સેકન્ડ જીવન માટે અમૂલ્ય બની શકે છે.

### ઓવર સ્પીડ — ઝડપથી નહીં, સલામત રીતે પહોંચો

"મારે જલ્દી પહોંચવું છે" – આ એક નાનું વાક્ય ક્યારેક મોટી દુર્ઘટનાનું કારણ બની શકે છે. ઓવર સ્પીડમાં વાહન ચલાવવાથી અચાનક બ્રેક મારવી, વળાંક પર વાહન નિયંત્રિત કરવું અથવા સામે આવતી પરિસ્થિતિમાં નિર્ણય લેવો મુશ્કેલ બની શકે છે. થોડી મિનિટ વહેલા પહોંચવા માટે આખું જીવન જોખમમાં મૂકવું શા માટે? રસ્તા પર સાચી જીત એ છે કે તમે તમારા ગંતવ્ય સુધી સલામત પહોંચો.

### રસ્તા પર મસ્તી નહીં, સમજદારી જરૂરી

વાહન ચલાવતી વખતે રેસ લગાવવી, સ્ટન્ટ કરવો, અચાનક ઓવરટેક કરવું, મોબાઈલમાં ધ્યાન આપવું કે મિત્રો સાથે મસ્તી કરવી–આ બધું ગંભીર અકસ્માતનું કારણ બની શકે છે. મિત્રો સામે પોતાની સ્પીડ બતાવવી સરળ છે, પરંતુ પરિવાર સામે સુરક્ષિત ઘરે પરત ફરવું વધારે મહત્વનું છે. રસ્તો મસ્તી કરવા માટેનું મેદાન નથી; રસ્તો જવાબદારીથી ચાલવા માટે છે.

### અકસ્મત થાય ત્યારે વીડિયો નહીં, મદદનો હાથ લંબાવો

રસ્તા પર અકસ્માત થાય ત્યારે લોકોનું ટોળું એકઠું થઈ જાય છે. કોઈ વીડિયો બનાવે છે, કોઈ ફોટો પાડે છે, તો કોઈ માત્ર જોઈને આગળ વધી જાય છે. પરંતુ અકસ્માતગ્રસ્ત વ્યક્તિ માટે એ ક્ષણ જીવન અને મૃત્યુ વચ્ચેની હોઈ શકે છે. જો પરિસ્થિતિ સુરક્ષિત હોય, તો ઈમરજન્સી મદદ પહોંચાડવામાં સહયોગ આપો, ટ્રાફિકને વ્યવસ્થિત કરવામાં મદદ કરો અને ઈજાગ્રસ્ત વ્યક્તિને જરૂરી તબીબી સહાય મળે તે માટે પ્રયાસ કરો. અકસ્મતનો વીડિયો વાયરલ કરવાથી કોઈનું જીવન નહીં બચે, પરંતુ સમયસર કરેલી મદદ કોઈનું જીવન બચાવી શકે છે.

### રોડ સેફ્ટી સરકારની જ નહીં, આપણી પણ જવાબદારી

રસ્તા, વાહન અને ટ્રાફિક વ્યવસ્થા જેટલી મહત્વની છે, એટલી જ મહત્વની છે વાહનચાલકની માનસિકતા અને જવાબદારી. હેલ્મેટ પહેરવું, સીટબેલ્ટ બાંધવું, ઝડપ નિયંત્રિત રાખવી, ટ્રાફિક સિગ્નલનું પાલન કરવું અને વાહન ચલાવતી વખતે સંપૂર્ણ ધ્યાન રસ્તા પર રાખવું–આ નાની-નાની આદતો મોટા અકસ્માતને અટકાવી શકે છે.

આજે એક સંકલ્પ કરીએ

હેલ્મેટ વગર બાઈક નહીં ચલાવીએ.
સીટબેલ્ટ વગર કાર નહીં ચલાવીએ.
ઓવર સ્પીડ નહીં કરીએ.
રસ્તા પર મસ્તી કે સ્ટન્ટ નહીં કરીએ.
વાહન ચલાવતી વખતે મોબાઈલનો ઉપયોગ નહીં કરીએ.
અને અકસ્મતમાં જરૂરિયાતમંદને મદદથી પાછળ નહીં હટીએ.

કારણ કે રસ્તા પર આપણી સાથે માત્ર એક વ્યક્તિ મુસાફરી કરતી નથી–આપણા પરિવારની આશા પણ આપણી સાથે મુસાફરી કરે છે.

"ઘરે કોઈ તમારી રાહ જોઈ રહ્યું છે
ઝડપ નહીં, સલામતી પસંદ કરો.
સલામત ચલાવો, સલામત પહોંચો."

જય ગિરી વી. ગોસ્વામી
Founder, Nakhatrana Bloggers

## સિંહોને તેના વસવાટમાં રંજાડવા નું સરકારી ષડયંત્ર નિષ્ફળ : અંતે, સરકાર બેકફૂટ પર જંગલની જમીન અલ્ટ્રાટેકને આપવાની દરખાસ્ત નામંજૂર

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ તાલુકાના બાબરકોટ ની જમીન માઈનિંગ માટે પધરાવી દેવાનાં કૌભાંડ જેવાં આયોજન પર પ્રોજેક્ટ સ્ક્રીનિંગ કમિટીએ પૂર્ણવિરામ મૂકવું પડયું શું માત્ર દરખાસ્ત ના મંજૂર કરવાથી ગુનો માફ થઈ જશે.???પ્રોજેક્ટ સ્ક્રીનિંગ કમિટીએ દરખાસ્ત રદ કરીને જમીન તો સિંહો માટે સુરક્ષિત રાખી લીધી પરંતુ હવે અસલ સવાલ એ ઊભો થાય છે કે, જે અધિકારીએ આંખ આડા કાન કરીને, પદનો દુરૂપયોગ કરી અલ્ટ્રાટેક કંપનીને લાભ પહોંચાડવા ખોટ રિપોર્ટ આપ્યો હતો તેમની



સામે શિસ્તભંગ કે ફોજદારી કાયદા હેઠળ પગલાં ક્યારે ભરાશે ? શું ઉચ્ચ સત્તાધીશો કે કંપનીના દબાણમાં આવા ભ્રષ્ટ રિપોર્ટ બનાવનારા આઈ.એફ.એસ. અધિકારી સામે સરકાર દાખલો બેસાડશે કે પછી મામલો રફેદફે કરી દેવાશે.....??? સરકારી ચોપડે કઈ રીતે સત્ય છૂપાવાયું....??? વનવિભાગના પોતાના જ અધિકૃત 'મેનેજમેન્ટ પ્લાન' મુજબ જાફરાબાદનો બાબરકોટ વિસ્તાર એ 'કોરિડોર નંબર ૨૨' તરીકે સ્થાપિત છે, જ્યાં આશરે ૫૦થી ૭૫ જેટલા એશિયાટિક સિંહોનો કાયમી વસવાટ અને મુક્ત અવરજવર છે. આમ છતાં ધારી ગીર પૂર્વના ડીસીએફ વિકાસ યાદવ દ્વારા એવો રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો કે આ વિસ્તારમાં કોઈ સિંહ કે કોરિડોર અસ્તિત્વ માં જ નથી! એક સરકારી અધિકારી કંપનીના હિત સાચવવા માટે આવા સફેદ જૂઠ સરીખા ખોટા દસ્તાવેજો કેમબનાવે.?? એ હવે તપાસનો વિષય બન્યો છે.

## જાફરાબાદમાં ૭ વર્ષ પહેલા થયેલ તોફાન અને મારામારીમાં ૩ સ્ત્રીઓ સહિત કુલ ૧૪ વ્યકિતઓને ૩ વર્ષની સખત કેદની સજા અને દંડ ફટકારતી જાફરાબાદ કોર્ટે

કિશોર આર. સોલંકી જાફરાબાદ

અત્રે કેસની વિગત એવી છે કે, આશરે સાતેક વર્ષે અગાઉ આ કામના ફરીયાદી શાંતાબેન ખોડાભાઈ શિયાળ જાફરાબાદ બેટીયાવાસમાં પોતાની દિકરીની હોળીની પ્રથમ ગીમ રાખેલ હોય અને તેની પ્રસાદી વહેચવા માટે નીકળેલ ત્યારે આરોપી ગોપાલભાઈ હમીરભાઈ તેની સાથે આગળના દિવસે શિયાળબેટ ગામે ખોટી રીતે અથડાયેલ હોય તેનો ઠપકો આપવા જતા ગોપાલભાઈ હમીરભાઈએ ફરીયાદી શાંતાબેનને ઢીકાપાટુ વડે માર મારેલો અને બાદમાં બધા આરોપીઓએ એક સંપકરી, ગેરકાનુની મંડળી રચી, તમામ આરોપીઓએ પોતાના હાથમાં કુહાડી, લોખંડના સળીયા, લાકડી જેવા ભયંકર હથીયારો ધારણ કરીને ફરીયાદી શાંતાબેનને માર મારવા આવતા, ફરીયાદી શાંતાબેન બચવા માટે તેના બહેન હીરૂબેનના ઘરે જતા રહેલા. ત્યારે આ કામના આરોપીઓએ ઘરનો દરવાજો તોડી ફરીયાદી શાંતાબેનને ઘર માંથી બહાર કાઢી આરોપી ગોપાલભાઈ હમીરભાઈએ કુહાડાને એક ધા ફરીયાદી શાંતાબેનને ડાબા હાથમાં મારી હાથમાં ગંભીર ઈજા કરેલી. આ વખતે આરોપી હમીરભાઈ જગાભાઈએ પણ ફરીયાદી શાંતાબેનને લાકડાના ધોકાને એક ધા માથામાં મારતા મુંઢ ઈજા કરેલી તેમજ આરોપી ભરતભાઈ જીવાભાઈનાએ સાહેદ નરશીભાઈને કુહાડીનો એક ધા મારી નીચે પછાડી દઈ ઈજાઓ કરી, આરોપી વિક્રમભાઈ હમીરભાઈ નાએ પણ વાસામાં લાકડીના બે-ત્રણ ધા મારીને ઈજા કરી. આ દરમ્યાન સાહેદ જોધાભાઈ ફરીયાદી શાંતાબેનને બચાવવા વચ્ચે પડતા આરોપી હમીરભાઈ જગાભાઈએ પગમાં લાકડીના બે-ત્રણ ધા મારીને અસ્થીભંગ જેવી ગંભીર ઈજાઓ કરેલી તેમજ સાહેદ પાંચીબેનને પણ આરોપી નં. ૫ નાએ લાકડી વતી માથામાં તથા છાતીના ભાગે આડેધડ માર મારી ઈજાઓ કરેલી તેમજ સાહેદ માનસંગભાઈને આરોપી ધરમશીભાઈ હમીરભાઈએ જમણા હાથમાં બાવડા ઉપર લાકડાના ધોકાના બે ધા મારેલા. સાહેદ લાચીબેનને આરોપી શુકરભાઈ જગાભાઈનાએ લોખંડના સળીયાનો એક ધા જોરથી મારતા ડાબા હાથના કાંડા ઉપર ફેકચર જેવી ઈજા કરેલી.

## હરિયાળા ગુજરાતના નિર્માણ માટે 'ગ્રીન અરાવલી' અભિયાન: વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી અને મંત્રી પ્રવિણભાઈ માળીની ઉપસ્થિતિમાં 'મેગા પ્લાન્ટેશન-૨૦૨૬' યોજાયો

પાલનપુર | ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને તેમજ વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ તથા વાહનવ્યવહાર વિભાગના રાજ્યમંત્રીશ્રી પ્રવિણભાઈ માળીની પ્રેરક ઉપસ્થિતિમાં "એક પેડ માઁ કે નામ-3.0" (એક વૃક્ષ, એક સંકલ્પ, હરિયાળું ગુજરાત આપણું લક્ષ્ય) તથા "ગ્રીન અરાવલી" અભિયાન અંતર્ગત અંબાજીમાં અરાવલી પર્વત, ગબ્બર રોડ ખાતે "મેગા પ્લાન્ટેશન-૨૦૨૬" કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણ અને અરાવલી પર્વતમાળાની હરિયાળી જાળવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, પર્યાવરણ પ્રત્યે લોકોમાં જાગૃતિ આવે અને નવી પેઢી પણ વૃક્ષારોપણના આ અભિયાન સાથે જોડાય તે માટે જંગલ વિસ્તાર સુધી પહોંચી કાર્ય કરી રહેલા મીડિયાના મિત્રો, માતાઓ-બહેનો, યુવાનો, વિદ્યાર્થીઓ તેમજ મોટી સંખ્યામાં જોડાયેલા સૌ નાગરિકોને અભિનંદન પાઠવું છું. આજે સૌને એવું લાગવું જોઈએ કે આ કામ માત્ર સરકાર કે વન વિભાગનું નહીં, પરંતુ આપણું પોતાનું કામ છે. માં અંબાના ખોળામાં, ગબ્બરના ગોપમાં બિરાજમાન માતાજીની નજર આપણા સૌ ઉપર છે ત્યારે વૃક્ષો વાવીને પ્રકૃતિની સેવા કરવી એ પણ માતાજીની સાચી સેવા અને પૂજા સમાન છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પ, રાજ્ય સરકાર અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ મંત્રીશ્રી અર્જુનભાઈ અને પ્રવીણભાઈ સહિતની ટીમ દ્વારા કરવામાં આવી રહેલા આ અભિયાનમાં પ્રજાને જોડવાનું કાર્ય ખૂબ જ સરાહનીય છે. બનાસકાંઠા જિલ્લામાં વૃક્ષારોપણનો લક્ષ્યાંક વધારીને વિસ્તારને હરિયાળો બનાવવા માટે જિલ્લા તંત્ર અને વન વિભાગ દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસો પણ અભિનંદનને પાત્ર છે.

અધ્યક્ષશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વૃક્ષો માત્ર પર્યાવરણ માટે જ નહીં, પરંતુ સમગ્ર ઈકોસિસ્ટમ, સ્વાસ્થ્ય, ખુશહાલી અને આવનારી પેઢીના જીવન માટે અત્યંત જરૂરી છે. વૃક્ષોની સાથે જળ પણ જોડાયેલું છે. અરવલ્લીની ગિરિમાળાઓમાં વાદળો અટકીને વરસાદ વરસાવે છે અને અહીં પડતો વરસાદ બનાસકાંઠા સહિત મેદાન પ્રદેશમાં કૃષિ, પશુપાલન અને માનવજીવન માટે ઉપયોગી બને છે. આ વિસ્તારનું પાણી આગળ સાબરમતી સુધી પહોંચે છે અને ભૂગર્ભ જળના સંવર્ધનમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમણે નાગરિકોને અપીલ કરી કે, પર્યાવરણ સંરક્ષણનું કામ માત્ર ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટનું છે એવું ન માનીએ, પરંતુ તેને આપણા જીવનનું સૌથી અગત્યનું કર્તવ્ય સમજી સૌએ સહભાગી થવું જોઈએ.

### લુણાવાડામાં GBS ના શંકાસ્પદ કેસોને પગલે તંત્ર એલર્ટ

# ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સઘન ચેકિંગ: બિનઆરોગ્યપ્રદ ખાદ્ય સામગ્રીનો નાશ કરાયો

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લામાં GBS ના શંકાસ્પદ કેસો સામે આવતા જિલ્લા વહીવટી તંત્ર સતર્ક બન્યું છે. વિદ્યાર્થીઓ અને નાગરિકોના સ્વાસ્થ્ય બાબતે તકેદારીના ભાગરૂપે આજ રોજ જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરે લુણાવાડાની વિવિધ શાળાઓની રૂબરૂ મુલાકાત લઈને બારીકાઈથી તપાસ કરી હતી. બાળકોના સ્વાસ્થ્ય સાથે કોઈ બાંધછોડ ન થાય તે હેતુથી કલેક્ટરશ્રીની સીધી સૂચના હેઠળ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર (FDCA), ગોધરા/મહીસાગર દ્વારા સઘન ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે અને બિનઆરોગ્યપ્રદ ખાદ્યપદાર્થોનો નાશ કરવામાં આવ્યો છે.આજ રોજ વડધરી રોડ સ્થિત આદર્શ કેર સ્કૂલમાંથી ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા ૯ સેમ્પલ લેવામાં આવ્યા છે અને શાળાને ઈમ્પ્રુવમેન્ટ નોટિસ ફટકારવામાં આવી છે. તેવી જ રીતે, મોડાસા રોડ પર આવેલી વાઈબ્રન્ટ વેજી ઈન્ટરનેશનલ એકેડેમીમાંથી ૫ નમૂના લેવાયા છે અને સ્વચ્છતા-સલામતી અંગે ઈમ્પ્રુવમેન્ટ નોટિસ અપાઈ છે. આ શાળામાં ૭૧ કિલો જેટલો ખાદ્યખોરાકનો જથ્થો બિનઆરોગ્યપ્રદ સ્થિતિમાં સંગ્રહિત હોવાનું જણાતા સ્થળ પર જ તેનો સ્વૈચ્છિક નાશ કરવામાં આવ્યો છે, જેની અંદાજિત કિંમત રૂ. ૧૩,૦૯૦ જેટલી થાય છે.વધુમાં, મોડાસા રોડ સ્થિત ક્રિસ્ટલ ઈન્ટરનેશનલ સ્કૂલમાંથી ૪ નમૂના લેવામાં આવ્યા હતા અને રૂ. ૪૮૦ ની કિંમતના ૪ કિલો અખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવ્યો છે. વડધરી રોડ પર આવેલી ઈન્ફીનીટી સ્કૂલમાં પણ તપાસ દરમિયાન ૪ નમૂના લઈ સ્વચ્છતા બાબતે ઈમ્પ્રુવમેન્ટ નોટિસ આપવામાં આવી છે. આ ઉપરાંત, અંદાજિત રૂ. ૨૫૦ ની કિંમતના ૫ કિલો ગોળનો પણ અહીં નાશ કરવામાં આવ્યો છે.શાળાઓ ઉપરાંત ફૂડ સેફ્ટી ઓન વ્હીલ (FSW) વાન મારફતે બસ-સ્ટેન્ડ અને વડધરી રોડ પર આવેલી ખાણી-પીણીની લારીઓ તથા દુકાનો સહિત કુલ ૧૪ પેઢીઓમાં પણ સઘન તપાસ કરવામાં આવી હતી.



## મહારાષ્ટ્ર સરહદીય સાપુતારા વિસ્તારમાં ભૂકંપના બે હળવા આંચકા અનુભવાયા,તંત્ર અલર્ટ ..

ડાંગ | મહારાષ્ટ્રનાં નાસિક જિલ્લાનાં ગામડાઓ સહીત પ્રવાસન સ્થળ સાપુતારા અને તેની આસપાસના સરહદી વિસ્તારોમાં ૧૪ ઓગસ્ટ ૨૦૨૬, શુક્રવારના રોજ મોડી રાત્રે અને વહેલી સવારે ભૂકંપના બે હળવા આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (NCS) ના અહેવાલ મુજબ, પ્રથમ આંચકો મધ્યરાત્રિએ ૧૨:૦૫:૫૯ વાગ્યે અનુભવાયો હતો, જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૫ નોંધાઈ હતી અને તેનું કેન્દ્રબિંદુ જમીનથી ૫ કિલોમીટર ઊંડાઈએ સ્થિત હતુ. ત્યારબાદ સવારે ૦૫:૩૨:૩૯ વાગ્યે ૩.૪ ની તીવ્રતાનો બીજો આંચકો અનુભવાયો હતો, જેની ઊંડાઈ ૩ કિલોમીટર હતી. આ ભૂકંપનું મુખ્ય કેન્દ્રબિંદુ ડાંગ સરહદ નજીક આવેલા મહારાષ્ટ્રના નાશિક જિલ્લાના સુરગાણા તાલુકાના કલવણ (Kalwan) ગામ આસપાસ (કોઓર્ડિનેટ્સ: 20.46N, 73.75E) નોંધાયું હતુ.અચાનક અનુભવાયેલા આ આંચકાઓને કારણે લોકોમાં ડર અને ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો, જેના લીધે ઘણા નાગરિકો રાત્રિના સમયે ઘરની બહાર દોડી આવ્યા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (NCS) દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ડાંગ-સાપુતારા ક્ષેત્ર ભૂકંપની દ્રષ્ટિએ સંવેદનશીલ ઝોનમાં આવે છે,જ્યાં સમયે-સમયે આ પ્રકારના નાના-મોટા આંચકાઓ નોંધાતા રહે છે. જોકે આ ઘટનામાં કોઈ મોટા જાનમાલના નુકસાનના અહેવાલ નથી, છતાં પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને રાખી ડાંગ જિલ્લા આપદા પ્રબંધન તંત્ર અને સ્થાનિક પ્રશાસન સંપૂર્ણ અલર્ટ મોડ પર આવી ગયું છે. હવામાન વિભાગ અને તંત્ર દ્વારા સાપુતારામાં આવેલા પ્રવાસીઓ તેમજ સ્થાનિક રહીશોને સાવચેત રહેવા, અફવાઓથી દૂર રહેવા અને પ્રશાસનની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.આ સાથે જ આપદા વ્યવસ્થાપન વિભાગ દ્વારા ભૂકંપ જેવી કટોકટીની સ્થિતિમાં સુરક્ષા જાળવવા માટે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.ભૂકંપ દરમિયાન ગભરાયા વગર મજબૂત ટેબલ કે ખાટલા નીચે શરણ લેવા, ડોક અને માથાને ઢાંકી રાખવા, તેમજ બારી-બારણાં અને ભારે વસ્તુઓથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી છે. સાથે જ લિફ્ટનો ઉપયોગ ન કરવા, વિજળીના થાંભલા કે તારથી દૂર રહેવા અને દોડધામ ન કરવા જણાવવામાં આવ્યું છે.

## પ્રાકૃતિક ખેતીથી જમીનની ફળદ્રુપતા અને પર્યાવરણનું સંરક્ષણ

પાલનપુર | પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા ખેડૂતોમાં જાગૃતિ અને માર્ગદર્શન માટે વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પ્રાકૃતિક ખેતી પદ્ધતિમાં રાસાયણિક ખાતર અને જંતુનાશકોનો ઉપયોગ ઘટાડીને સ્થાનિક સ્તરે ઉપલબ્ધ કુદરતી સંસાધનોના ઉપયોગ પર ભાર મૂકવામાં આવે છે. આ પદ્ધતિથી જમીનની ફળદ્રુપતા જાળવવામાં, પાણીની બચત કરવામાં તેમજ પર્યાવરણનું સંતુલન જાળવવામાં મહત્વપૂર્ણ મદદ મળે છે.

ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવીને ઓછા ખર્ચે ગુણવત્તાયુક્ત અને આરોગ્યપ્રદ કૃષિ ઉત્પાદન મેળવી શકે છે. સાથે જ જમીનની તંદુરસ્તી, જૈવવિવિધતા અને કુદરતી સંસાધનોનું સંરક્ષણ પણ શક્ય બને છે. ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓ અંગે તાલીમ, માર્ગદર્શન અને જરૂરી માહિતી પૂરી પાડી વધુમાં વધુ ખેડૂતોને આ પર્યાવરણલક્ષી ખેતી પદ્ધતિ સાથે જોડવા માટે તંત્ર દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

### ઉર્જા અને કાયદા રાજ્ય મંત્રીશ્રી કૌશિકભાઇ વેકરીયા તા.૧૫ ઓગસ્ટના જૂનાગઢ જિલ્લાના પ્રવાસે

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ, તા.૧૪ ઉર્જા અને કાયદા રાજ્ય મંત્રીશ્રી અને જૂનાગઢ જિલ્લાના સહ પ્રભારી મંત્રીશ્રી કૌશિકભાઇ વેકરીયા તા.૧૫ ઓગસ્ટના રોજ જૂનાગઢ જિલ્લાના પ્રવાસે પધારનાર છે. મંત્રીશ્રી તા.૧૫ ઓગસ્ટના રોજ સવારે ૯ કલાકે ૮૦ માં સ્વાતંત્ર પર્વ નિમિત્તે ધ્વજવંદન તથા જૂનાગઢ જિલ્લા કક્ષાની ઉજવણી કાર્યક્રમમાં સમસ્ત હાટી ક્ષત્રિય સમાજની બાજુમાં, સાસણ રોડ, માળીયાહાટીના ખાતે ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ મંત્રીશ્રી અમરેલી જવા રવાના થશે.

## ઈન્સ્ટાગ્રામ પર ઓનલાઇન શોપિંગની લોભામણી જાહેરાત આપી છેતરપિંડી, આરોપી મહારાષ્ટ્રથી ઝડપાયો..

ડાંગ | ડાંગ જિલ્લામાં સાયબર ક્રાઈમના ગુનાઓ અટકાવવા અને સાયબર ફ્રોડ કરતા અસામાજિક તત્વોને ઝડપી પાડવા માટે વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ કામગીરી અંતર્ગત NCCRP પોર્ટલ પર મળેલી અરજીના આધારે વઘઇ પોલીસ સ્ટેશન ખાતે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૩૧૮(૪) તથા ઈન્ફર્મેશન ટેકનોલોજી એક્ટની કલમ ૬૬(ડી) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ગુનાની વિગત મુજબ, ફરિયાદીની બહેનને ઈન્સ્ટાગ્રામ પર એક અજાણ્યા આઈડી પરથી કપડાં અને ડ્રેસ અંગેની આકર્ષક તથા લોભામણી જાહેરાત જોવા મળી હતી.

તેમાં ઓનલાઇન ડ્રેસ મોકલી આપવાની ખાતરી આપી ફરિયાદી તથા તેમની બહેનનો વિશ્વાસ કેળવવામાં આવ્યો હતો. ત્યારબાદ આરોપીએ અલગ-અલગ UPI સ્કેનર અને બેંક એકાઉન્ટમાં રૂ. ૨૭,૨૦૦/- ટ્રાન્સફર કરાવી લીધા હતા. રકમ મેળવ્યા બાદ ડ્રેસની ડિલિવરી ન કરી ઓનલાઇન છેતરપિંડી આચરવામાં આવી હતી.ઘટનાની ગંભીરતા સમજી વઘઇ પોલીસની ટીમે ટેકનિકલ એનાલિસિસ, બેંકિંગ ટ્રાન્ઝેક્શન અને હ્યુમન સોર્સિસની મદદથી ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન છેતરપિંડીમાં સંડોવાયેલ આરોપી મનોજ મનોહર મોરે (રહે. રૂમ નં. ૦૧, જુનો આગ્રા રોડ, ગોકુલ નગર, પશ્ચિમ ઠાણે, બજરંગ જીમખાના પાસે, ઠાણે, મહારાષ્ટ્ર) હોવાનું ખુલવા પામ્યુ હતુ.મહારાષ્ટ્ર ખાતે ગયેલી વઘઈ પોલીસની ટીમે આરોપીને ઝડપી પાડી તેની પાસેથી રૂ. ૧૦,૦૦૦/- ની કિંમતનો સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન કબ્જે કર્યો છે. આરોપીએ અન્ય કોઈ વ્યક્તિઓ સાથે આવી સાયબર છેતરપિંડી આચરી છે કે કેમ તે અંગે પણ વઘઈ પોલીસ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.



### જૂનાગઢમાં રાખી મેળો ૨૦૨૬ નો ભવ્ય ઉદ્ઘાટન સમારોહ યોજાયો, જાહેર જનતા માટે પ્રદર્શની કમ વેચાણ કેન્દ્ર ખુલ્લું મુકવામાં આવ્યું

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૧૪, હર ઘર સ્વદેશી ઘર ઘર સ્વદેશી, વિકાસ ભિ વિરાસત ભી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની આ મુહીમ ને ધ્યાનમાં રાખતા ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડ, મહિલા અને બાળ વિકાસ વિભાગ- ગુજરાત સરકાર, જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન અનુસાર જૂનાગઢ શહેરમાં એ.જી. હાઈસ્કૂલ મેદાન ખાતે રાખી મેળાનું આયોજન કરાયું છે. આ મેળાનો સમય સવારના ૧૧:૦૦ થી રાત્રિના ૧૧:૦૦ કલાક સુધીનો રહેશે. તા.૧૪/૦૮/૨૬ થી આગામી તા.૨૩/૦૮/૨૦૨૬ સુધી સ્નેહની રાખી- સ્વાવલંબનની ડોરી આ થીમ હેઠળ સમગ્ર કાર્યક્રમ અને પ્રદર્શની યોજાશે. જે અંતર્ગત તારીખ ૧૪/૦૮/૨૦૨૬ ના રોજ મહાનુભાવોના હસ્તે આ મેળાનું ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય વડે કરાઈ હતી. ઉલ્લેખનીય છે કે આ રાખી મેળામાં ૫૦ જેટલા વિવિધ સ્ટોલ્સ લગાવવામાં આવ્યા છે. ત્યારબાદ ઉપસ્થિત સર્વેએ મેળાના વિવિધ સ્ટોલ્સની મુલાકાત લીધી હતી. આ તકે શ્રી લીનાબેન કાવાણી, શ્રી ધર્મેશભાઈ પોશીયા, શ્રી સંજયભાઈ કોરડીયા, શ્રી આકાશભાઈ કટારા, તથા અન્ય મહેમાનો, મુલાકાતીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદની ૧૩ વર્ષની તરુણીનું પરિવાર સાથે મિલન કરાવતી કેશોદ ૧૮૧ અભયમ ટીમ.

નરેન્દ્ર દવે જૂનાગઢ

કેશોદ તા.૧૪. વંથલી તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારોમાં મજુરી કામ કરતા દાહોદના એક પરિવારની ૧૩ વર્ષની દિકરી અભ્યાસમાં ધ્યાન આપવા બાબતે માતા પિતાએ દિકરીને ઠપકો આપ્યો હતો ને દિકરીને મનમાં લાગી આવતા આજ રોજ અભ્યાસ કરવા દિકરી ઘરેથી કહ્યા વગર નિકળી ગયેલ માતા પિતા એ વાતથી અજાણ હતા માતા પિતાને એમ કે દિકરી ઘરેથી અભ્યાસ કરવા નિશાળે ગયેલી છે પરંતુ તરુણી દાહોદમાં રહેતા તેમના દાદા દાદી સાથે રહેવા માટે વંથલી બસ સ્ટેન્ડ પહોંચી અને દાહોદ જતી બસની રાહ જોઈ રહી હતી કલાકો સુધી આ તરુણી ત્યાં બેઠેલી ડેપો મેનેજરના નજરમાં આવતા મેનેજરે પુછપરછ કરી તો તરુણી પાસેથી યોગ્ય જવાબ ન મળતા મેનેજરને તરુણી પર શંકા થતાં મેનેજરે ૧૮૧અભયમ મહિલા હેલ્પલાઈન નંબર ફોન કરી મદદ માંગી, કેશોદ ૧૮૧ ટીમને કોલ મળતાની સાથે તુરંત ઘટના સ્થળે પહોંચી હતી અને તરુણીને આશ્વાસન આપી સમસ્યા જાણતા તરુણીએ જણાવ્યું હતું કે તેમનો પરિવાર દાહોદ જિલ્લાના વતની છે.

# જૂનાગઢમાં જિલ્લા રોજગાર કચેરી ખાતે રોજગાર ભરતી મેળાનું આયોજન કરાયું

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૧૪, જિલ્લા રોજગાર વિનિમય કચેરી, બી વિંગ, પ્રથમ માળ, બહુમાળી ભવન, જૂનાગઢ ખાતે તારીખ ૧૪/૦૮/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે નોકરીદાતાઓ તથા રોજગારવાંચ્છુંઓ વચ્ચે સેતુરૂપ બનવાના ઉમદા આશયથી ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ભરતી મેળામાં જૂનાગઢ જિલ્લાના ૮૦૦ થી વધુ ઉમેદવારોને સોશિયલ મીડિયાના જુદા-જુદા માધ્યમથી ઈન્ટરવ્યુ પ્રક્રિયા માટે બોલાવવામાં આવ્યા હતા. જેમાંથી કુલ ૫૦ થી વધુ ઉમેદવારો હાજર રહ્યા હતા. આ ભરતીમેળા કાર્યક્રમની શરૂઆત સ્વતંત્રતા દિવસની ઉજવણીના ભાગરૂપે સમુહ રાષ્ટ્રગાન સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ જિલ્લા રોજગાર કચેરીના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ દ્વારા જૂનાગઢ જિલ્લા રોજગાર કચેરીની વિવિધ સેવાઓકે જેમ કે એમ્પ્લોયમેંટ કાર્ડ રજીસ્ટ્રેશન, નિવાસી તાલીમ યોજના, આગામી માસમાં યોજાનારા વિવિધ ભરતી મેળા, પ્રધાનમંત્રી ઈન્ટર્નશીપ યોજના, પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજનાથી ઉમેદવારો તેમજ નોકરીદાતાશ્રી ઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમજ ઉપસ્થિત રોજગારવાંચ્છુ ઉમેદવારોને જરૂરી પ્રોત્સાહન આપી કારકિર્દી માર્ગદર્શન કરવામાં આવ્યું હતું. આ ભરતી મેળામાં ઉપસ્થિત તમામ નોકરીદાતાશ્રીઓ દ્વારા તેમની પાસે ખાલી રહેલી જગ્યાઓ, મહેનતાણું, અન્ય લાભો અને સુવિધાઓથી ઉમેદવારોને માહિતગાર કર્યા હતા. જેમાં કુલ ચાર નોકરીદાતાઓ દ્વારા ઉમેદવારો માટે ઈન્ટરવ્યું પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. તેમાંથી હાજર રહેલા પૈકી ૨૦ જેટલા ઉમેદવારોની શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા, અનુભવ, આવડતના આધારે રોજગાર વાંચ્છુંઓની પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી. તેમ જિલ્લા રોજગાર કચેરી, જૂનાગઢની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જૂનાગઢમાં રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસની ઉજવણી નિમિત્તે પુસ્તક પ્રદર્શન યોજાયું

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૧૪, ગત તા.૧૨/૦૮/૨૦૨૬ ના રોજ બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ, જૂનાગઢ ખાતે ગ્રંથાલય વિભાગ દ્વારા ગ્રંથાલય વિજ્ઞાનના પિતાશ્રી ડૉ.એસ. આર. રંગનાથનના જન્મદિવસ નિમિત્તે રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓમાં વાંચનની ટેવ વિકસે અને જ્ઞાનપ્રાપ્તિ પ્રત્યે રસ વધે તે હેતુથી સુંદર અને જ્ઞાનપ્રદ પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ કોલેજના આચાર્યશ્રી ડૉ. જે. આર.વાંઝા દ્વારા દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. આચાર્યશ્રીએ પોતાના સંબોધનમાં ગ્રંથાલયને જ્ઞાન, માહિતી, સંશોધન અને સર્જનાત્મક વિચારોનું મહત્વપૂર્ણ કેન્દ્ર ગણાવી વિદ્યાર્થીઓને નિયમિત વાંચન તથા ગ્રંથાલયના ઉપલબ્ધ સંસાધનોનો મહત્તમ ઉપયોગ કરવા પ્રેરણા આપી હતી. જૂનાગઢમાં રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસની ઉજવણી નિમિત્તે પુસ્તક પ્રદર્શન યોજાયું તેમજ શ્રી ડો. પી.વી.બારસિયા એ પુસ્તક અને વાંચનના મહત્વ અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ પુસ્તક પ્રદર્શન વિદ્યાર્થીઓ માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. વિવિધ વિષયો અને વિદ્યાર્થીઓના રસને અનુરૂપ પુસ્તકો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા, જેને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક નિહાળ્યા હતા. કાર્યક્રમના સફળ આયોજન બદલ આચાર્યશ્રીએ ગ્રંથપાલશ્રી એ.સી. વાઘેલા તથા સમગ્ર ગ્રંથાલય સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દ્વારા 'વાંચન એ જ્ઞાન તરફ જવાનો શ્રેષ્ઠ માર્ગ છે'' એવો પ્રેરણાદાયી સંદેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે બહોળી સંખ્રાયામાં ધ્યાપકો, ગ્રંથાલય સ્ટાફ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમ આચાર્યશ્રી, બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ, જૂનાગઢની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# છાબ તળાવથી શરૂ થયેલ તિરંગા યાત્રાનો પંડિત દીનદયાળ ઓડિટરીયમ હોલ ખાતે થઇ પુર્ણાહુતી






દિપક રાવલ દાહોદ લીમખેડા

દેશના ૮૦ મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે સમગ્ર દેશમાં 'હર ઘર તિરંગા' અભિયાન ધામધૂમથી ઉજવાઈ રહ્યું છે, જે અંતર્ગત દાહોદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ભવ્ય અને અવિસ્મરણીય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

દાહોદ જિલ્લા સહ પ્રભારી મંત્રીશ્રી પી. સી. બરંડાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ યાત્રા દાહોદ જિલ્લાના હાર્દ સમા ઐતિહાસિક છાબ તળાવથી શરૂ થયેલી આ વિશાળ તિરંગા યાત્રામાં મોટી સંખ્યામાં નાગરિકો, વિદ્યાર્થીઓ, પોલીસ જવાનો તેમજ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. હાથમાં રાષ્ટ્રધ્વજ અને વંદે માતરમ્ ના નારા સાથે સમગ્ર દાહોદ શહેર જાણે ગુંજી ઉઠ્યું હતું.

આ ભવ્ય તિરંગા યાત્રાને સહ પ્રભારી મંત્રીશ્રી પી. સી. બરંડા, સાંસદશ્રી જશવંતસિંહ ભાભોર, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ગમાબેન મોહનિયા, ગરબાડા ધારાસભ્યશ્રી મહેન્દ્રભાઈ ભાભોર, દાહોદ ધારાસભ્યશ્રી કનૈયાલાલ કિશોરી, ઝાલોદ ધારાસભ્યશ્રી મહેશભાઈ ભુરીયા, કલેકટરશ્રી સુરભિ ગૌતમ સહિત અન્ય મહાનુભાવો-પદાધિકારીશ્રીઓએ ઉપસ્થિત રહી તિરંગા યાત્રાનો શુભારંભ કરાવ્યો હતો.આ તિરંગા યાત્રામાં મોટી સંખ્યામાં લોકો ઉમંગભેર જોડાયા હતા. તિરંગા યાત્રાના સમગ્ર રૂટ પર દેશભક્તિનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. યાત્રા દરમ્યાન રસ્તામાં વિવિધ સ્થળોએ યાત્રાનું ફૂલોનો વરસાદ વરસાવીને તેમજ સ્ટેજ કાર્યક્રમ સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. સમગ્ર રોડ જાણે સ્વાતંત્ર્ય પર્વની તિરંગા રેલી યોજવાથી ભક્તિમય બન્યો હતો અને વાતાવરણ તિરંગા મય બન્યું હતું.

# સ્વતંત્રતા દિવસ : નાગરિકએ આ ભૂમિ ને વફાદાર રહેવાના પ્રણ લેવા જોઈએ

છોડો કલ કી બાતે કલ કી બાત પુરાની,
નયે દોર મેં લિખેંગે હમ મિલકે નયી કહાની
હમ હિન્દુસ્તાની

૧૫મી ઑગસ્ટ ૨૦૨૬ એ ભારત એનો ૮૦ મો સ્વતંત્રતા દિવસ ઉજવે છે ત્યારે દેશના પ્રત્યેક નાગરિક એ આ ભૂમિ ને વફાદાર રહેવાના પ્રણ લેવા જોઈએ.ભારત દેશ ને બહાર ના દુશ્મનો કરતા ઘરના જ અવારનવા નુકશાન પહોંચાડે છે. ૮૦ વર્ષ આઝાદી ના પુરા થયા બાદ પણ ભારતીયો ના મન માનસ માંથી લાખો કરોડો શહીદો ની કુરબાની નું ઋણ ભૂલાવવું ન જોઈએ. દર વર્ષે લાલ કિલ્લા ની પ્રાચીન પર દેશ ના વડા પ્રધાન એ રાષ્ટ્ર ધ્વજ ફરકાવે છે ને દેશની આર્થિક,સામાજિક અને વ્યવસાયિક પ્રગતિ ના વિકાસ વિશે જનતા ને અવગત કરાવે છે. આ ઉપરાંત સરકાર ભવિષ્ય ના ભારત ના વિકાસ નો રોડ મેપ રજૂ કરે છે.ભારત એ ઈન્દ્ર ધનુષ્ય થી પણ વધારે રંગો ધરાવતો દેશ છે એટલે સ્વતંત્રતા દિવસ ના દિવસે વિવિધ રાજ્યો ના કલ્ચર,કલા અને વેશ ભુષા પ્રસ્તુત કરતી ઝાંખીઓ નીકળે છે.શાળા કોલેજો ના વિધાર્થીઓ વિધાર્થીની ઓનાં રંગારંગ કાર્યક્રમો થી લઈને નેવી, મીલીટરી અને એરફોર્સ ટીમ ની પરેડ અને વિવિધ કરતબો ના દશ્યો લાલ કિલ્લા ની પ્રાચીન પર જોવા મળે છે. ૧૫ મી ઓગસ્ટ એ લાલ કિલ્લા ની પ્રાચીન પર થતી આઝાદી ની ઉજવણી ની માફક દેશ ના દરેક રાજ્યો ના શહેરો,ગામડાઓ ની શાળા કોલેજો માં અને પંચાયતો માં થાય છે.

ઓ, દેશ મેરે,તેરી શાન પે સદકે,
કોઈ ધન હે ક્યાં તેરી ધૂલ સે બઢકે..

ભારતીય સ્વતંત્રતા અધિનિયમ બ્રિટન ની સંસદ માંથી પસાર કરવામાં આવ્યો એ બાદ ૧૮ જુલાઈ ૧૯૪૭ માં બ્રિટન ના છઠ્ઠા રાજા ના દસ્તાવેજ પર દસ્તખત કર્યા હતા.૨૪ જુલાઈ ૧૯૪૭ માં બાદ એક કોપી પાકિસ્તાન ના જનરલ સેક્રેટરી મહમદ અલી ઝીણા ને અને બીજી કોપી ભારતમાં મોકલી હતી. આ ધ ટ્રાન્સફર ઓફ પાવર ના ૧૨ માં ખંડ ના ૨૩૪ માં પાના પર સ્પષ્ટ લખ્યું છે કે "૧૫ મી ઓગસ્ટ એ બ્રિટિશ ભારત માં બે સ્વતંત્ર દેશો બનાવવા માં આવશે જે ભારત અને પાકિસ્તાન ના નામે ઓળખાશે." બ્રિટિશ સરકારે તો ઝીરો ઓવર માં ભારત અને પાકીસ્તાન ની સ્વતંત્રતા જાહેર કરવાનું લખી આપ્યું હતું પણ તે સમય ના લોર્ડ બેટન ની સમસ્યા એ હતી કે એ સમયે બીજું વિશ્વ યુદ્ધ ચાલી રહ્યુ હતું.૧૪ ઓગસ્ટ એ પાકિસ્તાન ની સંસદ માં લોર્ડ માઉન્ટ બેટન એ સૌવભોમત્વ ના અધિકાર આપીને એને કોમન વેલ્થ માં સામિલ કર્યું અને ૧૫ મી ઓગસ્ટ એ ભારત કોમન વેલ્થ માં સામિલ કર્યું હતું.આઝાદ ભારત ના પ્રથમ વડાપ્રધાન નેહરુ એ લાલ કિલ્લા પર ધ્વજ ફરકાવી ને " ટ્રીસ્ટ વિથ ડેસ્ટિનિ " નું ભાષણ આપ્યું હતું. ૧૯૪૭ ની ૧૫ મી ઓગસ્ટ એ ભારત ગુલામી ની ઝંઝીર માંથી આઝાદ તો થયો હતો પણ ત્યારે સમગ્ર દેશમાં દિવાળીના તહેવાર જેવી રોશની અને આકાશ માં આતશબાજી ના ફટાકડા નહતા ફૂટ્યા,કેમ?ભારતની આર્થિક વ્યવસ્થા નબળી હોવા છતાંય પાકિસ્તાન ને કરોડો રૂપિયા નું ફન્ડિંગ ભારતે કર્યું હતું. ભારત દેશ ના ભાગલા પડ્યા છતાંય અંગ્રેજ સરકાર ની "ભાગલા પાડો ને રાજ કરો"નીતિ ના લીધે પાકિસ્તાન ને આઝાદ થવાનો અધિકાર ભારત કરતા ચોવીસ કલાક પહેલા મળ્યો. લોર્ડ માઉન્ટ બેટન એ ૧૫મી ઑગસ્ટ નો દિવસ ભારત માટે નક્કી કર્યો હતો.ઈ.સ ૧૯૪૫ ૧૫મી ઓગસ્ટ ના બીજા વિશ્વ યુદ્ધ માં જાપાની સેના એ અંગ્રેજો સમક્ષ આત્મ સમર્પણ કરતા બ્રિટિશ સરકાર એ જાપાન ની શરણાગતી નો શ્રેય લોર્ડ માઉન્ટ બેટન ને આપ્યો હતો. આ કારણોસર ૧૫મી ઑગસ્ટ નો દિવસ ને લોર્ડ માઉન્ટ બેટન માટે શ્રેષ્ઠ હોવાથી એણે ભારત ની આઝાદી ની તારીખ ૧૫મી ઑગસ્ટ નક્કી કરી હતી.લોર્ડ માઉન્ટ બેટન ખૂબ બુદ્ધિશાળી અને અનુભવી હતા એટલે એ જાણતા હતા કે ભલે આઝાદી ની લડાઈ માં મુસ્લિમ જનતા અને નેતા મહમદ અલી ઝીણા નો પૂરેપૂરો સાથ સહકાર છે પણ મહાત્મા ગાંધીજી જેવા ઉદાર નેતા ઝીણા નથી એ અત્યંત મહત્વકાંક્ષા અને મુસ્લિમો પ્રજા માં હિંદુઓ પ્રત્યે કડવાહટ વધારે છે.આ કારણોસર બન્ને દેશોનો દોસ્તી ને બદલે દુશ્મનાવટ ના સંબંધ આજીવન રહેવાના.૧૫ મી ઓગસ્ટ એ દેશ તો આઝાદ થયો પણ એની સાથે કરુણ ઘટના અખંડ ભારત દેશના ટુકડા થયા હતા એ ભૂલવું જોઈએ નહી. આઝાદી બાદ મહિનાઓ ના મહિનાઓ પાકિસ્તાનથી પોતાનું સર્વસ્વ છોડી ને જીવ બચાવી ને ભારત માં આવતા લાખો શરણાર્થીઓની દયનીય દશા હતી. નિર્દોષ મૃત ભારતીયો શબથી ભરેલી ટ્રેનો ના કરુણ દશ્યો જે કડક હૃદય ના માણસ ના પણ કાળજા કંપાવી નાખે એવા હતા. આ સમય નું રાજકારણ એ કોમી એકતા ને પ્રોટેક્ટ કરતું હતું.આ કારણોસર જ આઝાદી બાદ નો ઈતિહાસ વધારે લોહિયાળ બન્યો હતો. આ ઈતિહાસ પર બનતી હિન્દી ફિલ્મો થિયેટર માં બેઠેલ પ્રેક્ષકો ની આંખ માં આંસુઓ લાવી દેતી હોય છે તો વિચારો ભારત ની આઝાદી બાદ નો લોહિયાળ ઈતિહાસ કેટલી હદે ક્રૂર હશે. ભારતીય જનતા એ સમય પસાર થતા "વાસુદેવ કુટુંબકમ" ની ભાવના માં વેરભાવ ને સાઈડ માં રાખીને ભારત ના દરેક કલર ને નકશા માં સમાવી લીધા એજ ગૌરવવંતો ઈતિહાસ ભારત નો છે. જે આઝાદ ભારત ની ૨૦૦ વર્ષ થી દેશ ની ભૂમિ એ કલ્પના કરતી હતી એ દિવસ આવ્યો ત્યારે આઝાદીનો માહોલ ને માણવા માટે તિજોરી ખાલીખમ અને કોમી તોફાનો ના લીધે ચારેય બાજુ અશાંતિ હતી. હિન્દુ ઓની માંગ હતી કે દેશના ટુકડા કરીને પાકિસ્તાન બનાવ્યા બાદ ભારત ભૂમિ ને હિન્દુસ્તાન બનાવો.આઝાદી મળ્યા બાદ આકાશ માં સફેદ કબૂતર તો ઉડ્યા પણ બંધ બારણે લોર્ડ માઉન્ટ બેટન એ "આઝાદી આપવા માટે" એ શું શરત મૂકી હતી? આ વિશે આજ પણ ઈતિહાસ ચૂપ છે,કેમ? જ્યારે જ્યારે કાશ્મીર ની સરહદ પરથી આતંકીઓ ના ગોળીબાર માં નવ યુવાન સૈનિક શહીદ થાય છે ને ત્યારે "આઝાદી વખતે પાકિસ્તાન થી ટ્રેનો ભરી ને આવતા લાખો હિન્દુઓના શબ" ના ઝખ્મો તાજા કરે છે.આજ ના યુવાનો એ અવારનવાર દેશ ને અસ્થિર કરવાની ગદ્દારો ની ગતિવિધિઓને ઓળખી ને એની લાલચોથી બચવાની જરૂર છે. આઝાદી ના પર્યાય ને સમજવા પ્રયત્ન કરો

ઈન્સાફ કી ડગર પે બચ્ચો દિખાઓ ચલ કે,
યે દેશ હૈ તુમ્હારા નેતા તુમ્હી હો કલ કે..



સ્વતંત્રતા દિવસ
- રુપાલી દવે




# ભાગલાની પીડા વચ્ચે માનવતા મહેકી!

## 'બંટવારા 1947'માં સની દેઓલ-શબાના આઝમીનું દમદાર પરફોર્મન્સ, સિકંદર અને માઈની વાર્તા આંખો ભીની કરી દેશે

**રેટિંગ- 4 સ્ટાર્સ સમયગાળો: 2 કલાક 25 મિનિટ કલાકારો- સની દેઓલ, પ્રીટિ ઝિન્ટા, શબાના આઝમી ડિરેક્ટર- રાજકુમાર સંતોષી**

(એજન્સી) મુંબઈ | તા 14

રાજકુમાર સંતોષી અને સની દેઓલની જોડી જ્યારે સાથે આવે છે, ત્યારે અપેક્ષાઓ આપોઆપ વધી જાય છે. 'ઘાયલ', 'દામિની' અને 'ઘાતક' પછી, 'બંટવારા 1947'માં આ જોડી 1947ના ભાગલાની પૃષ્ઠભૂમિમાં ફરીથી જોવા મળે છે. આ વખતે વાર્તામાં ગુસ્સો અને બદલો ઓછો અને માનવતા અને સંબંધોની વાત વધુ છે. ફિલ્મની સૌથી મોટી તાકાત તેની ભાવનાત્મક અસર છે, ખાસ કરીને સની દેઓલ અને શબાના આઝમી વચ્ચે બનતો સંબંધ.

વાર્તા ભાગલા સમયે લાહોર પહોંચેલા સિકંદર મિર્ઝા (સની દેઓલ) અને તેમના પરિવારની આસપાસ ફરે છે. તેમને એક ઘર મળે છે, જ્યાં પહેલાથી એક વૃદ્ધ હિંદુ મહિલા માઈ (શબાના આઝમી) રહેતા હોય છે અને તે ઘર છોડવા તૈયાર નથી. એક તરફ નવો દેશ, બદલાતી પરિસ્થિતિઓ અને પરિવારની મુશ્કેલીઓ છે, બીજી તરફ માઈને પોતાના ઘર પ્રત્યે ઊંડો લગાવ છે.

આ સંજોગોમાં સિકંદર અને માઈ વચ્ચેનો સંબંધ ધીમે ધીમે બદલાય છે. જેઓ શરૂઆતમાં એકબીજા માટે મુશ્કેલીરૂપ હોય છે, તેઓ આગળ જતાં એક પરિવાર જેવો સંબંધ બનાવી લે છે. આ જ બદલાવ ફિલ્મનો સૌથી મજબૂત અને દિલને સ્પર્શી જનારો ભાગ છે. સિકંદરની પત્ની હમીદા (પ્રીટિ ઝિન્ટા) અને બાકીના પાત્રો પણ પોતાની વિચારસરણી અને ડર સાથે વાર્તામાં આવે છે, પરંતુ ફિલ્મના બીજા ભાગમાં બધાના દૃષ્ટિકોણમાં બદલાવ જોવા મળે છે.

સની દેઓલ આ ફિલ્મની સૌથી મોટી તાકાત છે. સિકંદરના પાત્રમાં તેનો ગુસ્સો અને દમદાર ડાયલોગ તો છે જ, પરંતુ આ વખતે તેના ચહેરા પર ડર, દર્દ અને લાચારી પણ સ્પષ્ટ દેખાય છે. શબાના આઝમી માઈના રોલમાં ખૂબ જ સહજ અને સાચી લાગે છે. બંને વચ્ચેની કેમેસ્ટ્રી ફિલ્મનો પ્રાણ બની જાય છે.

પ્રીટિ ઝિન્ટા લાંબા સમય પછી એક ગંભીર ભૂમિકામાં સારી લાગે છે અને પોતાની છાપ છોડે છે. કરણ દેઓલ પણ પોતાના પિતા સામે ઘણા દ્રશ્યોમાં ઠીક ઠાક પ્રદર્શન કરે છે, કેટલીક જગ્યાએ સારો લાગે છે અને કેટલીક જગ્યાએ વધુ સારો થઈ શક્યો હોત. અભિમન્યુ સિંહ અને બાકીના સહાયક કલાકારો પોતાના ભાગમાં ઠીક કામ કરે છે.

**ફિલ્મનું ડિરેક્શન કેવું છે? |** રાજકુમાર સંતોષી પોતાની જૂની શૈલીમાંથી સંપૂર્ણપણે બહાર નીકળી શકતા નથી. ફિલ્મમાં સારા સંવાદો, ભાવનાત્મક દ્રશ્યો અને ડ્રામા છે, પરંતુ આ વખતે તેમનું ધ્યાન બદલા કરતાં વધુ લાગણીઓ અને સંબંધો પર છે. સિકંદર અને માઈના સંબંધોને ધીમે ધીમે દર્શાવવા ગમે છે અને તેમાં બળજબરીનો અહેસાસ થતો નથી. પરંતુ કેટલીક જગ્યાએ ફિલ્મની ગતિ ધીમી પડી જાય છે અને કેટલાક દ્રશ્યો થોડા લાંબા લાગે છે, જેને ટૂંકા કરી શકાયા હોત.
ફિલ્મનું સેટઅપ સારું છે. લાહોરની ગલીઓ, ઘરો અને ભીડનું વાતાવરણ તે સમયને દર્શાવવાનો પ્રયાસ કરે છે. કેમેરા વર્ક ઠીક છે, કેટલીક જગ્યાએ તે વધુ સારું થઈ શક્યું હોત.
પ્રોડક્શન ડિઝાઈનમાં મહેનત દેખાય છે પરંતુ 1947ના સમયને વધુ ઝિણવટથી દર્શાવી શકાયો હોત, જેથી ફિલ્મ વધુ વાસ્તવિક લાગે. કેટલાક દ્રશ્યોમાં લાગણીઓ થોડી વધુ નાટકીય બની જાય છે.

**ફિલ્મનું સંગીત કેવું છે? |** ફિલ્મનું સંગીત વાર્તા સાથે બરાબર ચાલે છે અને વધુ પ્રભાવી થતું નથી. બેકગ્રાઉન્ડ મ્યુઝિક ભાવનાત્મક દ્રશ્યોને ટેકો આપે છે ખાસ કરીને જ્યારે વાર્તા સંબંધો અને વિખૂટા પડવાની વાત કરે છે. પરંતુ કોઈ પણ ગીત એવું નથી, જે લાંબા સમય સુધી યાદ રહી જાય.

**ફાઇનલ વર્ડિક્ટ: ફિલ્મ જોવી કે નહીં? |** 'બંટવારા 1947' એક ભાવનાત્મક ફિલ્મ છે, જે ભાગલાને નફરતને બદલે માનવતાની દ્રષ્ટિએ બતાવે છે. સિકંદર અને માઈનો સંબંધ તેની સૌથી મોટી તાકાત છે. કુલ મળીને, આ એક એવી ફિલ્મ છે જેમાં સારા અભિનય અને હૃદયસ્પર્શી વાર્તા છે, જેને જોઈ શકાય છે.



# શ્રીદેવીના જન્મદિવસે પ્રિયંકા ચોપરાનું ખાસ ટ્રિબ્યુટ...!

## દિવંગત એક્ટ્રેસની બાયોગ્રાફી 'એમ્પ્રેસ'નું કવર શેર કર્યું; બોની અને ખુશી કપૂર પણ ભાવુક થયા...

(એજન્સી) મુંબઈ | તા 14

બોલિવૂડની પહેલી મહિલા સુપરસ્ટાર શ્રીદેવીને 'દેશી ગર્લ'એ ખાસ અંદાજમાં બર્થ ડે વિશ કર્યું છે. પ્રિયંકાએ દિવંગત શ્રીદેવીની આવનારી બાયોગ્રાફી 'Empress' (એમ્પ્રેસ)નું કવર શેર કર્યું છે. સાથે જ શ્રીદેવીને યાદ કરીને એક્ટ્રેસ ભાવુક પણ થઈ ગઈ હતી.

ચૂલબુલો અંદાજ અને દમદાર અભિનયના જોરે બોલિવૂડમાં છાપ છોડી જનાર શ્રીદેવીનો આજે જન્મદિવસ છે. આઠ વર્ષ પહેલાં આ ફાની દુનિયાને અલવિદા કહેનારી શ્રીદેવીને યાદ કરીને આજે પણ તેના ચાહકો ભાવુક થઈ જાય છે.

શ્રીદેવી માટે માત્ર દર્શકોને જ નહીં, પરંતુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના લોકોને પણ એટલું જ માન છે. ત્યારે 13 ઓગસ્ટને ગુરુવારના રોજ શ્રીદેવીના જન્મદિવસે પ્રિયંકા ચોપરાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક્ટ્રેસના જીવન પર લખાઈ રહેલા પુસ્તકનું કવર શેર કર્યું છે. પ્રિયંકા ચોપરાએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર પુસ્તકનું કવર પેજ શેર કર્યું છે, જેના પર 'એમ્પ્રેસ- ધ ડેફિનેટિવ બાયોગ્રાફી ઓફ શ્રીદેવી' લખેલું છે. આ સાથે કવર પર સદીના મહાનાયક અમિતાભ બચ્ચનનું શ્રીદેવી અંગે આપેલું નિવેદન પણ છાપવામાં આવ્યું છે, જેમાં તેમને બેમિસાલ પ્રતિભાની મિસાલ ગણાવવામાં આવ્યા છે. પુસ્તકનું કવર શેર કરીને પ્રિયંકાએ લખ્યું, 'શ્રીદેવીને જન્મદિવસની શુભેચ્છાઓ. તમને હંમેશા યાદ કરવામાં આવશે.' સાથે જ પ્રિયંકાએ લખ્યું કે, 'એમ્પ્રેસ' જલ્દી આવવાની છે.

**બોની કપૂર અને ખુશી કપૂરનું રિએક્શન** પ્રિયંકાની આ સ્ટોરીને શ્રીદેવીના પતિ અને ફિલ્મમેકર બોની કપૂરે પણ શેર કરી હતી. ઉપરાંત દીકરી ખુશી કપૂરે પણ આ સ્ટોરી રી-શેર કરતા હાર્ટ ઈમોજી મૂક્યું હતું. નોંધનીય છે કે, શ્રીદેવીના જીવન પર લખાયેલા પુસ્તકની સત્તાવાર જાહેરાત 2023માં વેસ્ટલેન્ડ બુક્સે કરી હતી. તે સમયે આ પુસ્તકનું નામ 'શ્રીદેવીઃ ધ લાઈફ ઓફ અ લેજેન્ડ' જણાવવામાં આવ્યું હતું. પુસ્તકમાં એક્ટ્રેસના બાળપણથી લઈને તેમના ફિલ્મી કરિયર અને અંગત જીંદગીના ઘણાં મહત્ત્વના પાસાઓને સામેલ કરવાની વાત કરવામાં આવી હતી.

# 'હું નિર્દોષ છું', કરણ જોહર સામે રિયા ચક્રવર્તીનું દર્દ છલકાયું, કેસમાં ક્લિનચીટનો કર્યો ઉલ્લેખ



(એજન્સી) મુંબઈ | તા 14

અભિનેતા સુશાંત સિંહ રાજપૂતની મોત બાદ ભારે તપાસ અને ટ્રોલિંગનો સામનો કરનાર રિયા ચક્રવર્તીએ આખરે આ કેસમાંથી નિર્દોષ છૂટવા અંગે ખુલીને વાત કરી છે. વર્ષ 2020માં સુશાંતના નિધન બાદ રિયા પર ગંભીર આરોપો લાગ્યા હતા, જેમાં નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) દ્વારા રિયા અને તેના ભાઈ શોવિક ચક્રવર્તીની ધરપકડ પણ કરવામાં આવી હતી. જોકે, બાદમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)એ આ કેસમાં ક્લોઝર રિપોર્ટ ફાઈલ કરીને રિયાને તમામ આરોપોમાંથી ક્લીન ચિટ આપીને નિર્દોષ જાહેર કરી હતી.

હાલમાં રિયા ચક્રવર્તી રિયાલિટી શો 'ધ ટ્રેટર્સ' (The Traitors) ની બીજી સીઝનમાં જોવા મળી રહી છે. આ શો દરમિયાન હોસ્ટ કરણ જોહરે રિયાને પૂછ્યું કે તે ગેમમાં 'ટ્રેટર' (વિશ્વાસઘાતી) બનવા માંગશે કે 'ઈનોસન્ટ' (નિર્દોષ)? આ સવાલનો જવાબ આપતા રિયાએ સ્પષ્ટ કહ્યું, 'હું નિર્દોષ જ રહેવા માંગું છું. મને આ જ વર્ષે ક્લીન ચિટ મળી છે અને લોકોને ખબર પડી છે કે હું નિર્દોષ છું. હું ઘણા સમય સુધી શંકાના ઘેરામાં રહી છું, તેથી હવે મને એ બિલકુલ પસંદ નથી. મેં વર્ષો સુધી એ બધું સહન કર્યું છે.'

રિયા ચક્રવર્તીએ અગાઉના ઈન્ટરવ્યૂમાં પણ ખુલાસો કર્યો હતો કે, 'આ સમગ્ર ઘટના અને મીડિયા ટ્રાયલની મારા માનસિક સ્વાસ્થ્ય પર ખૂબ જ ખરાબ અસર પડી હતી. આટલી સખત તપાસ અને સતત શંકાના વાતાવરણમાંથી પસાર થયા બાદ મને પોસ્ટ-ટ્રોમેટિક સ્ટ્રેસ ડિસઓર્ડર (PTSD)નો સામનો કરવો પડ્યો હતો. પરંતુ CBIની ક્લોઝર રિપોર્ટ બાદ મને મોટી રાહત મળી છે.'

# વીર પહાડિયા, અપારશક્તિની પ્રેમ કિટાણુ ઓક્ટો.માં આવશે



(એજન્સી) મુંબઈ | તા 14

કોલેજના યુવાનો પરની કોમેડી ફિલ્મ હશે ફિલ્મનું દિગ્દર્શન સિર્ફ એક બંદા કાફી હૈ ફેમ અપૂર્વ સિંહ ખારકીએ કર્યું છે મુંબઈ : વીર પહાડિયા અને અપારશક્તિ ખુરાનાની નવી ફિલ્મ 'પ્રેમ કિટાણુ' માટે આગામી ઓક્ટોબરની રીલિઝ ડેટ નક્કી થઈ છે. આ ફિલ્મ બીજી ઓક્ટોબરે થિયેટર્સમાં રજૂ કરવામાં આવશે. આ ફિલ્મનું નિર્દેશન 'સિર્ફ એક બંદા કાફી હૈ' ફેમ અપૂર્વ સિંહ ખારકીને સોંપવામાં આવ્યું છે.

આ ફિલ્મમાં વીર પહાડિયા, આફિયા સાયેદ, અપારશક્તિ ખુરાના, રાકેશ બેદી અને નિખિલ વિજય કામ કરી રહ્યા છે. આ ફિલ્મમાં યુવા દોસ્તોની વાર્તા હોવાનું કહેવાય છે. ગૌરવ વર્માની સ્વતંત્ર નિર્માતા તરીકે આ પહેલી ફિલ્મ છે. બીજી તરફ વીર પહાડિયા આ સિવાય 'નામ , ટુ લીવ ઈઝ વોર ' ફિલ્મમાં પણ કામ કરી રહ્યો છે.

## કંગનાની ફિલ્મની જુનિયર આર્ટિસ્ટ 'રામાયણ'ની 'સીતા' બની

# સાઈની સાદગી સામે બોલિવૂડનું ગ્લેમર ઝાંખું પડ્યું, મેકઅપ-કિસિંગ સીન વિના સુપરસ્ટાર બની

(એજન્સી) મુંબઈ | તા 14

2017માં ભારતીય સિનેમાની સૌથી મોટી ફિલ્મ 'રામાયણ'ની જાહેરાત થઈ. દેશભરના જાણીતા લોકો આ પ્રોજેક્ટ સાથે જોડાયા અને 2021માં ફિલ્મના કો-પ્રોડ્યુસર મધુ મંટેનાએ જાહેરાત કરી કે આ ફિલ્મમાં ભારતીય સિનેમાના ઈતિહાસની સૌથી મોટી સ્ટાર કાસ્ટ હશે. રણબીર કપૂર અને યશને ભગવાન રામ અને રાવણના રોલ માટે પસંદ કરવામાં આવ્યા. દરેક જણ રાહ જોઈ રહ્યું હતું કે, આખરે માતા સીતાના રોલ માટે કઈ એક્ટ્રેસની પસંદગી થશે. આલિયા ભટ્ટ, દીપિકા પાદુકોણ જેવા અનેક નામોની ચર્ચાઓ થઈ. મેકર્સને એક એવા ચહેરાની શોધ હતી, જેમાં સાદગી અને સુંદરતા હોય અને તે નામ સાથે કોઈ કૌભાંડ કે વિવાદ ન હોય. અને પછી ઓગસ્ટ 2023માં આ રોલ માટે સાઉથ સ્ટાર સાઈ પલ્લવીના નામની જાહેરાત થઈ.

સાઈ પલ્લવી, એક એવી એક્ટ્રેસ, જે થોડા વર્ષો પહેલાં સુધી એક જુનિયર આર્ટિસ્ટ હતી. ફિલ્મમાં તેને નાના-મોટા રોલ આપવામાં આવતા હતા, જેના ડાયલોગ પણ ઓછા જ હતા. જ્યારે ફિલ્મોમાં આવતા પહેલાં સાઈ પલ્લવી એક મેડિકલ સ્ટુડન્ટ હતી અને સાઉથના એક ડાન્સ રિયાલિટી શોની કન્ટેસ્ટન્ટ હતી. તે શોની ફાઈનલિસ્ટ રહી, પરંતુ જીતી શકી નહીં, પરંતુ થોડા વર્ષો પછી આ જ સાઈ પલ્લવીના ગીત 'રાઉડી બેબી'એ 1 બિલિયન વ્યૂઝ મેળવીને ઈતિહાસ રચ્યો. આજે 'સક્સેસ સ્ટોરી'ના 3 ચેપ્ટર્સમાં જાણો ક્યારેક જુનિયર આર્ટિસ્ટ રહેલી સાઈ પલ્લવીની ભારતની ટોપ એક્ટ્રેસ બનવાની પ્રેરણાદાયક વાર્તા-

સાઈ પલ્લવી શાળાના દિવસોમાં ખૂબ જ તોફાની હતી અને શાળામાં લોકપ્રિય હતી. તે બીજા બાળકોની ખૂબ મજાક ઉડાવતી હતી. દેખાવમાં ખૂબ જ સુંદર સાઈને ઘણા છોકરાઓ અપ્રોચ કરતા હતા. એકવાર 7મા ધોરણમાં એક છોકરાએ તેના બેગમાં લવ લેટર મૂકી દીધો હતો. સાંજે જ્યારે તેના પિતાએ તેનું બેગ ચેક કર્યું, ત્યારે તેમાંથી લેટર નીકળ્યો. આ જોઈને તેને પિતાનો ખૂબ માર પડ્યો હતો. સાઈએ પોતે ઓટીટી પ્લેટફોર્મ નેટફ્લિક્સના શો 'માય વિલેજ'માં આ કિસ્સો જણાવ્યો હતો.

સાઈનો ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે દૂર દૂર સુધી કોઈ સંબંધ નહોતો, તેમ છતાં ઘરમાં ટીવી જોતી વખતે તેનો ઝુકાવ ડાન્સ અને એક્ટિંગ તરફ હતો. તેણે ટીવી શો જોઈને ડાન્સ શીખ્યો. પહેલીવાર તેનો ફિલ્મી દુનિયા સાથે પરિચય 2005ની ફિલ્મ 'કસ્તૂરી માન'થી




થયો. તે ફિલ્મમાં હીરો-હીરોઈન પાછળ ડાન્સ કરનારી બેકગ્રાઉન્ડ ડાન્સર તરીકે જોડાઈ, પરંતુ પછી ફિલ્મમાં તેને ચાઈલ્ડ આર્ટિસ્ટ તરીકે કામ કરવાનો મોકો મળ્યો.

કેટલાક લોકો સાથેની ઓળખાણની મદદથી, તે ટીનેજમાં ફિલ્મ 'ધામ ધૂમ' (2008)માં જુનિયર આર્ટિસ્ટ રહી હતી. તે છઠ્ઠા ધોરણમાં હતી. આ ફિલ્મથી બોલિવૂડમાં નવી-નવી આવેલી કંગના રનૌતે તમિલ સિનેમામાં ડેબ્યુ કર્યું હતું.

આ ફિલ્મોમાં નાના રોલ કર્યા પછી, સાઈ પલ્લવીએ અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. જોકે, શાળામાં તેણે સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવાનું ચાલુ રાખ્યું. તે સ્થાનિક ડાન્સ સ્પર્ધાઓમાં પણ ભાગ લેતી હતી. ડાન્સ સ્કૂલના કેટલાક સાથીઓની મદદથી, સાઈ પલ્લવીએ 2008માં સાઉથના તમિલ ડાન્સ રિયાલિટી શો 'ઉંગલિલ યાર અદુથા પ્રભુ દેવા' (કોણ બનશે આગામી પ્રભુ દેવા)માં ભાગ લીધો.

# 'ખબર નહોતી કે હું દાઉદની પાર્ટીમાં ગાવા આવ્યો છું...'

## અબુ સલેમ માટે મજબૂરીમાં ગીત ગાયાનો કુમાર સાનુનો દાવો , અંડરવર્લ્ડના ડર અને ફન્ડિંગ પર ખુલાસો કર્યો...

(એજન્સી) મુંબઈ | તા 14

પ્લેબેક સિંગર કુમાર સાનુએ 90ના દાયકામાં અંડરવર્લ્ડ સાથે જોડાયેલા પોતાના અનુભવોનો ખુલાસો કર્યો છે. 'લલ્લનટોપ'ને આપેલા એક ઈન્ટરવ્યુમાં કુમાર સાનુએ જણાવ્યું કે મ્યુઝિક ડિરેક્ટર નદીમ અને અનુ મલિક તેમને દુબઈમાં એક બર્થડે પાર્ટીમાં ગાવા લઈ ગયા હતા, જ્યાં અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ પણ હાજર હતો.

પછીથી જ્યારે અખબારોમાં તસવીરો છપાઈ, ત્યારે તેમને મામલાની ગંભીરતા સમજાઈ. આ ઉપરાંત તેમણે ગેંગસ્ટર અબુ સલેમના શોમાં પણ ગીત ગાયું હતું. પોલીસની ચેતવણી અને ધરપકડની ધમકી છતાં તેઓ પોતાની મજબૂરીનો હવાલો આપીને ગાવા ગયા હતા.



દુબઈમાં દાઉદ સામે ગાયું ગીત કુમાર સાનુએ જણાવ્યું કે, મ્યુઝિક ડિરેક્ટર નદીમ તેમને દુબઈ લઈ ગયા હતા. તેમને ફક્ત એટલું જ કહેવામાં આવ્યું હતું કે કોઈની બર્થડે પાર્ટીમાં ગાવાનું છે. ત્યાં દાઉદ ઈબ્રાહિમ પોતાના પરિવાર સાથે સામે બેઠો હતો.

તે ઈવેન્ટમાં અનુ મલિક પણ હાજર હતા. સાનુએ જણાવ્યું કે દાઉદે તેમના સ્ટેજ પર ગવાતા મનપસંદ ગીતોની રિક્વેસ્ટ કરી હતી. તે સમયે તેમને અંદાજ નહોતો કે તેઓ કોના શોમાં આવ્યા છે. જ્યારે ભારત પાછા ફર્યા પછી અખબારોમાં તેમની તસવીર છપાઈ, ત્યારે તેમને ડર લાગ્યો કે તેમણે શું કરી દીધું છે. તે મુલાકાત પછી તેઓ ક્યારેય દાઉદને મળ્યા નથી. અબુ સલેમના શો પર પોલીસની ચેતવણી, છતાં ગીતો ગાયા ગેંગસ્ટર અબુ સલેમ સાથે જોડાયેલો એક કિસ્સો શેર કરતા સાનુએ જણાવ્યું કે કેટલાક લોકોએ તેમની પાસેથી પૈસાની માંગણી કરી હતી. સાનુએ પૈસા આપવાની ના પાડી દીધી અને કહ્યું કે જો કોઈ કામ કે શો હોય તો તેઓ ગીત ગાઈ શકે છે. આ પછી તેઓ અબુ સલેમના એક શોમાં ગાવા માટે દુબઈ ગયા.

જતા પહેલા પોલીસ સ્ટેશનથી ફોન આવ્યો હતો અને ત્યાં ન જવાની સલાહ આપવામાં આવી હતી. પોલીસ અધિકારીઓએ કહ્યું હતું કે, જો તેઓ જશે તો તેમને પકડી લેવામાં આવશે.

આના પર સાનુએ કહ્યું કે, તેઓ સિંગર છે અને ગીત ગાવું તેમની મજબૂરી છે, તેથી પોલીસે તેમને સુરક્ષા આપવી જોઈએ. સુરક્ષા ન મળવા છતાં તેઓ ગયા, પરફોર્મ કર્યું અને સુરક્ષિત પાછા ફર્યા.

## એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

### સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કરી પ્રશંસા

# કોમનવેલ્થમાં આર્મીના ખેલાડીઓનું પ્રદર્શન બિરદાવતા રાજનાથ સિંહ



(એજન્સી) નવી દિલ્હી । તા. 14

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે શુક્રવારે ગ્લાસગો ખાતે યોજાયેલ 'કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬' માં ભાગ લઈને ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ભારતીય સેનાની ટુકડીની મુલાકાત લીધી હતી અને તેમની ભવ્ય સફળતાને બિરદાવી હતી. આર્મીના માત્ર ૨૦ ખેલાડીઓની ટુકડીએ ૮ ગોલ્ડ, ૭ સિલ્વર અને ૧ બ્રોન્ઝ સાથે કુલ ૧૬ મેડલ જીત્યા છે. સેનાના ખેલાડીઓએ ભારતના કુલ મેડલમાં ૪૧ ટકા અને કુલ ગોલ્ડ મેડલમાં ૬૨ ટકા જેટલું અવિશ્વસનીય યોગદાન આપ્યું છે.

સંરક્ષણ મંત્રીએ ખાસ કરીને સેનાની મહિલા એથ્લેટ્સ, ખાસ કરીને બોક્સિંગ ક્ષેત્રે મેળવેલી સફળતાની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે નાની જગ્યાઓ, ગ્રામીણ વિસ્તારો અને મધ્યમવર્ગીય પરિવારમાંથી આવતા આ ખેલાડીઓ આજે દેશના કરોડો યુવાનો માટે પ્રેરણાસ્રોત બન્યા છે. હવે રમતગમત માત્ર અમુક ચોક્કસ વર્ગ પૂરતી મર્યાદિત નથી રહી, પરંતુ દેશના ખૂણે-ખૂણેથી નવી પ્રતિભાઓ બહાર આવી રહી છે. ગ્લાસગોમાં મળેલી આ ઐતિહાસિક સફળતા બદલ ટુકડીને અભિનંદન આપતાં રાજનાથ સિંહે યાદ અપાવ્યું હતું કે આગામી દિવસોમાં એશિયન ગેમ્સ અને ઓલિમ્પિક્સ જેવા મોટા પડકારો આવી રહ્યા છે. આ વૈશ્વિક સ્પર્ધાઓમાં દેશની અપેક્ષાઓ અને દબાણ વધુ રહેશે. પરંતુ જે શિસ્ત, સમર્પણ અને સાહસથી સેનાના જવાનોએ ગ્લાસગોમાં પ્રદર્શન કર્યું છે, તે જ જુસ્સાથી તેઓ ભવિષ્યમાં પણ દેશનું નામ રોશન કરશે.

ભારતીય બોક્સરોએ આ વખતે ૧૦ મેડલ મેળવીને કોમનવેલ્થ ગેમ્સના ઈતિહાસમાં બોક્સિંગ ક્ષેત્રે ભારતનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન નોંધાવ્યું છે. સમગ્ર કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬ માં ભારતે ૧૩ ગોલ્ડ, ૧૭ સિલ્વર અને ૯ બ્રોન્ઝ સાથે કુલ ૩૯ મેડલ જીતીને ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ગ્લાસગો ગેમ્સના સમાપન બાદ આગામી શતાબ્દી આવૃત્તિ 'કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦' ની સત્તાવાર યજમાની ભારતને સોંપવામાં આવી છે, જેનું આયોજન અમદાવાદ ખાતે કરવામાં આવશે. મીડિયા અહેવાલ અને સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ ઐતિહાસિક ક્ષણ ભારતીય રમતગમતના નવા યુગનો પ્રારંભ દર્શાવે છે.

### પંજાબ મુખ્યમંત્રી ભગવંત માન પર ગંભીર આરોપો, ભાજપમાં જોડાવા અને ડ્રગ્સની સમસ્યા પર નિવેદન

# વારંવાર રજૂઆત છતાં કોઈ મારી વાત નહોતું સાંભળતું હરભજને સિંહે જણાવ્યું AAP છોડવાનું કારણ

(એજન્સી) ચંદીગઢ । તા. 14

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ દિગ્ગજ ખેલાડી અને રાજ્યસભા સાંસદ હરભજન સિંહે આમ આદમી પાર્ટી (AAP) છોડીને ભારતીય જનતા પાર્ટી (BJP) માં જોડાવાના કારણો અંગે મોટો ખુલાસો કર્યો છે. હરભજન સિંહે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન પર ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, રમતગમતને પ્રોત્સાહન આપવા અંગેના તેમના સૂચનો અને વિઝનને પાર્ટીમાં સતત નજરઅંદાજ કરવામાં આવતા હતા. વર્ષ ૨૦૨૨ માં AAP માંથી રાજ્યસભામાં ગયેલા હરભજન સિંહ અન્ય ૬ સાંસદો સાથે એપ્રિલ ૨૦૨૬ માં ભાજપમાં જોડાયા હતા. હરભજન સિંહે સ્પષ્ટતા કરી હતી કે જ્યારે તેઓ આમ આદમી પાર્ટીમાં જોડાયા ત્યારે તેમનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર રમતગમતના મુદ્દાઓને વાચા આપવાનો અને પંજાબમાં યુવાનો માટે ઉત્તમ સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવાનો હતો. પરંતુ સમય જતાં તેમના વિચારો





અને સૂચનો પર કોઈ અમલ કરવામાં આવ્યો નહીં. તેમણે ઉમેર્યું કે જો તેમના સૂચવેલા માર્ગ પર એક નાનું કદમ પણ ઉઠાવવામાં આવ્યું હોત, તો તેમણે પાર્ટી છોડવાનો વારો ન આવ્યો હોત. કંટાળીને આખરે તેમણે પક્ષ છોડવાનો નિર્ણય લીધો હતો.

### ગદ્દાર અને ચોરના આક્ષેપો સામે કડક જવાબ

પોતાના ઘર બહાર થયેલા વિરોધ પ્રદર્શનો અને પૂતળા દહનની ઘટનાઓ પર પ્રતિક્રિયા આપતાં હરભજન સિંહે જણાવ્યું કે આ પ્રદર્શનકારીઓ પ્રોપ્રાગંડા ચલાવનારા લોકો હતા. દેશની જનતા તેમને ક્રિકેટ અને દેશસેવાના કારણે પ્રેમ કરે છે. પોતાના પર લાગેલા આક્ષેપોનો જવાબ આપતાં તેમણે કહ્યું કે, "કોઈના કહેવાથી હું ગદ્દાર કે ચોર બની જતો નથી. મારું દિલ પંજાબ અને ભારત માટે ધડકે છે અને મારી દેશભક્તિ સાબિત કરવા મારે કોઈના પ્રમાણપત્રની જરૂર નથી."

### પંજાબમાં ડ્રગ્સની ગંભીર સમસ્યા પર ચિંતા

પંજાબ રાજ્યમાં દિન-પ્રતિદિન વધતા જતાં ડ્રગ્સના દૂષણ અંગે ભારે ચિંતા વ્યક્ત કરતાં હરભજન સિંહે કહ્યું કે ડ્રગ્સના કારણે રાજ્યની આખી યુવા પેઢી બરબાદ થઈ રહી છે. એક સમયે રમતગમતમાં દેશભરમાં પ્રથમ ક્રમાંકે રહેલું પંજાબ આજે ગંભીર સંકટમાં છે. જાલંધરની અકાદમીઓ અને સંસારપુર જેવા નાના ગામોમાંથી ઓલિમ્પિક અને હોકી ટીમના ખેલાડીઓ બહાર આવતા હતા, પરંતુ આજે દરેક ઘર સુધી ડ્રગ્સ પહોંચી ગયું છે.

# પિતાના અવસાનના 4 જ દિવસમાં મેસી મેદાન પર ઉતર્યો ભાંગી પડેલા દિલ સાથે

(એજન્સી) મિયામી । તા. 14

વિશ્વના મહાનતમ ફૂટબોલર લિયોનેલ મેસીના માથા પરથી પિતાનો સાયો છીનવાઈ ગયાના માત્ર ૪ દિવસના ટૂંકા ગાળામાં જ તેણે ફરી એકવાર ફૂટબોલના મેદાન પર વાપસી કરી છે. પિતાના અવસાનના આઘાતથી ભાંગી પડેલા મેસીના ચહેરા પર ઉદાસી અને આંખોમાં પિતાને ગુમાવવાનું દર્દ સ્પષ્ટપણે જોઈ શકાતું હતું. ઉલ્લેખનીય છે કે, તેના પિતા જોર્જ મેસીનું ૬૮ વર્ષની વયે લાંબી બીમારી બાદ અર્જેન્ટિનાના રોસારિયો શહેરમાં નિધન થયું હતું. તેઓ માત્ર મેસીના પિતા જ નહીં, પરંતુ તેના કરિયરના લાંબા સમય સુધી એજન્ટ અને બિઝનેસ મેનેજર પણ રહ્યા હતા.

પિતા જોર્જ મેસીના અવસાનના સમાચાર મળ્યા બાદ મેસી ફૂટબોલથી દૂર થઈ ગયા હતા અને ઈન્ટર મિયામી ક્લબે પણ પોતાના કેપ્ટનને આ માનસિક આઘાતમાંથી બહાર આવવા માટે બ્રેક આપ્યો હતો. એવી અટકળો ચાલતી હતી કે તે લાંબો સમય રમતથી દૂર રહેશે, પરંતુ



અર્જેન્ટિનિયન સુપરસ્ટારે બુધવારે મિયામી ખાતે ચોંકાવનારી વાપસી કરી હતી. લિઓન સામે ઈન્ટર મિયામીની લીગ્સ કપ મેચમાં મેસી બીજા હાફમાં સબ્સ્ટિટ્યૂટ તરીકે મેદાનમાં ઉતર્યો હતો. જ્યારે મેસી મેચમાં સામેલ થવા માટે ટચલાઈન તરફ આગળ વધ્યો, ત્યારે સ્ટેડિયમમાં ઉપસ્થિત પ્રેક્ષકોએ જોરદાર તાળીઓના ગડગડાટ સાથે તેને ભાવભીની શ્રદ્ધાંજલિ આપી હતી.

પિતાના નિધન બાદ સોશિયલ મીડિયા પર ભાવુક પોસ્ટ લખતાં મેસીએ પોતાના દિલનું દર્દ વ્યક્ત કર્યું હતું. તેણે લખ્યું હતું કે, "મને નથી ખબર કે તમારા વગર હું શું કરીશ. મને નથી સમજાતું કે આગળ કેવી રીતે વધવું. મેં માત્ર ફૂટબોલ જ રમ્યું છે, અને હવે મને ભારે શંકા છે કે હું તેને વધુ સમય સુધી રમી શકીશ કે નહીં. તમે એક પિતા, મિત્ર અને પ્રતિનિધિ હતા. તમે હંમેશાં સાચા રહ્યા. તમારી ખૂબ યાદ આવશે, ભગવાન તમારા આત્માને શાંતિ આપે અને ઉપરથી પણ અમારું ધ્યાન રાખજો. પપ્પા, હું તમને ખૂબ પ્રેમ કરું છું."

મેસીની મેદાન પર વાપસી એવા સમયે થઈ જ્યારે ઈન્ટર મિયામી ક્લબ મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહી હતી. મેસીની ગેરહાજરીમાં અગાઉ ક્લબને મોન્ટેરી સામે ૨-૧ થી હારનો સામનો કરવો પડ્યો હતો. આથી લીગ્સ કપના અંતિમ ગ્રુપ-સ્ટેજ મેચમાં લિઓન સામે જીતવું મિયામી માટે અત્યંત જરૂરી હતું. આ મેચમાં મેસીને શરૂઆતમાં બેંચ પર રાખવામાં આવ્યા હતા અને હાફ-ટાઈમ પછી મેદાન પર ઉતારવામાં આવ્યા હતા. જોકે, તેમની વાપસી છતાં ઈન્ટર મિયામીનો પરાજય થયો હતો.

# નિહાલ સરીન અને અર્જુન એરિગૈસી ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યા

### 14.3 કરોડ રૂપિયાના ઈનામી પૂલ માટે મુકાબલો



(એજન્સી) પેરિસ । તા. 14

'ઈસ્પોર્ટ્સ વર્લ્ડ કપ (EWC) ૨૦૨૬' ની ચેસ સ્પર્ધામાં ભારતીય ગ્રાન્ડમાસ્ટર્સ નિહાલ સરીન અને અર્જુન એરિગૈસીએ શાનદાર વાપસી કરતા લોઅર બ્રેકેટ (LB) માંથી ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. S8UL ઈસ્પોર્ટ્સના નિહાલ સરીન અને જાન.જી ઈસ્પોર્ટ્સના અર્જુન એરિગૈસી હવે ૧૪ ઓગસ્ટના રોજ રમાનારી ક્વાર્ટર ફાઈનલમાં ભારતનું નેતૃત્વ કરશે. બંને ખેલાડીઓ ૧.૫ મિલિયન ડોલર (અંદાજે રૂ. ૧૪.૩ કરોડ) ના વિશાળ ઈનામી પૂલ અને ટ્રોફી માટે દાવેદારી નોંધાવશે.

નિહાલ સરીને દિવસની શરૂઆત ટીમ નેમેસિસના વઇ યી સામેની મુશ્કેલ મેચથી કરી હતી. પ્રારંભિક બંને મેચ ડ્રો રહ્યા બાદ, નિહાલે આર્માગેડન ટાઈબ્રેકરમાં ધૈર્ય જાળવી રાખીને જીત મેળવી હતી. ત્યારબાદ તેણે વેઈબો ગેમિંગના જેન-ક્રિસ્ટોફ ડુડાને હરાવીને પ્લેઓફમાં જગ્યા બનાવી હતી. વિજય બાદ નિહાલે જણાવ્યું હતું કે, "ટોપ-૮ માં સ્થાન મેળવીને હું ખૂબ જ ખુશ છું. આ ફોર્મેટ ખૂબ જ ટૂંકું છે, તેથી શરૂઆતથી જ તીક્ષ્ણ રહેવું જરૂરી છે."

બીજી તરફ, S8UL ના પ્રણેશ એમ. એ બેન્જામિન બોક સામે આર્માગેડનમાં બ્લેક મોહરાં સાથે રમીને ડ્રો મેળવીને આગળના રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. જોકે, ત્યારબાદ ઓલ-ઈન્ડિયન ડેસિડર મેચમાં અર્જુન એરિગૈસીએ પ્રણેશને ૨-૦ થી પરાજય આપીને ક્વાર્ટર ફાઈનલમાં પોતાની જગ્યા પાકી કરી હતી. અર્જુને કહ્યું કે, "ગયા વર્ષે હું ચોથા ક્રમે રહ્યો હતો, આ વખતે અલીરેઝા અને મેગ્નસ કાર્લસન જેવા મજબૂત ખેલાડીઓ સામે રમવું સરળ નહીં હોય, પરંતુ હું મારું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન આપવા પર ધ્યાન આપીશ." હવે ક્વાર્ટર ફાઈનલ પ્લેઓફમાં નિહાલ સરીન અને અર્જુન એરિગૈસી ઉપરાંત ગત ચેમ્પિયન મેગ્નસ કાર્લસન, અલીરેઝા ફિરોઝ્ઝા, હિકારુ નાકામુરા અને નોદિરબેક અબ્દુસત્તોરોવ જેવા દિગ્ગજો સામસામે હશે. ક્વાર્ટર ફાઈનલ મુકાબલા ૪ ગેમ્સના રહેશે, જ્યારે સેમિફાઈનલ ૬ ગેમ્સની અને ગ્રાન્ડ ફાઈનલ બેસ્ટ-ઓફ-થ્રી સેટ્સ ફોર્મેટમાં રમાશે.

### ભારતીય હોકી ટીમ અને સુકાની હરમનપ્રીત સિંહના વખાણ

# આ મારો છેલ્લો વર્લ્ડ કપ હોઈ શકે છે મનપ્રીત સિંહનું નિવેદન

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

ભારતીય પુરુષ હોકી ટીમના અનુભવી મિડફિલ્ડર મનપ્રીત સિંહે જણાવ્યું છે કે આગામી 'FIH હોકી મેન્સ વર્લ્ડ કપ ૨૦૨૬' તેમની વૈશ્વિક કારકિર્દીનો છેલ્લો વર્લ્ડ કપ બની શકે છે. જિયોસ્ટાર સાથેની ખાસ મુલાકાતમાં મનપ્રીતે કહ્યું કે, આ તેમનો ચોથો વર્લ્ડ કપ છે અને તેથી આ ટૂર્નામેન્ટ તેમના માટે અત્યંત ખાસ છે. ભારતીય ટીમે ઓલિમ્પિક્સમાં બે વાર સતત મેડલ જીત્યા છે, પરંતુ હોકી વર્લ્ડ કપનો મેડલ હજુ પણ બાકી છે, જે સ્વપ્ન પૂરું કરવા તેઓ પૂરા માનસિક સમર્પણ સાથે મેદાનમાં ઉતરશે.



ભારતીય ટીમે છેલ્લે ૧૯૭૫ માં પાકિસ્તાનને ફાઈનલમાં ૨-૧ થી હરાવીને હોકી વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો હતો. ત્યારબાદ છેલ્લા ૫૦ વર્ષથી ભારત વર્લ્ડ કપ ટ્રોફી જીતી શક્યું નથી. મનપ્રીતે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, "અમે જે મેળવી શક્યા નથી તે હાસિલ કરવા હું દ્રઢ નિશ્ચયી છું. ટીમ પાસે અનુભવ અને ગુણવત્તા બંને છે. ઓલિમ્પિક બ્રોન્ઝ મેડલ, એશિયા કપ અને એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી જીત્યા બાદ હવે અમારું લક્ષ્ય વિશ્વકપમાં સુવર્ણચંદ્રક જીતવાનું છે." ટીમના સુકાની હરમનપ્રીત સિંહની પ્રશંસા કરતા મનપ્રીતે જણાવ્યું હતું કે, હરમનપ્રીત એક અસાધારણ કેપ્ટન છે જે આગળ રહીને ટીમનું નેતૃત્વ કરે છે.

# ઈગા સ્વિયાતેકે કેનેડિયન ઓપન ફાઈનલમાં રાયબાકીનાને હરાવી 2026નું પ્રથમ ટાઈટલ જીત્યું

(એજન્સી) ટોરોન્ટો । તા. 14

પોલેન્ડની ૬ વખતની ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન ઈગા સ્વિયાતેકે શાનદાર પ્રદર્શન કરતા વિશ્વની બીજા નંબરની ખેલાડી એલેના રાયબાકીનાને ૬-૨, ૬-૩ થી પરાજય આપીને કેનેડિયન ઓપનની ફાઈનલ જીતી લીધી છે. આ વિજય સાથે જ સ્વિયાતેકે ૨૦૨૬ ની સિઝનનું પોતાનું પ્રથમ ટાઈટલ પોતાના નામે કર્યું છે. ગુરુવારે ટોરોન્ટો ખાતે રમાયેલી આ ફાઈનલ મેચમાં પોલિશ સ્ટાર ખેલાડીએ શરૂઆતથી જ આક્રમક રમત દાખવી માત્ર ૭૫ મિનિટમાં જ મેચ જીતી લીધી હતી.

પેરિસ ૨૦૨૪ ઓલિમ્પિક્સમાં બ્રોન્ઝ મેડલ જીતનારી અને વિશ્વમાં ૮મો ક્રમાંક ધરાવતી ઈગા સ્વિયાતેકે ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયન રાયબાકીના સામે પ્રથમ સેટમાં બંને બ્રેક પોઈન્ટ સરળતાથી વટાવ્યા હતા. બીજા સેટમાં પણ પોતાની સર્વિસ પર સંપૂર્ણ નિયંત્રણ રાખીને તેણે બે બ્રેક પોઈન્ટ મેળવ્યા હતા. આ વિજય સાથે જ રાયબાકીના સામે તેના હેડ-ટુ-હેડ રેકોર્ડમાં પણ ૭-૬ ની સરસાઈ મેળવી લીધી છે અને અગાઉના સતત બે પરાજયનો બદલો લીધો છે. કેનેડિયન ઓપન જીતવાની સાથે જ ઈગા સ્વિયાતેકે કારકિર્દીનું ૧૨મું WTA 1000



ટાઈટલ મેળવ્યું છે. આ સાથે જ તેણે આર્યના સબાલેન્કા (૧૧ ટાઈટલ) ને પાછળ છોડી દીધી છે અને ૨૦૦૯ માં ફોર્મેટની શરૂઆત પછી સૌથી વધુ ટાઈટલ જીતવાના મામલે બીજા નંબરે પહોંચી ગઈ છે. હવે તે માત્ર સેરિના વિલિયમ્સ (૧૩ ટાઈટલ) થી પાછળ છે. સ્વિયાતેકની WTA ફાઈનલ્સમાં જીતની ટકાવારી ૨૬-૫ થઈ ગઈ છે, જે ૧૯૯૦ પછી ૨૦ કે તેથી વધુ ફાઈનલ રમનાર કોઈપણ ખેલાડીમાં સર્વશ્રેષ્ઠ છે. વિજય બાદ ભાવુક થયેલી સ્વિયાતેકે જણાવ્યું હતું કે, "હું આ ટાઈટલ એ તમામ લોકોને સમર્પિત કરવા માંગુ છું જેઓ અન્યાયી આલોચના, જજમેન્ટ અને નફરતનો સામનો કરી રહ્યા છે.

### દુબઈમાં એશિયા કપ ટાઈટલ ડિફેન્ડ કરશે શ્રીલંકા

# શ્રીલંકાએ એશિયા કપ માટે 15 સભ્યોની ટીમ જાહેર કરી



(એજન્સી) કોલંબો । તા. 14

શ્રીલંકન ક્રિકેટ બોર્ડે દુબઈ ખાતે યોજાનારા વિમેન્સ એશિયા કપમાં પોતાના ખિતાબનું રક્ષણ કરવા માટે ૧૫ સભ્યોની મજબૂત મહિલા ટીમની જાહેરાત કરી છે. આઈસીસીના અહેવાલ મુજબ, આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રભાવશાળી દેખાવ કરનાર અનુભવી ઓલરાઉન્ડર ચમારી અટાપટ્ટુ ટીમનું સુકાન સંભાળવાનું ચાલુ રાખશે, જ્યારે હર્ષિતા સમરવિક્રમાને ટીમની વાઈસ કેપ્ટન બનાવવામાં આવી છે. શ્રીલંકાની ટીમ ૨૯ ઓગસ્ટના રોજ યુનાઈટેડ આરબ અમીરાત (UAE) સામે પોતાની પ્રથમ મેચ રમીને એશિયા કપ મિશનનો પ્રારંભ કરશે.

જમણા હાથની ફાસ્ટ બોલર મિથાલી અયોધ્યાની ટીમમાં વાપસી થઈ છે. મહિલા ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને તેણે ૪ વિકેટ ઝડપી હતી અને ટીમની બીજી સૌથી સફળ બોલર રહી હતી. આ ઉપરાંત ઓલરાઉન્ડર અને લેગ-સ્પિનર દેવમી વિહંગાને પ્રથમ વાર T20I ટીમમાં સ્થાન મળ્યું છે. બોલિંગ આક્રમણને વધુ મજબૂત કરવા માટે ચેતના વિમુક્તિને પણ ફરીથી ટીમમાં સામેલ કરવામાં આવી છે.

## જવાબદારી // ભારતીય ક્રિકેટમાં નવી જવાબદારીઓ અને સપ્ટેમ્બરમાં નિર્ણય

# BCCI માં ધરખમ ફેરફારની તૈયારી VVS લક્ષ્મણને નવી જવાબદારી

(એજન્સી)મુંબઈ। તા. 14

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) માં વહીવટી અને ક્રિકેટિંગ સ્તરે મોટા ફેરફારોની ચર્ચાઓએ જોર પકડ્યું છે. અહેવાલો મુજબ, પૂર્વ દિગ્ગજ બેટ્સમેન અને હાલમાં BCCI સેન્ટર ઓફ એક્સિલન્સ (CoE) ના વડા વીવીએસ લક્ષ્મણને બોર્ડમાં એક અત્યંત મહત્વપૂર્ણ અને નવી ભૂમિકા 'ડાયરેક્ટર ઓફ ક્રિકેટ' તરીકે સોંપવામાં આવી શકે છે. જો આ પ્રસ્તાવને મંજૂરી મળે છે, તો લક્ષ્મણનું કાર્યક્ષેત્ર માત્ર CoE પૂરતું મર્યાદિત નહીં રહેતા, સમગ્ર ભારતીય ક્રિકેટની વિવિધ પાંખો વચ્ચે સેતુ સમાન બનશે.

વીવીએસ લક્ષ્મણ લાંબા સમયથી ભારતીય ક્રિકેટના પાયાના કામ સાથે જોડાયેલા છે. તેઓ ખાસ કરીને યુવા ખેલાડીઓના વિકાસ અને હાઈ-પરફોર્મન્સ પ્રોગ્રામ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. મુખ્ય કોચ ગૌતમ ગંભીરે પણ અગાઉ લક્ષ્મણના યોગદાનની પ્રશંસા કરતા CoE ને 'ભારતીય ક્રિકેટની પાઈપલાઈન' ગણાવી હતી.



લક્ષ્મણનો બહોળો અનુભવ તેમને આ વ્યાપક ભૂમિકા માટે સૌથી મજબૂત ઉમેદવાર બનાવે છે.

જો આ પદની રચના કરવામાં આવે છે, તો લક્ષ્મણની જવાબદારીઓ ખૂબ જ વિસ્તૃત હશે:

સંકલન: ટીમ ઈન્ડિયા, પસંદગી સમિતિ, કોચિંગ સ્ટાફ અને ખેલાડી વિકાસ પ્રોગ્રામ વચ્ચે સુમેળ સાધવો.

નવા ટેલેન્ટની શોધ: પ્રતિભાશાળી ખેલાડીઓની ઓળખ અને તેમના સતત વિકાસ માટેની વ્યૂહરચના તૈયાર કરવી.

વ્યૂહાત્મક આયોજન: હાઈ-પરફોર્મન્સ પ્લાનિંગ દ્વારા ભારતીય ક્રિકેટની ભવિષ્યની દિશા નક્કી કરવી.

આ પદ માત્ર વહીવટી નહીં હોય, પરંતુ તે ભારતીય ક્રિકેટમાં યુવા ખેલાડીઓથી લઈને સીનિયર ટીમ સુધીના તમામ સ્તરે મોટો પ્રભાવ પાડી શકે છે.

### સપ્ટેમ્બર મહિનો શા માટે છે ખાસ?

BCCI માટે સપ્ટેમ્બર મહિનો મહત્વનો છે, કારણ કે આ સમયગાળામાં બોર્ડના મહત્વના હોદ્દાઓ અને સિસ્ટમમાં બદલાવ અંગે નિર્ણયો લેવાઈ શકે છે. ખાસ કરીને ચીફ સિલેક્ટર અજીત અગરકરના કાર્યકાળને લઈને પણ ચર્ચાઓ ચાલી રહી છે, જેના પર ૨૦૨૭ વનડે વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવાઈ શકે છે. અગાઉ ૨૦૨૪ માં રાહુલ દ્રવિડ પછી હેડ કોચ બનવાની તક હોવા છતાં લક્ષ્મણે CoE માં કામ ચાલુ રાખવાનું પસંદ કર્યું હતું. મીડિયા અહેવાલ અને સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, જો તેમને 'ડાયરેક્ટર ઓફ ક્રિકેટ'ની જવાબદારી મળે છે, તો તે તેમના કાર્યનું એક મોટું અને વિસ્તૃત સ્વરૂપ હશે, જેની સત્તાવાર જાહેરાત સપ્ટેમ્બરમાં થવાની શક્યતા છે.

### 135મા ડ્યુરેન્ડ કપમાં ગ્રુપ-ઈ માં ટોચનું સ્થાન મેળવ્યું

# શિલોંગ લાજોંગ FCA ડ્યુરેન્ડ કપ ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો રોમાંચક ડ્રો બાદ

(એજન્સી) શિલોંગ । તા. 14

મેઘાલયના જવાહરલાલ નેહરુ સ્ટેડિયમ ખાતે ગુરુવારે રમાયેલી ૧૩૫મા ડ્યુરેન્ડ કપના ગ્રુપ-ઈ ની હાઈ-વોલ્ટેજ મેચમાં શિલોંગ લાજોંગ એફસીએ લેંગ્સનિંગ એફસી સામે ૩-૩ થી રોમાંચક ડ્રો રમીને ક્વાર્ટર ફાઈનલમાં પોતાની જગ્યા પાકી કરી લીધી છે. આ ડ્રો બાદ શિલોંગ લાજોંગ એફસી ૭ પોઈન્ટ સાથે પોતાના ગ્રુપમાં ટોચના સ્થાને રહી હતી, જ્યારે લેંગ્સનિંગ એફસી ૫ પોઈન્ટ સાથે બીજા સ્થાને રહીને ટૂર્નામેન્ટમાંથી બહાર ફેંકાઈ ગઈ હતી.

### જોઆઓ જોટાના બે શાનદાર ગોલ અને લેંગ્સનિંગની વાપસી

શિલોંગ લાજોંગ માટે બ્રાઝિલિયન સ્ટાર જોઆઓ વિટોર ડિ પૌલા મોરાઈસ (જોટા) એ મેચની ૨૬મી અને ૩૦મી મિનિટમાં બે ગોલ કરીને ટીમને ૨-૦ ની પ્રારંભિક લીડ અપાવી હતી. જોકે, લેંગ્સનિંગ એફસીએ જબરદસ્ત વાપસી કરતા ૪૯મી મિનિટે કાયરમેન્સખેમ મુખિમ અને ૬૩મી મિનિટે વડાજીએદ કિંસાઈ રિંગખલેમના હેડર ગોલની મદદથી સ્કોર ૨-૨ થી



સરભર કર્યો હતો.

ઈંજુરી ટાઈમમાં સૈયદ અહેમદનો ડ્રામેટિક ગોલ

મેચના અંતિમ તબક્કામાં ૮૩મી મિનિટે શિલોંગ લાજોંગના કેપ્ટન કેનસ્ટાર ખારશોંગના પાસ પર એવરબ્રાઈટન સનાએ હેડર દ્વારા ગોલ કરીને ટીમને ૩-૨ થી આગળ કરી દીધી હતી. પરંતુ લેંગ્સનિંગે હાર ન માનતા સેકન્ડ હાફના ઈંજુરી ટાઈમની પહેલી જ મિનિટે (૯૧મી મિનિટે) સૈયદ અહેમદના ક્રોસ પર કરેલા હેડર ગોલથી મેચ ૩-૩ થી ડ્રો કરી દીધી હતી. આ મેચ પૂરી થતાં જ દર્શકોમાં ભારે રોમાંચ જોવા મળ્યો હતો.

### ડ્રોન ટેરિફથી ચીનને ઝટકો, ભારતીય કંપનીઓ માટે નવી તકો

# અમેરિકાના ડ્રોન ટેરિફથી ચીનને મોટો આઘાત

(એજન્સી) વાશિંગ્ટન । તા. 14

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રીય સુરક્ષાને મજબૂત કરવા અને વિદેશી નિર્ભરતા ઘટાડવાના હેતુથી વિદેશી ડ્રોન અને તેના સ્પેરપાર્ટ્સ પર સો ટકા સુધીનો જંગી ટેરિફ ઝીંકવાની સત્તાવાર જાહેરાત કરી દીધી છે, જે આગામી ત્રીજી સપ્ટેમ્બરથી દેશભરમાં કડકપણે અમલમાં આવશે.

આ નવા આદેશ હેઠળ પચ્ચીસ કિલોગ્રામથી વધુ વજન ધરાવતા તેમજ થર્મલ ઈમેજિંગ જેવી સંવેદનશીલ ટેકનોલોજી યુક્ત ડ્રોન પર પૂરા સો ટકા આયાત કર લાદવામાં આવશે, જ્યારે સામાન્ય અને નાના કદના ડ્રોન પર પચીસ ટકા ટેરિફ વસૂલવામાં આવશે. આ કડક પગલાં પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય અમેરિકી બજારમાં વિદેશી ઉત્પાદનોના પ્રભુત્વને અંકુશમાં લેવાનો છે.



આ આંતરરાષ્ટ્રીય નીતિગત ફેરફારથી ડ્રોન બજારમાં ચીનની પકડ એકદમ નબળી પડી જશે. હાલના સમયમાં અમેરિકાના વ્યાપારી ડ્રોન માર્કેટમાં અંદાજે એંસી ટકા જેટલો મોટો હિસ્સો ચીની ઉત્પાદનોનો છે. વિશેષ કરીને ચીનની અગ્રણી કંપની 'ડીજેઆઈ' વૈશ્વિક બજારમાં મોટો દબદબો ધરાવે છે, જેને આ નવા ટેરિફના કારણે કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન વેઠવું પડી શકે છે. અમેરિકા પોતાની આંતરિક સુરક્ષા અને સાયબર જોખમોને ધ્યાનમાં રાખીને વિદેશી સપ્લાય ચેઈન પરનો આધાર ઘટાડવા માટે સતત આક્રમક નિર્ણયો લઈ રહ્યું છે. આનાથી સ્થાનિક સ્તરે અમેરિકી ઉત્પાદકોને પ્રોત્સાહન મળશે પરંતુ આયાતકારો માટે મુશ્કેલીઓ વધી જશે.

### ભારતીય ડ્રોન ઉદ્યોગ માટે સુવર્ણ તક

અમેરિકાના આ કડક નિર્ણયની અસર ભારતની કેટલીક નિકાસકાર કંપનીઓ પર પણ થોડી માત્રામાં પડશે, કારણ કે નાના ડ્રોન પર પચીસ ટકા ટેરિફ લાગુ થશે. જોકે, નિષ્ણાતોનું માનવું છે કે ચીન સામે લદાયેલા ભારે પ્રતિબંધો ભારતીય ઉત્પાદકો માટે વૈશ્વિક બજારમાં આગળ વધવાના અનુકૂળ દરવાજા ખોલી નાખશે. અમેરિકન બજારમાં ચીની ડ્રોનનું વેચાણ ઘટવાથી ભારતની અગ્રેસર કંપનીઓ જેવી કે 'આઈડિયાફોર્જ', 'ડ્રોનાચાર્ય' અને 'ગરૂડા એરોસ્પેસ' જેવી સ્વદેશી કંપનીઓ માટે અમેરિકામાં પોતાનો પગપેસારો કરવાની અને નિકાસ અનેકગણી વધારવાની ઉત્તમ તકોનું નિર્માણ થયું છે.

### સિંધુ જળ મુદ્દે ગરમાયું રાજકારણ

# ભારત સામે પાકિસ્તાન વડાપ્રધાનની ફરી યુદ્ધ ધમકી



(એજન્સી) ઇસ્લામાબાદ । તા. 14

પાકિસ્તાનના સ્વતંત્રતા દિવસ નિમિત્તે આયોજિત એક કાર્યક્રમ દરમિયાન પાકિસ્તાની નેતૃત્વ દ્વારા ભારત સામે ફરી એકવાર અત્યંત આક્રમક અને ઉશ્કેરણીજનક ઝેર ઓકવામાં આવ્યું છે. ઈસ્લામાબાદ ખાતે યોજાયેલા વિશેષ સંબોધનમાં સિંધુ જળ સંધિનો મુદ્દો ઉઠાવીને ભારતને સીધી લશ્કરી કાર્યવાહી અને યુદ્ધની ખુલ્લી ધમકી આપવામાં આવી છે. પાકિસ્તાની વડાપ્રધાને દાવો કર્યો છે કે તેમના દેશ તરફ આવતા પાણીનું એક-એક ટીંપું તેમની આખરી મર્યાદા છે અને જો ભારતે પોતાનું કડક વલણ પાછું ન ખેંચ્યું તો તેનો વળતો આક્રમક જવાબ આપવામાં આવશે.

### સિંધુ જળ સંધિ અને સરહદી પરિસ્થિતિનો સંદર્ભ

બે પડોશી દેશો વચ્ચે છેલ્લા કેટલાક સમયથી સંબંધો અત્યંત વણસેલા રહ્યા છે. ભૂતકાળમાં સર્જાયેલી સુરક્ષા વિષયક ઘટનાઓના પરિણામે બંને દેશો વચ્ચે રાજદ્વારી અને સરહદી તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે.

ગયા વર્ષે એપ્રિલ ૨૦૨૫માં પહલગામ ખાતે થયેલા કાયરતાપૂર્ણ આતંકવાદી હુમલા બાદ ભારતે આકરા પગલાં ભરતાં ઐતિહાસિક સિંધુ જળ સંધિને સ્થગિત કરી દીધી હતી. આ કડક નિર્ણય બાદથી જ પાકિસ્તાની શાસકો ભારે અકળામણ અનુભવી રહ્યા છે. ત્યારબાદ મે ૨૦૨૫ દરમિયાન ભારતીય સૈન્ય દ્વારા સીમાપાર આતંકવાદી ઠેકાણાઓ પર કરવામાં આવેલા ઓપરેશન સિંદૂરથી પાકિસ્તાનને ભારે સૈન્ય અને વ્યૂહાત્મક નુકસાન વેઠવું પડ્યું હતું. આ ઐતિહાસિક સૈન્ય સંઘર્ષનો ઉલ્લેખ કરીને ફરી એકવાર જૂના જખમો તાજા કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.ઈસ્લામાબાદમાં આયોજિત સભાને સંબોધતા પાકિસ્તાની શાસકે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમના દેશની શાંતિપ્રિયતાને કોઈએ તેમની નબળાઈ ગણવાની ભૂલ કરવી જોઈએ નહીં.

મીડિયા અહેવાલ મુજબ, પાકિસ્તાની નેતાએ પોતાના સંબોધનમાં ખુલ્લેઆમ ચેતવણી આપતાં કહ્યું હતું કે જો ભવિષ્યમાં તેમની પ્રાદેશિક અખંડિતતા કે સાર્વભૌમત્વ પર કોઈ સંકટ ઊભું થશે, તો તેઓ મે ૨૦૨૫ના સંઘર્ષ કરતાં પણ વધુ ભયાનક અને તાકાતવર લશ્કરી બળથી જવાબ આપશે. જોકે, ઈતિહાસ સાક્ષી છે કે તે સમયે થયેલા ભારે નુકસાન બાદ પાકિસ્તાનને યુદ્ધવિરામ માટે વિનંતીઓ કરવાની ફરજ પડી હતી. પાકિસ્તાની નેતૃત્વ દ્વારા રજૂ કરવામાં આવેલા સૈન્ય અને રાજદ્વારી દાવોઓનું આંકડાકીય અને વ્યૂહાત્મક વિશ્લેષણ નીચે મુજબ છે: સિંધુ જળ સંધિ

પાણીનું દરેક ટીંપું રેડ લાઇન

તંકવાદ બંધ થાય ત્યાં સુધી સંધિ સ્થગિત લશ્કરી ગઠબંધન

ચીન, તૂર્કિયે અને સાઉદી અરેબિયા ભારત પોતાની સરહદો સુરક્ષિત રાખવા સક્ષમ સીઝફાયર સ્થિતિ સૈન્ય તાકાત બતાવ્યાનો દાવો

આંતરરાષ્ટ્રીય દબાણ બાદ પાકિસ્તાને માંગેલો વિરામ ઉપરોક્ત સરખામણી પરથી સ્પષ્ટ થાય છે કે પોતાના દેશની અંતરિક નિષ્ફળતાઓ અને આર્થિક કટોકટીમાંથી પ્રજાનું ધ્યાન ભટકાવવા માટે જ પાકિસ્તાની શાસકો ભારત વિરોધી નિવેદનબાજીનો આશરો લઈ રહ્યા છે. વૈશ્વિક મધ્યસ્થતાના દાવા અને આંતરરાષ્ટ્રીય રાજનીતિ

સંબોધન દરમિયાન પાકિસ્તાની વડાપ્રધાને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો વિશેષ આભાર માન્યો હતો.

## ન્યૂઝ બ્રીફ

### ઈરાનના પ્રમુખ પેઝેશ્કિયાન બ્રિક્સ સમિટ માટે દિલ્હી આવશે સપ્ટેમ્બરમાં

નવી દિલ્હી | ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન આગામી સપ્ટેમ્બર મહિનામાં રાષ્ટ્રીય રાજધાની નવી દિલ્હી ખાતે યોજાનારી ૧૮મી 'બ્રિક્સ સમિટ' (BRICS Summit) માં ભાગ લેવા માટે ભારતની મુલાકાતે આવશે. ઈરાની સરકારી સૂત્રો દ્વારા શુક્રવારે આ અંગેની પુષ્ટિ કરવામાં આવી છે. ભારત ૨૦૨૬ ના વર્ષ માટે બ્રિક્સની અધ્યક્ષતા કરી રહ્યું છે અને આ વર્ષની થીમ "રેઝિલિયન્સ, ઈનોવેશન, કોઓપરેશન એન્ડ સ્ટેનિબિલિટી" (મજબૂતી, નવીનતા, સહયોગ અને સ્થિરતા) રાખવામાં આવી છે. ઈરાન ૨૦૨૪ માં બ્રિક્સનું સત્તાવાર પૂર્ણકાલીન સભ્ય બન્યા બાદ પ્રમુખ પેઝેશ્કિયાનની આ ભારત મુલાકાત અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. આ અગાઉ જૂન મહિનામાં ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી બ્રિક્સ વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેવા દિલ્હી આવ્યા હતા. તે સમયે તેમણે ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી હતી અને સ્પષ્ટ કર્યું હતું કે પશ્ચિમ એશિયામાં વધી રહેલા સૈન્ય તણાવ અને

### બ્રિટનમાં રેકોર્ડબ્રેક તાપમાનની ભીતિ, યુરોપમાં કાળઝાળ ગરમી અને આગનું સંકટ

# પશ્ચિમ યુરોપમાં કાળઝાળ હીટવેવ 2026થી જનજીવન અસ્તવ્યસ્ત

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

સમગ્ર પશ્ચિમ યુરોપમાં ગરમીનો નવો ભયાનક રાઉન્ડ શરૂ થતાં ભારે કટોકટી સર્જાઈ છે, જેમાં બ્રિટન સહિત અનેક દેશોમાં તાપમાનના જૂના રેકોર્ડ તૂટી જવાની ગંભીર ભીતિ સેવાઈ રહી છે. હવામાન વિભાગે દક્ષિણ અને મધ્ય વિસ્તારો માટે સત્તાવાર ચેતવણી જાહેર કરી દીધી છે, કારણ કે પારો ૩૮ ડિગ્રી સેલ્સિયસને પાર કરી જાય તેવી પૂરેપૂરી શક્યતા છે. કાળઝાળ ગરમીના કારણે જંગલોમાં ભીષણ આગ લાગવાના બનાવો વધી રહ્યા છે અને પાણીની તીવ્ર અછત સર્જાતાં તંત્ર દ્વારા તાત્કાલિક કડક પગલાં ભરવાની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.આગામી દિવસોમાં ગરમીનો પારો આકાશે આંબવાની શક્યતાને પગલે સમગ્ર દેશમાં રેડ એલર્ટ જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે. મધ્ય ઈંગ્લેન્ડ અને દક્ષિણ-પૂર્વ ઈંગ્લેન્ડના મોટાભાગના વિસ્તારોમાં લૂના ભારે પવનો ફૂંકાઈ રહ્યા છે.આ વર્ષે ઓગસ્ટ મહિનામાં આકરી ગરમીએ લોકોનું જીવવું મુશ્કેલ બનાવી દીધું છે. અગાઉ વર્ષ ૨૦૦૩માં ઓગસ્ટ માસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૮.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે અત્યાર સુધીનો સૌથી મોટો રેકોર્ડ ગણાતો હતો. જોકે, વર્તમાન પરિસ્થિતિને જોતાં આ ઐતિહાસિક રેકોર્ડ તૂટી જવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. લંડન અને આસપાસના વિસ્તારોમાં વહેલી સવારથી જ અસહ્ય બળતરા અને ગરમીનો અનુભવ થઈ રહ્યો છે, જેના કારણે સામાન્ય જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે.પશ્ચિમ યુરોપના દેશોમાં આ વર્ષે ગરમીએ વિષમ પરિસ્થિતિ સર્જી છે. માત્ર બ્રિટન જ નહીં પરંતુ ફ્રાન્સ, ગ્રીસ, સ્પેન અને જર્મની જેવા વિકસિત દેશો પણ આ કુદરતી આપદા સામે ઝૂકી ગયા



હોય તેમ લાગી રહ્યું છે.સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, યુરોપિયન દેશોમાં સામાન્ય રીતે હવામાન આહલાદક અને ઠંડું રહેતું હોવાથી ઘરોની બનાવટ તે મુજબની હોય છે. ભારત જેવા ગરમ દેશોની સરખામણીએ યુરોપના મોટાભાગના રહેણાંક મકાનોમાં એર કન્ડીશનર (એસી) કે કૂલિંગના સાધનો લગાવવામાં આવતા નથી. મોટાભાગના ઘરોમાં માત્ર હીટિંગ સિસ્ટમ હોય છે. ઓફિસો અને મોટા શોપિંગ મોલ સિવાય સામાન્ય ઘરોમાં એસીનો અભાવ હોવાથી લોકો માટે ઘરમાં રહેવું પણ અત્યંત મુશ્કેલ અને અસહ્ય બની ગયું છે.ગરમીના આ ભયાનક સ્પેલના કારણે હોસ્પિટલોમાં પણ સ્થિતિ વણસી રહી છે. તબીબી ક્ષેત્ર સાથે જોડાયેલા વરિષ્ઠ પ્રતિનિધિઓના જણાવ્યા અનુસાર, હોસ્પિટલોમાં સતત દોડધામ વચ્ચે તબીબો અને નર્સિંગ સ્ટાફ માટે કામ કરવું અત્યંત કપરું બન્યું છે. અસહ્ય ગરમી અને શેકવાના કારણે સેવા દરમિયાન જ કેટલીક નર્સો ચક્કર આવીને ઢળી પડી હોવાના બનાવો પણ સામે આવ્યા છે. દર્દીઓની સાથે સાથે આરોગ્ય કર્મચારીઓ પણ ડિહાઈડ્રેશન અને ગરમી સંબંધિત બીમારીઓનો ભોગ બની રહ્યા છે.ગરમીના કારણે સમગ્ર વિસ્તારમાં સુકાભઠ્ઠ વાતાવરણ સર્જાયું છે, જેના લીધે દક્ષિણ બ્રિટનના જંગલોમાં ભીષણ આગ લાગવાના બનાવોમાં કુદકે ને ભૂસકે વધારો થયો છે.જંગલોમાં આગ લાગવાની ઘટનાઓ પર કાબૂ મેળવવા માટે ફાયર બ્રિગેડની ટુકડીઓ દિવસ-રાત મથામણ કરી રહી છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન કાર્યાલય દ્વારા નાગરિકોને ખુલ્લામાં ભઠ્ઠીઓ ન ચલાવવા અને આગ

# પંજાબના માનનીય રાજ્યપાલ અને ચંદીગઢ કેન્દ્રશાસિત પ્રદેશના પ્રશાસક શ્રી ગુલાબ ચંદ કટારિયાનો સ્વતંત્રતા દિવસ 2026 નિમિત્તે જનતાને સંદેશ

પંજાબના મારા પ્રિય લોકો,

ભારતની સ્વતંત્રતાની 79મી વર્ષગાંઠ પર આપ સૌને હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ.

આ પવિત્ર દિવસ દરેક ભારતીય માટે ગર્વ, કૃતજ્ઞતા, આત્મનિરીક્ષણ અને નવા સંકલ્પનો પ્રસંગ છે. આજે, જ્યારે આપણો પ્રિય ત્રિરંગો આકાશમાં ગર્વથી લહેરાતો હોય છે, ત્યારે આપણા હૃદય અસંખ્ય જાણીતા અને અજાણ્યા સ્વાતંત્ર્ય સેનાનીઓ પ્રત્યે શ્રદ્ધાથી ભરાઈ જાય છે જેમણે ભારત માતાની સ્વતંત્રતા માટે પોતાનું સર્વસ્વ બલિદાન આપ્યું હતું. હું તે બધા મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓ, ક્રાંતિકારીઓ અને શહીદોને મારી આદરપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું, જેમના બલિદાન અને સમર્પણથી આપણે સ્વતંત્ર ભારતમાં ગૌરવ અને આત્મસન્માન સાથે જીવી શક્યા છીએ.હું રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર, નેતાજી સુભાષચંદ્ર બોઝ, સરદાર વલ્લભભાઈ પટેલ, લોકમાન્ય બાલ ગંગાધર તિલક અને ભારતની સ્વતંત્રતા સુરક્ષિત કરવા માટે પોતાનું સર્વસ્વ બલિદાન આપનારા લાખો સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.હું આપણા સશસ્ત્ર દળો, અર્ધલશ્કરી દળો અને પોલીસના બહાદુર સૈનિકોને પણ સલામ કરું છું જેઓ દેશની સરહદો અને આંતરિક સુરક્ષાનું રક્ષણ કરવા માટે દિવસ-રાત સમર્પિત છે. ખાસ કરીને, રાષ્ટ્રની રક્ષામાં પોતાના પ્રિયજનોનું બલિદાન આપનારાઓના પરિવારો પ્રત્યે હું ઊંડો કૃતજ્ઞતા વ્યક્ત કરું છું.આ વર્ષના સ્વતંત્રતા દિવસની થીમ 'સ્વતંત્રતાનું સન્માન, ભવિષ્યને પ્રેરણા' છે. આનો અર્થ એ છે કે, એક તરફ, આપણે આપણા અમર શહીદોના મહાન બલિદાનને શ્રદ્ધાંજલિ આપીએ છીએ, અને બીજી તરફ, આવનારી પેઢીઓ માટે મજબૂત અને વિકસિત ભારતનો પાયો નાખવા માટે તેમનામાંથી પ્રેરણા મેળવીએ છીએ.

પંજાબના પ્રિય લોકો,

ભારતના સ્વતંત્રતા સંગ્રામની વાર્તા પંજાબના યોગદાન વિના પૂર્ણ થઈ શકતી નથી. આ પવિત્ર ભૂમિએ લાલા લજપત રાય, શહીદ-એ-આઝમ ભગતસિંહ, શહીદ ઉધમસિંહ, કરતારસિંહ સરાભા અને અસંખ્ય બહાદુર સપૂતોને જન્મ આપ્યો છે જેમણે પોતાની માતૃભૂમિની સ્વતંત્રતાને પોતાના જીવ કરતાં પણ વધુ મહત્વ આપ્યું હતું.ગદર ચળવળની ક્રાંતિકારી ભાવના હોય, જલિયાંવાલા બાગનું અમર બલિદાન હોય, કે પછી સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન પંજાબના ગામડાઓ અને શહેરોમાંથી ઉઠતો દેશભક્તિનો અવાજ હોય, આ ભૂમિએ સ્વતંત્રતાની શોધમાં ક્યારેય પાછળ વળીને જોયું નથી.હું પંજાબનો રાજ્યપાલ બનવા માટે પોતાને ખૂબ જ ભાગ્યશાળી માનું છું, એક એવું રાજ્ય જેનો આત્મા બહાદુરી, સેવા, કઠોર પરિશ્રમ અને માનવતાથી રંગાયેલો છે.આ તે ભૂમિ છે જ્યાં શ્રી ગુરુ નાનક દેવજીએ 'કિરાત કરો, નામ જપો, વંદ છકો' દ્વારા માનવતા અને સેવાનો અમર સંદેશ અને 'પવન ગુરુ, પાણી પિતા, માતા ધરતી મહત' દ્વારા પ્રકૃતિ પ્રત્યેના પ્રેમનો અમર સંદેશ આપ્યો હતો. અને આ એ ભૂમિ છે જ્યાં શ્રી ગુરુ ગોવિંદ સિંહજીએ ધર્મ અને રાષ્ટ્ર માટે પોતાના સમગ્ર પરિવારનું બલિદાન આપ્યું, અને 'સર્બન્સદાની' તરીકે ઓળખાવાથી વિશ્વને બલિદાનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું.

મહિલાઓ અને સજ્જનો,

પંજાબીઓએ માત્ર સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન જ નહીં પરંતુ સ્વતંત્રતા પછી પણ દેશની એકતા, અખંડિતતા અને સાર્વભૌમત્વનું રક્ષણ કરવામાં અજોડ હિંમત અને સમર્પણ દર્શાવ્યું છે. 1965 અને 1971 ના યુદ્ધો હોય, 1999 ના કારગિલ સંઘર્ષ હોય, કે પછી સર્જિકલ સ્ટ્રાઈક અને તાજેતરના ઓપરેશન સિંદૂર જેવા સાહસિક ઓપરેશનો હોય જેણે રાષ્ટ્રીય સુરક્ષા સુનિશ્ચિત કરી હોય, પંજાબના બહાદુર પુત્રોએ હંમેશા માતૃભૂમિના રક્ષણમાં અગ્રણી ભૂમિકા ભજવી છે.

આઝાદી પછી પણ, જ્યારે દેશ ખાદ્ય સુરક્ષાના ગંભીર પડકારનો સામનો કરી રહ્યો હતો, ત્યારે પણ પંજાબે અનુકરણીય બહાદુરીથી પોતાની જવાબદારી નિભાવી. હરિયાળી ક્રાંતિ દ્વારા, આપણા મહેનતુ ખેડૂતોએ ભારતને ખાદ્ય અનાજમાં આત્મનિર્ભર બનાવવામાં ઐતિહાસિક યોગદાન આપ્યું. આજે, જેમ જેમ આપણે 'વિકસિત ભારત' તરફ આગળ વધી રહ્યા છીએ, તેમ તેમ આપણે આધુનિક કૃષિ, પાક વૈવિધ્યકરણ અને પાણી સંરક્ષણ અપનાવીને પંજાબની ભવ્ય કૃષિ પરંપરાને વધુ મજબૂત બનાવવી જોઈએ.

બહેનો અને સજ્જનો,

સ્વતંત્રતાની 79મી વર્ષગાંઠ પર, આપણે આપણા ભવ્ય ભૂતકાળમાંથી પ્રેરણા લેવી જોઈએ અને આપણી વર્તમાન સિદ્ધિઓ અને ભવિષ્યની દિશા પર ચિંતન કરવું જોઈએ. મને ખુશી છે કે પંજાબ વિકાસ, સામાજિક ન્યાય, કૃષિ સમૃદ્ધિ, ગુણવત્તાયુક્ત શિક્ષણ, સુધારેલ આરોગ્યસંભાળ, રોજગાર, મહિલા સશક્તિકરણ અને આધુનિક માળખાગત સુવિધાઓ તરફ સતત આગળ વધી રહ્યું છે. વર્ષ 2026 પંજાબમાં મહિલાઓના આર્થિક સશક્તિકરણ માટે એક મહત્વપૂર્ણ વર્ષ બની રહ્યું છે. રાજ્ય સરકારની 'માવન-ધ્યાન સત્કાર યોજના' હેઠળ, અત્યાર સુધીમાં 7.459 મિલિયન મહિલાઓની નોંધણી થઈ છે, અને 6.562 મિલિયન મહિલાઓને કુલ 2,274 કરોડથી વધુનું માનદ વેતન આપવામાં આવ્યું છે. વધુમાં, 'મેરી રસોઈ' યોજના હેઠળ આશરે 4 મિલિયન જરૂરિયાતમંદ પરિવારોને ઘઉં, કઠોળ, ખાંડ, મીઠું, હળદર અને સરસવના તેલવાળી રાશન કીટ પૂરી પાડવામાં આવી રહી છે.

યુવાનો માટે રોજગારની તકો વધારવા માટે, યોગ્યતા અને પારદર્શિતાના આધારે 69,000 થી વધુ સરકારી નોકરીઓ આપવામાં આવી છે.

પંજાબ શિક્ષણ ક્ષેત્રે પણ નવા સીમાચિહ્નો હાંસલ કરી રહ્યું છે. ૨૦૨૬ માં, સરકારી શાળાઓના ૮૮૨ વિદ્યાર્થીઓએ NEET, ૩૬૧ JEE Mains અને ૬૪ JEE Advanced પરીક્ષા પાસ કરી. હું મારા યુવા મિત્રોને કહેવા માંગુ છું કે, 'મોટા સપના જુઓ, પરંતુ તેમને પ્રાપ્ત કરવા માટે, શિસ્ત, સખત મહેનત અને દૃઢ નિશ્ચયને તમારા સાથી બનાવો.'

આરોગ્ય ક્ષેત્રમાં, 'મુખ્યમંત્રી આરોગ્ય યોજના' હેઠળ, ૨૯૧,૦૦૦ દર્દીઓએ આશરે ૧,૪૪૦ મિલિયનની કેશલેસ સારવાર મેળવી છે. રાજ્યભરમાં ૧,૦૯૦ આમ આદમી ક્લિનિક્સ સેવાઓ પૂરી પાડી રહ્યા છે અને હવે તેમાં શામેલ છે

અત્યાર સુધીમાં 59.4 મિલિયનથી વધુ દર્દીઓની મુલાકાત નોંધાઈ છે. અમારું લક્ષ્ય દરેક નાગરિક માટે ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળની સરળ સુલભતા સુનિશ્ચિત કરવાનું હોવું જોઈએ.

આ ઉપરાંત, મહાન સંત શ્રી ગુરુ રવિદાસ જી મહારાજની 650મી જન્મજયંતિ પૂર્ણ ભક્તિ અને આદર સાથે ઉજવવામાં આવી રહી છે.

